# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 103 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ ચૈત્ર વદ - ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 1 May 2024, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૧ મે ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ ૬ ૭ ૮ ૯ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ટી-૨૦ વર્લ્ડ કપ માટેની ભારતીય ટીમ જાહેર


magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road,
Opp. Matunga Central Railway Station,
Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.

ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 65,160/-
PER 10 GRAMS OF
22KT BIS HALLMARKED
JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS




**ટી-૨૦ના ખેલાડીઓ**

(એકદમ ઉપર પ્રથમ રો, ડાબેથી) રોહિત શર્મા, હાર્દિક પંડ્યા, વિરાટ કોહલી, રિષભ પંત અને સંજુ સૅમસન. (બીજી રો, ડાબેથી) યશસ્વી જયસ્વાલ, શિવમ દુબે, રવીન્દ્ર જાડેજા, સૂર્યકુમાર યાદવ અને અક્ષર પટેલ. (ત્રીજી રો, ડાબેથી) કુલદીપ યાદવ, અર્શદીપ સિંહ, મોહમ્મદ સિરાજ, જસપ્રીત બુમરાહ તથા યુઝવેન્દ્ર ચહલ. (સૌથી નીચલી રો, ડાબેથી) શુભમન ગિલ, ખલીલ અહમદ, આવેશ ખાન અને રિન્કુ સિંહ. (પીટીઆઇ)

## રોહિત શર્મા કેપ્ટન, હાર્દિક પંડ્યા વાઈસ કેપ્ટન

નવી દિલ્હીઃ પહેલી જૂનથી અમેરિકા અને વેસ્ટ ઇન્ડિઝમાં ટી-૨૦ વર્લ્ડ કપ શરૂ થશે અને એ માટે ભારતે ૧૫ ખેલાડીઓની ટીમ જાહેર કરી છે. રોહિત શર્મા ટીમનો કૅપ્ટન અને હાર્દિક પંડ્યા વાઇસ-કૅપ્ટન છે. ટીમમાં કોઈ નવા ચહેરાનો સમાવેશ નથી કરાયો એટલે આશ્ચર્ય જેવું કંઈ નથી, પરંતુ વિકેટકીપર-બૅટર કેએલ રાહુલની બાદબાકી થોડી નવાઈ પમાડે એવી છે. વિકેટકીપર-બૅટર સંજુ સૅમસન તથા લેગ-સ્પિનર યુઝવેન્દ્ર ચહલનો સમાવેશ તેના ચાહકોને આનંદ અપાવી શકે. ચહલ ભારત વતી છેલ્લે ઑગસ્ટ ૨૦૨૩માં રમ્યો હતો. ટીમના બીજા મુખ્ય સ્પિનર્સમાં રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ અને રિસ્ટ-સ્પિનર કુલદીપ યાદવનો સમાવેશ છે.

મિડલ ઑર્ડરના હાર્ડ-હિટર અને પેસ બોલર શિવમ દુબેનો પણ સમાવેશ કરાયો છે. દુબેને સામેલ કરાશે તો હાર્દિકનું પત્તું કપાઈ શકે એવી ઘણાની અટકળો હતી, પરંતુ હાર્દિક ૧૫ ખેલાડીઓની ટીમમાં છે જ અને ઉપ-કપ્તાન છે. ખરેખર તો હાર્દિકને વાઇસ-કૅપ્ટનના પદે જાળવી રાખવામાં આવ્યો છે. ૧૫માંથી નવ પ્લેયર એવા છે જેઓ ૨૦૨૨ના ટી-૨૦ વર્લ્ડ કપની ટીમમાં પણ હતા.

પ્રથમ વિકેટકીપર-બૅટર તરીકે રિષભ પંતને સામેલ કરાયો છે. તે ભારત વતી ડિસેમ્બર, ૨૦૨૨ પછી ફરી રમતો જોવા મળશે.

સંજુ સૅમસન ટીમનો બીજો વિકેટકીપર-બૅટર છે. તેનો આ પ્રથમ વર્લ્ડ કપ છે. ૨૦૨૨માં દિનેશ કાર્તિકનું સિલેક્શન થતાં સૅમસનને નહોતું રમવા મળ્યું.

કેએલ રાહુલ પણ વર્લ્ડ કપની ટીમ માટે દાવેદાર હતો, પરંતુ તેને તેમ જ દિનેશ કાર્તિક, જિતેશ શર્મા અને ઇશાન કિશનને સ્થાન નથી અપાયું.

ભારતનો સમાવેશ ગ્રૂપ 'એ'માં છે જેમાં પાકિસ્તાન, કૅનેડા, આયરલૅન્ડ અને અમેરિકા પણ છે. સોમવારે અમદાવાદમાં બીસીસીઆઇના સેક્રેટરી જય શાહ અને ચીફ સિલેક્ટર અજિત આગરકર વચ્ચે મીટિંગ થઈ હતી અને ત્યાર બાદ ટીમની જાહેરાત કરાઈ છે. યશસ્વી જયસ્વાલ (જુઓ પાનું ૨) ▶▶

## છત્તીસગઢમાં દસ નક્સલવાદી ઠાર

નારાયણપુરઃ છત્તીસગઢના કાન્કેર જિલ્લા અને નારાયણપુરના સરહદી વિસ્તારમાં આવેલા જંગલમાં સોમવારે રાતથી સુરક્ષા અધિકારીઓ સાથે શરૂ થયેલા ઍન્કાઉન્ટરમાં ત્રણ મહિલા સહિત દસ નક્સલવાદી ઠાર મરાયા હોવાનું પોલીસે કહ્યું હતું. છેલ્લાં બે અઠવાડિયા દરમિયાન સુરક્ષા દળને મળેલી આ બીજી મોટી સફળતા હતી.

છેલ્લાં ૧૫ દિવસમાં સુરક્ષા દળ દ્વારા નક્સલવાદીઓ પર કરવામાં આવેલો આ બીજો મોટો હુમલો હતો.

નક્સલવાદથી પ્રભાવિત અભૂજમાદ વિસ્તારના કાકૂર ગામ અને તેકમેટા વચ્ચે આવેલા જંગલમાં મંગળવારે વહેલી સવારે લગભગ છ વાગ્યે આ અથડામણ થઈ હતી. ડિસ્ટ્રીક્ટ રિઝર્વ ગાર્ડ (ડીઆરજી) અને સ્પેશિયલ ટાસ્ક ફૉર્સ (એસટીએફ)ની સંયુક્ત ટુકડી દ્વારા હાથ ધરવામાં આવેલા નક્સલવાદવિરોધી અભિયાન દરમિયાન આ અથડામણ થઈ હોવાનું વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું હતું.

સામસામા ગોળીબાર બંધ થયા બાદ ઘટનાસ્થળેથી ત્રણ મહિલા સહિત દસ નક્સલવાદીઓનાં મૃતદેહ કબજે કરવામાં આવ્યા હતા. એક (જુઓ પાનું ૨) ▶▶

## સેક્સ કૌભાંડ સંદર્ભે જનતા દળ(એસ)ના સાંસદ સસ્પેન્ડ

બેંગલૂરુઃ જનતા દળ (એસ)એ સેક્સ કૌભાંડમાં સંડોવાયેલા હોવાનું કહેવાતા હસન બેઠક પરના પોતાના પક્ષના સાંસદ પ્રજ્વલ રેવન્નાને મંગળવારે સસ્પેન્ડ કર્યા હતા. જનતા દળ (એસ)ની પ્રવર સમિતિએ હુબલીની બેઠકમાં સાંસદ પ્રજ્વલ રેવન્નાને સસ્પેન્ડ કરવાની ભલામણ કરી તેની થોડી મિનિટમાં જ પક્ષે સંબંધિત જાહેરાત કરી હતી. સસ્પેન્શન ઑર્ડરમાં જણાવાયું હતું કે હસન બેઠક પરના અમારા પક્ષના સાંસદ પ્રજ્વલ રેવન્ના મહિલાઓની સતામણી કરતા હોય એવી વીડિયો ક્લિપિંગ્સ સોશિયલ મીડિયા પર ફેલાઇ છે અને તેથી જનતા દળ (એસ) મુશ્કેલીમાં મુકાયું છે.

ભૂતપૂર્વ વડા પ્રધાન અને જનતા દળ (એસ)ના રાષ્ટ્રીય સ્તરના પ્રમુખ એચ. ડી. દેવગોવડા સાંસદ પ્રજ્વલ રેવન્નાના દાદા છે.

સાંસદ પ્રજ્વલ રેવન્નાના સસ્પેન્શન ઑર્ડર પર પક્ષના મહામંત્રી કે. આર. શિવકુમારની સહી હતી. સાંસદ પ્રજ્વલ રેવન્ના ભાજપ અને જનતા દળ (એસ)ની યુતિના સંયુક્ત ઉમેદવાર હતા. જનતા દળ (એસ)ની પ્રવર સમિતિની બેઠકમાં પક્ષના પ્રમુખ એચ. ડી. કુમારસ્વામી પણ હાજર રહ્યા હતા. (એજન્સી)■

## કર્ણાટક સરકારે પગલાં લેવામાં શું કામ વિલંબ કર્યો?: ભાજપ

નવી દિલ્હીઃ ભાજપે જનતા દળ (એસ)ના સાંસદ પ્રજ્વલ રેવન્નાને સેક્સ કૌભાંડના સંદર્ભે સસ્પેન્ડ કરવાના નિર્ણયને આવકાર્યો હતો અને સવાલ કર્યો હતો કે કર્ણાટક સરકારે આ પ્રકરણમાં પગલાં લેવામાં વિલંબ શું કામ કર્યો?

કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ અને ભાજપના અન્ય અગ્રણી નેતાએ જણાવ્યું હતું કે ભાજપ ક્યારેય 'માતૃ અને નારીશક્તિ'નું અપમાન ચલાવી નહિ લે. અમારું આ કિસ્સામાં વલણ સ્પષ્ટ છે.

કેન્દ્રના ગૃહ પ્રધાને જણાવ્યું હતું કે કર્ણાટકમાં કૉંગ્રેસની સરકાર છે, તો પછી તેણે આ પ્રકરણમાં પગલાં વહેલાં શું કામ ન ભર્યાં. અમારી કેન્દ્ર સરકાર રાજ્યમાંની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે દર વખતે કાર્યવાહી કરી ન શકે.

કેન્દ્રના અન્ય પ્રધાન રાજીવ ચંદ્રશેખરે જણાવ્યું હતું કે અગાઉ સંદેશખાલી કેસ પણ બહુ ચગ્યો હતો. કૉંગ્રેસ ચૂંટણી ટાણે જ લોકોને ગેરમાર્ગે દોરવા અફવા ફેલાવે છે. (એજન્સી)■

## જમ્મુ કાશ્મીરમાં ભારે વરસાદનાં લીધે હાહાકારઃ પાંચનાં મૃત્યુ, ૩૫૦ પરિવારનું સ્થળાંતર

શ્રીનગરઃ જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત પડી રહેલા ભારે વરસાદને કારણે હાહાકાર મચી ગયો છે. અવિરત વરસાદના કારણે આવેલા પૂરમાં અત્યાર સુધીમાં ત્રણ કિશોર સહિત પાંચ લોકોના મોત થયા છે. પૂરને કારણે ઘણા પશુઓ મૃત્યુ પામ્યા છે અને અનેક ઘરોને નુકસાન થયું છે.

અધિકારીઓએ જણાવ્યું કે ૩૫૦ થી વધુ પરિવારોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે. સરકારે ઘાટીમાં શાળાઓ બંધ કરી દીધી છે અને કાશ્મીર યુનિવર્સિટીએ મંગળવારે લેવાનાર તમામ પરીક્ષાઓ મુલતવી રાખી છે. એક તરફ સતત પડી રહેલા વરસાદને લીધે આવેલા પુર અને સાથે જ ભૂસ્ખલનને કારણે કાશ્મીરમાં હાહાકાર મચવા પામ્યો (જુઓ પાનું ૨) ▶▶



**પૂરઃ** શ્રીનગરમાં ભારે વરસાદને કારણે ઝેલમ નદીના કાંઠે આવેલા અને પાણીમાં આંશિક રીતે ડૂબી ગયેલા હનુમાન મંદિરને નિહાળી રહેલો યુવાન. (એજન્સી)

### અમિત શાહનો નકલી વીડિયો

## જિજ્ઞેશ મેવાણીનો ભાઈ પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહપ્રધાન અને ગાંધીનગર લોકસભા ઉમેદવાર અમિત શાહનો એડિટેડ વીડિયો વાયરલ કરનાર સતીશ વણસોર, આર.બી. બારીયા સહિત બે શખ્સની અમદાવાદ સાઇબર ક્રાઇમે ધરપકડ કરી હતી. જ્યારે અન્ય એક યુવક કૉંગ્રેસ ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીનો પીએ હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. જોકે મેવાણીએ આ યુવક તેનો પીએ નહીં ભાઈ હોવાનું જણાવ્યું હતું.

સાઇબર ક્રાઈમ ડીસીપી લવીના સિન્હાએ જણાવ્યું હતું કે, આ બન્ને આરોપી પાલનપુર અને લીમખેડાની સભાના વીડિયો એડિટ કર્યા હતા. આ બન્ને આરોપી રાજકીય હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે આ વીડિયો ક્યાંથી લેવામાં આવ્યો અને કોણે એડિટ કર્યો તેની તપાસ કરી રહી છે. એડિટ કોણે કર્યો હતો તેની પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી છે. સતીશ વણસોલાએ ફેસબુક પ્રોફાઈલ પર શેર કર્યો હતો. આરબી બારીયાએ પણ ફેસબુક હેન્ડલ પરથી વીડિયો વાયરલ કરવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા ગુનો નોંધવામાં આવ્યો છે. વીડિયો (જુઓ પાનું ૨) ▶▶

## જસદણમાં ૪૦૦થી વધુ લોકોને થયું ફૂડ પોઈઝનિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના ગોખલાણા ગામે માતાજીના માંડવામાં પ્રસાદ લીધા બાદ 'ફૂડ પોઈઝનિંગ' અસર થઈ હતી. ૪૦૦થી વધુ લોકોને ફૂડ પોઈઝનિંગ થતા તપામને જણદણ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.

સૂત્રોના જણાવ્યા મુજબ જસદણ તાલુકાના ગોખલાણા સમસ્ત ગામ દ્વારા મેલડી માતાજીના માંડવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૦૦૦થી વધુ લોકો આવ્યા હતા. પ્રસાદ લીધા બાદ ૪૦૦થી વધુ લોકો સહિત બાળકો પણ સામેલ હતા. તમામને પ્રસાદ લીધા બાદ ઊલટી થવા (જુઓ પાનું ૨) ▶▶

## કોવિશિલ્ડ રસીને કારણે હૃદયરોગ અને અન્ય બીમારીઓ વધી

### એસ્ટ્રાઝેનેકા ફાર્માસ્યુટીકલે પહેલી વાર સ્વીકાર્યું

નવી દિલ્હીઃ કોરોનાની મહામારી બાદ રક્ષણ માટે લેવામાં આવેલી વેક્સિનને લીધે હૃદયરોગના હુમલાઓ અને અન્ય બીમારીઓ વધી ગઈ છે તેવી ફરિયાદો થતી હતી ત્યારે હવે વેક્સિન બનાવનારી કંપનીએ યુનાઈટેડ કિંગડમની કોર્ટમાં જે સ્વીકાર કર્યો છે. તેને ધ્યાનમાં રાખીને નિષ્ણાતોના જણાવ્યા અનુસાર નાગરિકોએ ચિંતા કરવાની જરૂર નથી.

એક અહેવાલ અનુસાર યુકેની પ્રખ્યાત ફાર્માસ્યુટિકલ કંપની એસ્ટ્રાઝેનેકાએ યુકેની કોર્ટમાં પ્રથમ વખત સ્વીકાર્યું છે કે તેની કોવિડ -૧૯ રસી લોકોમાં ટીટીએસજેવી આડઅસર કરી શકે છે. કંપનીએ સ્વીકાર્યું છે કે તેની કોવિડ-૧૯ રસી થ્રોમ્બોસિસ વિથ થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમ (ટીટીએસ) નામની આડઅસર પેદા કરી શકે છે તમને જણાવી દઈએ કે થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમના કારણે શરીરમાં લોહીના ગાંઠાનું નિર્માણ થઈ શકે છે જે સ્ટ્રોક અથવા કાર્ડિયાક અરેસ્ટ જેવી ઘટનાઓનું કારણ બને છે.

ગયા વર્ષે, જેમી સ્કોટ નામના વ્યક્તિએ એસ્ટ્રાઝેનેકા સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી કારણ કે તે લોહીના ગંઠાઈ જવાથી પીડાય છે. સ્કોટે માહિતી આપી છે કે એપ્રિલ ૨૦૨૧માં રસી લીધા પછી, તેના મગજમાં લોહીનો ગાંઠા થઈ ગયા હતા અને રક્તસ્રાવ શરૂ થયો, જેના કારણે મગજમાં કાયમી ઈજા થઈ અને તે કામ કરી શક્યો નહીં. મે ૨૦૨૩ માં, કંપનીએ કહ્યું કે તેઓ સ્વીકારતા નથી કે વેક્સિનને કારણ ટીટીએસની તકલીફ સામાન્ય રીતે ઊભી થઈ શકે.

એસ્ટ્રાઝેનેકાએ કોવિશિલ્ડ રસી બનાવવા માટે ઓક્સફર્ડ યુનિવર્સિટી સાથે સહયોગ કર્યો હતો. કંપની સામે હાલમાં થયેલા કે અનુસાર આ વેક્સિનના કારણે મૃત્યુ થયા છે અથવા તો તેમના આરોગ્યને ગંભીર અસર થઈ છે. કોર્ટમાં સબમિટ કરવામાં આવેલા કાનૂની દસ્તાવેજમાં, એસ્ટ્રાઝેનેકા ફાર્માસ્યુટિકલ કંપનીએ જણાવ્યું હતું કે તે માને છે કે રસી, ખૂબ (જુઓ પાનું ૨) ▶▶

## દ. ભારતમાં અભૂતપૂર્વ બેઠકો જીતવાનો ભાજપને વિશ્વાસ

નવી દિલ્હીઃ ભાજપે મંગળવારે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે અમે લોકસભાની ચૂંટણીમાં દક્ષિણ ભારતમાં અભૂતપૂર્વ બેઠકો જીતીશું. કૉંગ્રેસ પક્ષ અમારી અને અમારા નેતાઓની સામે જુઠ્ઠાણું ફેલાવી રહ્યો છે.

કેરળના તિરુવનંતપુરમની બેઠક પરથી કૉંગ્રેસના ઉમેદવાર શશી થરૂરની સામે ચૂંટણી લડી રહેલા ભાજપના નેતા અને કેન્દ્રના પ્રધાન રાજીવ ચંદ્રશેખરે જણાવ્યું હતું કે લોકસભાની ચૂંટણીની ચોથી જૂને મતગણતરી થશે, ત્યારે નવો ઇતિહાસ રચાશે. કેરળ અને તમિળનાડુમાં ભાજપનો દેખાવ ઘણો સારો (જુઓ પાનું ૨) ▶▶

## મણિપુર પોલીસ જ બંને કૂકી મહિલાને નગ્ન પરેડ કરાવનાર ટોળાં પાસે લઈ ગઈ હતીઃ સીબીઆઈ

નવી દિલ્હીઃ મણિપુર પોલીસ અધિકારીઓ જ કૂકી-ઝોમી સમુદાયની મહિલાને ૧૦૦૦ જેટલા મેઈતી રમખાણકારોનાં ટોળાં પાસે લઈ ગઈ હોવાનું સીબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલા આરોપનામામાં જણાવવામાં આવ્યું હતું. આ બે મહિલાએ પોલીસ અધિકારીઓની સત્તાવાર જિપ્સીમાં આશરો માગ્યો હતો. આરોપનામામાં જણાવ્યા અનુસાર રાજ્યમાં ચાલી રહેલી વંશીય હિંસા દરમિયાન આ બે મહિલા પર જાતિય હુમલો કરવામાં આવ્યો હતો અને તેમને નગ્ન કરી પરેડ કરાવવામાં આવી હતી. આ બે મહિલાઓમાંથી એક કારગિલ યુદ્ધમાં ભાગ લેનાર વરિષ્ઠ અધિકારીની પત્ની હતી. આ મહિલાએ પોતાને સુરક્ષિત સ્થળે લઈ જવાની પોલીસને આજીજી કરી હતી, પરંતુ તેમની પાસે વાહનની ચાવી ન હોવાનું પોલીસ અધિકારીએ મહિલાને કહ્યું હતું અને તેમને કોઈપણ પ્રકારની મદદ નહોતી કરી. ચાર મેએ વંશીય હિંસા ભડકી ઉઠ્યાના બે મહિના બાદ પુરુષોથી ઘેરાયેલી મહિલાઓ પાસે નગ્ન પરેડ કરાવવામાં આવી હોવાનું દર્શાવતો વીડિયો ગયા વર્ષના જુલાઈમાં વાઈરલ થયો હતો. (એજન્સી)■

## અત્યાર સુધીની ચૂંટણીમાં મોદીની ત્રીજી મુદતના સંકેતઃ યોગી આદિત્યનાથ

બહેરામપુર (પ. બંગાળ): ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે મંગળવારે ખાતરીપૂર્વક કહ્યું હતું કે લોકસભાની ચૂંટણીમાં અત્યાર સુધીમાં ૧૯૧ બેઠક પર મતદાન થયું છે જે ભાજપના વડપણ હેઠળની એનડીએ સરકાર ૪૦૦ કરતા વધુ બેઠક મેળવશે અને મોદીની ત્રીજી મુદતના સંકેત આપે છે.

ઉત્તરસ્થિત રાજ્યોમાં ઉત્તર પ્રદેશ મોદીને રાજ્યની તમામ ૮૦ બેઠક ભેટ આપશે એવો દાવો યોગીએ કર્યો હતો. લોકસભાની બહેરામપુર બેઠકના ભાજપના ઉમેદવાર નિર્મલકુમાર સહાના સમર્થનમાં યોજવામાં આવેલી એક રેલીને સંબોધ કરતા યોગીએ ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

લોકસભાની ૫૪૩ બેઠક માટે દેશમાં સાત તબક્કામાં ચૂંટણી યોજાવાની છે. ૧૯ અને ૨૬ એપ્રિલ એમ બે તબક્કાની ચૂંટણી યોજાઈ ગઈ છે. ત્રીજા તબક્કાની ચૂંટણી સાતમી મેએ યોજાશે.

તૃણમૂલ કૉંગ્રેસ પર પ્રહાર કરતા આદિત્યનાથે ખાતરી આપી હતી કે ભાજપ સંદેશખાલી હિંસાના કાવતરાંખોરોને પકડી પાડી તેમની વિરુદ્ધ કડક કાર્યવાહી કરશે. ઉત્તર પ્રદેશમાં જો આ પ્રકારની ઘટના બની હોત તો મેં કાવતરાંખોરોને એવો પાઠ ભણાવ્યો હોત કે તેની સાત પેઢીમાં કોઈ આ પ્રકારનું કૃત્ય કરવાની હિંમત ન કરત. (એજન્સી)■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ગુજરાતમાં કેમ આટલું બધું ડ્રગ્સ પકડાય છે?

**ગુજરાતમાં** લોકસભાની ચૂંટણીનો જંગ જામેલો છે તેથી એન્ટિ ટેરરિસ્ટ સ્ક્વોડ (એટીએસ) અને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો (એનસીબી)એ અરબી સમુદ્રમાંથી ૬૦૦ કરોડ રૂપિયાનું ૮૬ કિલો ડ્રગ્સ અને ૧૪ પાકિસ્તાનીને પણ ઝડપ્યાં તેની બહુ ચર્ચા થઈ નથી પણ ચૂંટણી જેટલો જ આ મુદ્દો મહત્ત્વનો છે. તેનું કારણ એ કે, ગુજરાતમાંથી છેલ્લાં કેટલાંક વરસોમાં સતત જંગી પ્રમાણમાં ડ્રગ્સ ઝડપાયા કરે છે. સાથે સાથે ગુજરાતમાં ડ્રગ્સ પ્રોસેસ કરવાનું નેટવર્ક સ્થપાયેલું હોવાના પુરાવા આપતા કેસ પણ બન્યા કરે છે.

હજુ બે દિવસ પહેલાં જ એટીએસ અને એનસીબીના જોઈન્ટ ઓપરેશનમાં ગુજરાત અને રાજસ્થાનમાંથી ડ્રગ્સ બનાવવાની ચાર ફેક્ટરી ઝડપાઈ હતી. તેના કારણે ગુજરાતને નવું ડ્રગ્સ હબ બનાવવાનો કારસો તો થઈ નથી રહ્યો ને એ સવાલ ઉઠી રહ્યો છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના તાલિબાનોના પાપે પંજાબ ડ્રગ્સનો અડ્ડો બની ગયું છે. ગુજરાતમાં પણ એ જ ખેલ કરવા માટે પાકિસ્તાન અને તાલિબાન સક્રિય તો નથી થયાં ને એ સવાલ ઉઠવો સ્વાભાવિક છે.

ગુજરાતમાં છેલ્લાં કેટલાંક વરસોમાં કેટલું ડ્રગ્સ ઝડપાયું તેના આંકડા બહુ ચોંકાવનારા છે. ગુજરાતના રાજ્ય કક્ષાના ગૃહ પ્રધાન હર્ષ સંઘવીએ ૨૦૨૪માં વિધાનસભાના બજેટ સત્રમાં માહિતી આપેલી કે, ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં ૫,૯૫૬ કરોડ રૂપિયાનું ડ્રગ્સ ઝડપાયું છે. આ સિવાય ગુજરાતમાં ૪,૪૭૮ કરોડ રૂપિયાનું ૮૫૮ કિલો ડ્રગ્સ દરિયામાંથી ઝડપાયું છે. તેમાં ૩૮ પાકિસ્તાની, પાંચ ઈરાની, ત્રણ અફઘાન અને બે નાઈજીરિયનની ધરપકડ કરાઈ છે. આ આંકડા ગંભીર છે પણ ગુજરાતમાં ડ્રગ્સનું નેટવર્ક કેવું ફેલાયલું છે તેનો અંદાજ આ આંકડા પરથી નહીં આવે.

ગુજરાતમાં છેલ્લા ૧૦ વર્ષમાં દર વર્ષે એકાદ વાર એવું બને છે કે, એક સાથે અબજોના ડ્રગ્સનો જથ્થો ઝડપાયો હોય. આ સિલસિલો છેક ૨૦૧૬થી ચાલે છે. ૨૦ ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ મુન્દ્રાના અદાણી પોર્ટ પરથી નીકળેલા જહાજમાંથી શ્રીલંકામાં ૮૦૦ કિલો કોકેઈન પકડાયું હતું અને આ કોકેઈનની કિંમત ૧,૨૦૦ કરોડ હતી. ગાંધીધામની ટિમ્બર પેઢીના નામનું આ કન્સાઈનમેન્ટ સાઉદી અરેબિયાથી ભારત આવ્યું હતું. ૨૦૧૭ના જુલાઈમાં બલુચિસ્તાનથી ગુજરાત આવવા નીકળેલા જહાજને આંતરીને કોસ્ટગાર્ડે તપાસ કરતાં જહાજમાંથી ૧,૫૦૦ કિલો હેરોઈન કોસ્ટગાર્ડના જવાનોને મળી આવ્યું હતું. ૨૦૧૮માં આઠ ડિસેમ્બરે ગુજરાત એટીએસની ટીમે સલાયા નજીક બોટને આંતરીને પાંચ શખસને પકડ્યા ત્યારે તેમની પાસેથી ૧૫ કરોડની કિંમતનું આઠ કિલો હેરોઈન જપ્ત કરાયું હતું. ૨૭ માર્ચ ૨૦૧૯ના દિવસે ગુજરાત એટીએસ અને કોસ્ટ ગાર્ડે પોરબંદર પાસે બોટ આંતરીને ૫૦૦ કરોડની કિંમતનું ડ્રગ્સ ઝડપેલું. ૧૦૦ કિલો હેરોઈન અને ૨૫ કરોડના એમડી ડ્રગ્સ સાથે ૧૧ આરોપી પકડાયા હતા. ૨૦૧૯ના મે મહિનામાં જખૌના દરિયા કિનારે અલ મદીના જહાજમાંથી ૨૮૦ કિલો ડ્રગ્સ સાથે છ પાકિસ્તાની નાગરિક ઝડપાયા હતા. ૨૦૨૦માં સુરત પાસેના હજીરા પોર્ટ પરથી ૧૨૦ કરોડની ડ્રગ્સ ટેબ્લેટ પકડાઈ હતી.

૨૦૨૧માં તો ડ્રગ્સ પકડાવાની એટલી બધી ઘટનાઓ બની કે સૌ હચમચી ગયેલા ને ગુજરાત ઉડતા ગુજરાત બની રહ્યું છે કે શું એવો સવાલ થયેલો. છઠ્ઠી જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ જખૌ પાસેથી ૧૭૫ કરોડની કિંમતના ૩૫ કિલો હેરોઈન સાથે છ આરોપી ઝડપાયેલા. એ પછી ૨૦૨૧ના એપ્રિલમાં મુન્દ્રા પોર્ટ નજીકથી આઠ પાકિસ્તાની ૩,૦૦૦ કરોડના હેરોઈન સાથે પકડાયા હતા. આ સાંભળીને જ ઘણા ગુજરાતીઓનાં હૃદય બેસી ગયેલાં ત્યાં સપ્ટેમ્બરમાં ૨૧ હજાર કરોડનું ડ્રગ્સ ઝડપાયું હતું. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ કચ્છના મુંદ્રા બંદરેથી હેરોઈનનાં બે તોતિંગ કન્ટેનરમાં લગભગ ત્રણ હજાર કિલો ડ્રગ્સની હતું. મુંદ્રા પોર્ટ પર અફઘાનિસ્તાનના કંદહારથી આ ડ્રગ્સ લવાયેલું. અફઘાનિસ્તાનની હસન હુસેન લિમિટેડ દ્વારા ભારતમાં મોકલાવાયેલું આ ડ્રગ્સ આંધ્ર પ્રદેશના વિજયવાડાની આશિ ટ્રેડિંગ કંપનીએ મંગાવેલું. ટેલ્કમ સ્ટોનની આયાતના નામે આ ડ્રગ્સ ભારતમાં ઘૂસાડાયેલું.

આ ઘટનાના બે મહિના પછી નવ નવેમ્બરે દેવભૂમિ દ્વારકાના સલાયામાંથી રૂપિયા ૩૫૦ કરોડની કિંમતનું ૬૩ કિલો ડ્રગ્સ ઝડપાયું હતું. આ ૬૬ કિલો ડ્રગ્સ વાડીનાર અને સલાયા એમ બે સ્થળેથી ઝડપાયું હતું. આ દાવાના ચાર મહિના પછી જ ૨૦૨૨ના એપ્રિલમાં પાછું ૧,૫૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાયેલું. આ ડ્રગ્સ ઇરાનથી આવ્યું હતું પણ કંડલાથી કોને મોકલવાનું હતું એ કદી ખબર જ ન પડી. છેલ્લે ૨૦૨૪ના ફેબ્રુઆરીમાં જ ૨,૦૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાયેલું.

ગુજરાતમાં ડ્રગ્સ પ્રોસેસ થાય છે તેના પુરાવા પણ મળેલા છે. કૉંગ્રેસ ને ભાજપ બંનેમાં રહી ચૂકેલા ભૂતપૂર્વ ધારાસભ્ય ભાવસિંહ રાઠોડનો દીકરો ભાવેશ ભરુચ પાસેની ફેક્ટરીમાં ડ્રગ્સ પ્રોસેસ કરતાં ઝડપાયેલો. અત્યારે જે ફેક્ટરીઓ ડ્રગ્સ પ્રોસેસ કરતાં ઝડપાઈ છે એ પણ એ જ ટાઈપની ફેક્ટરીઓ છે.

ગુજરાતમાંથી આટલા જંગી પ્રમાણમાં ડ્રગ્સ પકડાય છે એ જોતાં ડ્રગ્સનો કારોબાર બહુ મોટો છે એ કહેવાની જરૂર નથી પણ કમનસીબે ગુજરાતમાં ડ્રગ્સના નેટવર્કને નાથવા કશું કરાતું નથી એવું લાગે છે.

ગુજરાતમાં હજારો કરોડોનું ડ્રગ્સ શું કરવા લવાય તેનો જવાબ હજુ લગી મળ્યો નથી. સ્વાભાવિક રીતે જ મીઠાઈ બનાવવા તો ડ્રગ્સ નહીં જ લવાયું હોય. ભારતમાં વેચવા માટે કે પ્રોસેસ કરીને બીજું કંઈ કરવા માટે જ ડ્રગ્સ લવાયું હોય એ કહેવાની જરૂર નથી. આ બધું કરવા માટે બીજા માણસો હશે, એક નેટવર્ક હશે પણ એ નેટવર્કનો કદી પર્દાફાશ થતો નથી કે ફોલો-અપમાં કોઈ પકડાતું નથી. ડ્રગ્સનાં તોતિંગ કન્સાઈનમેન્ટ આવ્યા જ કરે છે ને ત્યારે ચર્ચા થાય છે પણ પછી આખી વાત ભૂલાઈ જાય છે.

આ સ્થિતિ બદલાવી જોઈએ કેમ કે ગુજરાત તો જમીન અને સમુદ્ર બંને સરહદે પાકિસ્તાન સાથે જોડાયેલું છે તેથી ગુજરાત પર બહુ મોટો ખતર છે. ગુજરાત પાસે દેશમાં સૌથી લાંબો દરિયા કિનારો છે અને આ દરિયાકિનારાનો ઉપયોગ ડ્રગ્સ લાવવા થઈ રહ્યો છે એ સ્પષ્ટ છે. હવે અફઘાનિસ્તાનમાં તાલિબાનની સત્તા છે અને તાલિબાન વિશ્વમાં ડ્રગ્સના સૌથી મોટા વેપારી છે. ભારત બહુ મોટો દેશ છે તેથી તાલિબન ભારતમાં ડ્રગ્સ ઘૂસાડવા મથે છે અને ગુજરાતમાં વાયા પાકિસ્તાન એ ડ્રગ્સ આવી જ રહ્યું છે.

ગુજરાતને કે ભારતને પણ ડ્રગ્સનું માર્કેટ ના બનવા દેવાય એ જોતાં ગુજરાતે જાગવું પડે, ડ્રગ્સના નેટવર્કને રફેદફે કરવા તેના પર તૂટી પડવું પડે. પંજાબની જેમ ઉડતા ગુજરાત ના બનવા દેવાય. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર ગ્રીષ્મઋતુ), બુધવાર, તા. ૧-૫-૨૦૨૪, મહારાષ્ટ્ર, ગુજરાત રાજ્ય સ્થાપના દિન.

- ભારતીય દિનાંક ૧૧, માહે વૈશાખ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ચૈત્ર વદ-૮
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ચૈત્ર, તિથિ વદ-૮
- પારસી શહેનશાહી રોજ ૨૦મો બહેરામ, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૨૦મો બહેરામ, માહે ૧૦મો દએ સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૧૨મો મોહોર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૨૧મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- મીસરી રોજ ૨૩મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- નક્ષત્ર શ્રવણ મધ્યરાત્રિ પછી ક. ૨૭-૧૦ (તા. ૨જી), પછી ધનિષ્ઠા. ● ચંદ્ર મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૬, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સાંજે ક. ૧૭-૪૫, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૪૨ (તા. ૨)
- ઓટઃ સવારે ક. ૧૦-૨૨ મધ્યરાત્રે ક. ૦૦-૨૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ - અષ્ટમી. મહારાષ્ટ્ર, ગુજરાત રાજ્ય સ્થાપના દિન. ગુરુ વૃષભમાં ક. ૧૨-૫૬.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મેનાં સંક્ષિપ્ત ગ્રહ દર્શનઃ આજનાં તા. ૧લી મેનાં ગ્રહના ઉદય અસ્તઃ ચંદ્ર ઉદયઃ મધ્યરાત્રે ક. ૦૧-૦૨, બપોરે ચંદ્ર અસ્તઃ ક. ૧૨-૧૬, બુધ ઉદયઃ ક.૦૫-૦૦, બુધ અસ્તઃ ક. ૧૭-૧૩, શુક્ર ઉદયઃ ક.૦૫-૪૪, અસ્તઃ ક.૧૮-૧૪, મંગળ ઉદયઃ ક. ૦૪-૦૪, અસ્તઃ ક.૧૬-૦૧, ગુરુ અસ્તઃ ક. ૧૯-૫૩, શનિ ઉદયઃ ક. ૦૩-૨૩, અસ્તઃ ક. ૧૫-૦૫, (તા. ૧લી મે સૂર્યોદયના સમયે મેષ રાશિ લગ્ન ઉદિત થાય છે.) સૂર્યાસ્તના સમયે તુલા રાશિ લગ્ન ઉદિત થાય છે.
- સૂર્ય ભરણી નક્ષત્રમાંથી તા. ૧૧મીએ કૃત્તિકા, તા. ૨૫ રોહિણી પ્રવેશ, સૂર્ય તા. ૨૪મીએ વૃષભ સંક્રમણ, મંગળ ઉત્તરાભાદ્રપદામાંથી તા. ૧૫મીએ રેવતી પ્રવેશ. મંગળ સમગ્ર માસમાં મીન રાશિમાં સમગતિએ માર્ગીભ્રમણ. બુધ રેવતીમાંથી તા. ૧૦મીએ અશ્વિની, તા. ૨૧મીએ ભરણી, તા. ૨૯મીએ કૃત્તિકા પ્રવેશ. બુધ મિશ્ર ગતિએ ભ્રમણ કરે છે. પ્રથમ મીન રાશિમાં રહી તા. ૧૦મીએ મેષમાં પ્રવેશ, ગુરુ વૃષભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. સમગ્ર માસમાં ગુરુ કૃત્તિકા નક્ષત્રમાં ભ્રમણ કરે છે. શુક્ર મેષમાંથી તા. ૧૯મીએ વૃષભમાં પ્રવેશે છે. અશ્વિની નક્ષત્રમાંથી તા. ૫મીએ શુક્ર ભરણી, તા. ૧૬મીએ કૃત્તિકા, તા. ૨૭મીએ રોહિણી પ્રવેશ કરે છે. શનિ માર્ગી ગતિએ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. શનિ, સમગ્ર માસમાં પૂર્વાભાદ્રપદા નક્ષત્રમાં માર્ગીભ્રમણ કરે છે.

મુહૂર્ત વિશેષઃ શિવ-પાર્વતી પૂજા, ચંદ્ર-બુધ ગ્રહદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજન, આંકડાના વૃક્ષનું પૂજન, દુર્ગા સપ્તસતી પાઠ હવન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વાહનસવારી, દુકાન, હજામત, માલ લેવો પ્રયાણ શુભ, બાળકને અન્નપ્રાશન, રાજ્યાભિષેક પાટ-અભિષેક પૂજા, વૃક્ષ વાવવા, આભૂષણ બનાવવા, પહેરવા, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું.

- આચમનઃ ચંદ્ર સૂર્ય ચતુષ્કોણ કાર્યક્ષેત્રે અપયશનો ભય
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર સૂર્ય ચતુષ્કોણ,
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-મીન, માર્ગી બુધ-મીન, ગુરુ-મેષ, શુક્ર-મેષ, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચ્યુન-મીન, પ્લુટો-મકર. ■

# પ્રજામત

## 'વિશ્વ મજદૂર દિવસ'

૧ મે એટલે વિશ્વ મજદૂર દિવસ, મહારાષ્ટ્ર કે ગુજરાત ડે. ખૂબ જ મહત્ત્વ દર્શાવે છે ૧ મે મજદૂર દિવસ... જે વિશ્વ મજદૂર દિવસ વિશ્વભરમાં ધામધૂમથી ઉજવાય છે. કોઈપણ કાર્યની ફળશ્રુતિ કે નિષ્ફળતા જે પણ પરિણામમય પ્રાપ્ત થાય તેમાં સમગ્ર કુ.ના માલિકો... પદાધિકારીઓ... કામ કરનારો વર્ગ તથા બધા જ લાગતાવળગતાઓ સંકળાયેલા હોય છે. સફળતા પ્રાપ્ત થવી તે એક ગૌરવ, સકારત્મક પરિણામ, મહેનત રંગ લાવી ધાર્યું પરિણામ મળ્યું જેમાં બધા જ પણ ખાસ કરીને મજદૂર વર્ગનો સિંહફાળો કદી નજર - અંદાજ... ઓછું આંકલન, ઓછું મહત્ત્વ આપી જ ન શકાય! જે કાંઈ કુ. કે સંસ્થાન હોય તેવી શાખ ઉજળી કરવામાં.. ગ્રાહકોનો અપ્રતિમ વિશ્વાસ... વિ. કાર્ય કરનારા સર્વેનું ટીમ વર્ગને આભરી છે. સાથી હાથ બઢાના... એક અકેલા થક જાયેગા... મીલકર બોજ ઉઠાના... ગાયનની પંકિતઓ 'નયા દૌર' હિન્દી ચિત્રપટમાં ઘણું ઘણું કહી જાય છે.

મહાત્મા ગાંધીજીની વિચારશૈલી મજદૂરો માટેની હતી કે જાણે આધુનિકરણ.. નવી શોધખોળો થાય... કામ ઝડપી બને... મશીનો કાર્યરત રહે કિન્તુ મજદૂરોની મજૂરી ઓછી ન થાય... તેમનો ફાળો અચૂક હોવો જ જોઈએ. ઓછા કરવાની નૌબત જ ન આવે એવી પ્રણાલી કાર્યમાં અપનાવવી જોઈએ કિન્તુ આજે વધુ ઝડપી... ઓછા ખર્ચે, કાર્યકરોની સંખ્યા ઘટાડવી... તે સમસ્યારૂપી બની ગઈ છે. રોજગાર તો ખૂલ્લા રહેવા જ જોઈઅ જેથી કામ કરવાને મજૂરી કરવાની તકો અપાર ખૂલ્લી મૂકાય જઈ... બેરોજગારી ન સર્જાય અને દેશ સ્વરોજગારીમય બની ઉન્નતિ, પ્રગતિ કરી પ્રજાની હાડમારી ઓછી કરે... બસ, આજના વિશ્વ મજૂર દિવસે સર્વોને અભિનંદન. સાથસાથ... ભવિષ્ય ઉજજવળતાપૂર્વક વીતે તેવી શુભેચ્છાઓ...

**શ્રી હર્ષદ દડિયા, ઘાટકોપર**

## પ્લાસ્ટિક ઝભલા થેલીનો વપરાશ યથાવત્

પ્લાસ્ટિક ઝબલા થેલીના વપરાશ માટે સરકારે નિયમો બનાવ્યા છે, પરંતુ ઉત્પાદન થાય છે. ત્યાં કડક કાર્યવાહી કરવામાં આવતી નથી. એટલે ઉત્પાદન થતું રહે છે. અને વપરાશ થતું રહે છે. શાકભાજીવાળા તેમ જ ફળફળાદિ અને કરિયાણાવાળા તેનો બેફામ ઉપયોગ કરી રહ્યાં છે. બીએમસીવાળા થોડા થોડા સમયે દેખાવ પૂરતું ચેકિંગ કરે છે. ત્યારે સમાચાર પત્રોમાં જાહેરાત કરવામાં આવે છે. અમુક સ્થળેથી આટલા કિલો પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું અને આટલા રૂપિયાનો દંડ ફટકાર્યો, પરંતુ તેથી કંઇ વળવાનું નથી. કાયદા નિયમો ફકત ને ફકત કાગળ ઉપર રહી જાય છે. અમલમાં આવતા નથી. કારણ કે દરેક જગ્યાએ ભ્રષ્ટાચાર વ્યાપી ગયેલ છે. હથેળી ગરમ કરો એટલે ઉત્પાદન થતું રહેશે અને વપરાશ ચાલુ રહેશે. કાયદો બનાવવામાં આવેલ ત્યારે ઘણા વેપારીઓને દંડ ફટકારવામાં આવેલ. તેમના રૂપિયા પાણીમાં ગયા. જે પકડાય તે ચોર બાકીના શાહુકાર કાયદો ઉત્પાદન ઉપર લાવવો જોઇએ અને ત્યાં કડક કાર્યવાહી થવી જોઇએ.

**પ્રવીણભાઇ આર. મહેતા, માટુંગા, સે. રે.**

## વૃક્ષો કપાતા ગરમીમાં અસહ્ય વધારો

હજુ ઉનાળાની શરૂઆત છે છતાં અસહ્ય ગરમી પડી રહી છે. અસહ્ય ગરમીનું મુખ્ય કારણ ઝડપથી ઘટતી જતી હરિયાળી અને વૃક્ષારોપણનું નહીંવત્ પ્રમાણ છે. માનવીઓના હાથે કપાતા જતાં જંગલો અને વાહનોના ઝેરી ધુમાડાથી પેદા થતું પ્રદૂષણ કાળઝાળ ગરમીનાં મુખ્ય પરિબળો છે. દરેક વ્યક્તિ માત્ર એક જ વૃક્ષ વાવે અને તેની યોગ્ય માવજત કરે તો આ સમસ્યાનો ઉકેલ આવી શકે તેમ છે. ભૂતકાળમાં બેંગલુરુ શહેરની મહાનગરપાલિકા દ્વારા વૃક્ષારોપણ ઉછેર કરનારને કરવેરામાંથી પાંચથી દસ ટકા રાહત આપવાનું પગલું લેવામાં આવ્યું હતું. મેમનગર ગ્રામ પંચાયત દ્વારા પણ ભૂતકાળમાં વૃક્ષારોપણ ઉછેરની ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. અન સૌથી વધુ વૃક્ષો ઉગાડે તેને પુરસ્કાર આપવાની યોજના અમલમાં મૂકી હતી. આવી વૃક્ષારોપણ ઉછેરની યોજના તમામ શહેરોની નગરપાલિકાઓ અને ગ્રામપંચાયતો દ્વારા અમલમાં મૂકવામાં આવે અને હરિયાળી વગરના બાંધકામ પર વધુ વેરો નાખવામાં આવે તો તેના ઉત્તમ પરિણામો પ્રાપ્ત થાય તેમ છે. ઔદ્યોગિક એકમોએ પણ સામાજિક જવાબદારી સમજીને વૃક્ષારોપણની કામગીરી ઉપાડી લેવાની તાતી જરૂર છે.

**મહેશ વી. વ્યાસ,પાલનપુર.**

## મતદાન-મહાદાન

અતિચર્ચિત ૨૦૨૪ની ચૂંટણીનો ઢંઢેરો પીટાઈ ગયો છે. તિથિઓ તય થઈ ચૂકી છે. પ્રચાર વેગવાન થઈ રહ્યો છે. પક્ષોના પરસ્પર આરોપો પ્રત્યારોપો પરાકાષ્ઠાએ છે. ઘણા નાગરિકો વિવિધ કારણોથી મતદાનથી વેગળા રહે છે. તેઓ ધારે છે કે મારા એક મતથી શું ફરક પડશે? આમાં તો અકબર બાદશાહની પ્રસિદ્ધિ કથા જેવું થાય. બાદશાહે આદેશ આપ્યો કે પ્રત્યેક ઘર કૂવામાં ૧૦ શેર દૂધ નાખી આવે. સઘળાઓએ વિચાર્યું કે બધા દૂધ નાખી આવશે તો હું એક પાણી નાખું તો શું ફરક પડશે? સઘળા પાણી નાખી આવ્યા. સવારે બાદશાહે પાણી જ પાણી જોયું. દરેક મતદાતા વિચારે કે મારા એક મતથી શું ફરક પડશે તો કોઈ મવાલી તેના સંસદ સભ્ય તરીકે શપથ ગ્રહણ કરે તો આશ્ચર્ય ન થાય!

ઘણા રાજકારણમાં પ્રવર્તતા ભ્રષ્ટાચારથી વ્યથિથ થઈ મતદાન કરતા નથી. તેઓએ જાણવું જોઈએ કે રાજકારણને ભ્રષ્ટમુક્ત કરવાનો માત્ર એક જ માર્ગ છે અને તે છે તેમનો મત. આપણો મત પ્રજાતંત્ર પ્રતિ આપણી નિષ્ઠા, આકાંક્ષા અને શ્રદ્ધાનાં પ્રતિક છે. મતદાન મત જ નહીં રાષ્ટ્રીય કર્તવ્ય છે. તેને માનવધર્મ પણ કહી શકાય કારણ કે યોગ્ય ઉમેદવારને મત પ્રદાન કરી તેને ચૂંટી કાઢી આપણી પર શાસન કરવાનો અધિકાર સુપ્રત કરીએ છીએ.

મતદાન પૂર્વે ઉમેદવારના ચરિત્ર, વિચારધારા, અભિગમ વગેરે સપાટીઓ પર ચકાસી લેવો જોઈએ. મતદાન દિને તમે રાષ્ટ્રના ભાગ્યવિધાતા છો. પછીના પાંચ વર્ષો તમારું ભાગ્ય કે દુર્ભાગ્ય રચાશે. પ્રજાતંત્રમાં દરેક વ્યક્તિના અભિપ્રાયનું મૂલ્ય છે. જાવેદ સાહેબનો એક શેર છે 'ગમહોતે હૈ જહાં જહાનત હોતી હૈ. દુનિયામે હર રાયકી કિમંત હોતી હૈ''. (જહાનત-સમજણ) સમજદારી હોય છે ત્યાં સંવેદના હોય છે. જગતમાં પ્રત્યેક વ્યક્તિના મંતવ્યનું મૂલ્ય હોય છે. આપનો મત અતિ મૂલ્યવાન છે.

**આબિદ લાખાણી, મુંબઈ-૫૦**

પત્ર મિત્રોને ખાસ સૂચના પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો.
E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. - તંત્રી

# આતંકવાદીઓને અમે ઘરમાં ઘૂસીને મારીએ છીએઃ મોદી

લાતુર/સોલાપુર/ધારાશિવઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે ભારપૂર્વક કહ્યું હતું કે તેમની સરકારે રાષ્ટ્રીય સુરક્ષાના નવા આક્રમક અભિગમ અપનાવ્યા છે અને હવે દેશમાં આતંકવાદીઓને તેમના ઘરમાં ઘૂસીને મારવામાં આવે છે, આ પહેલાં કૉંગ્રેસના શાસનકાળમાં ડોઝિયર (દસ્તાવેજી પુરાવા) મોકલવાની પદ્ધતિ હતી.

મહારાષ્ટ્રમાં મંગળવારે ત્રણ સ્થળો લાતુર, સોલાપુર અને ધારાશિવમાં ચૂંટણી રેલીને તેમણે સંબોધી હતી.

મહારાષ્ટ્રની રેલીમાં તેમણે એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવારની કૃષિ પ્રધાન તરીકેના કાર્યકાળની ટીકા કર્યા બાદ સંરક્ષણ પ્રધાન તરીકેના કાર્યકાળની પણ ટીકા કરી હતી.

તેમણે એમ પણ કહ્યું હતું કે ૨૦૦૮ના આતંકવાદી હુમલા બાદ ત્યારની સરકાર પાકિસ્તાનને ડોઝિયર મોકલતી હતી અને તેને મોટા સમાચાર ગણવામાં આવતા હતા, હવે અમે ડોઝિયર મોકલતા નથી. આજ ભારત ઘર મેં ઘૂસ કે મારતા હૈ, એમ તેમણે કહ્યું હતું. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યના પીઢ નેતા શરદ પવારને ભટકતી આત્મા ગણાવી તેના બીજા જ દિવસે એટલે કે મંગળવારે ફરી તેમની ટીકા કરી હતી. (પીટીઆઈ) ■

## પહેલા પાનાનું ચાલુ

### ટી-૨૦ વર્લ્ડ કપ

આઇપીએલની વર્તમાન સીઝનની શરૂઆતમાં સારું નહોતો રમ્યો, પણ તાજેતરમાં મુંબઈ સામેની સેન્ચુરી (૧૦૪*) સાથે ફૉર્મમાં આવી ગયો એટલે તેને આસાનીથી વર્લ્ડ કપની ટીમમાં આવવા મળી ગયું. તે રોહિત સાથે દાવની શરૂઆત કરશે.

ભારતીય ટીમના પેસ-આક્રમણમાં જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ તથા અર્શદીપ સિંહ છે તેમ જ હાર્દિક પંડ્યા તથા શિવમ દુબે સીમ-બોલિંગના બીજા બે વિકલ્પ પણ ગણી શકાય. દુબે ભારત વતી ૨૧ ટી-૨૦ રમી ચૂક્યો છે જેમાં તેણે ૨૭૬ રન બનાવવા ઉપરાંત આઠ વિકેટ લીધી છે.

ચાર ખેલાડીઓને રિઝર્વ પ્લેયર તરીકે સિલેક્ટ કરાયા છે અને એમાં શુભમન ગિલ સામેલ છે. જો મુખ્ય ટીમમાંથી કોઈ પ્લેયર ઈજા કે બીજા કોઈ કારણસર નહીં રમે તો રિઝર્વ સ્ક્વૉડમાંથી પસંદગી થઈ શકશે.

મોહમ્મદ શમી હજી અનફિટ હોવાથી તેનું સિલેક્શન નથી કરાયું. અક્ષર પટેલનું સ્પિનિંગ-ઑલરાઉન્ડર તરીકે સિલેક્શન થયું એવું માની શકાય.

ભારત સહિતના જે દેશો ૧૫ ખેલાડીઓની વર્લ્ડ કપ ટીમ જાહેર કરી રહ્યા છે એમાં આઇસીસીને મંજૂરીને આધીન વર્લ્ડ કપની પહેલાં ફેરફાર કરી શકાશે.

ભારતની પ્રથમ મૅચ પાંચમી જૂને ન્યૂ યૉર્કમાં આયરલૅન્ડ સામે રમાશે.

**ભારતીય ટીમઃ**

રોહિત શર્મા (કૅપ્ટન), હાર્દિક પંડ્યા (વાઇસ-કૅપ્ટન), રિષભ પંત (વિકેટકીપર), સંજુ સૅમસન (વિકેટકીપર), યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, સૂર્યકુમાર યાદવ, શિવમ દુબે, રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, યુઝવેન્દ્ર ચહલ, કુલદીપ યાદવ, જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ અને મોહમ્મદ સિરાજ.

રિઝર્વ પ્લેયરઃ શુભમન ગિલ, રિન્કુ સિંહ, ખલીલ અહમદ અને આવેશ ખાન. ■

### છત્તીસગઢ

એકે-૪૭ રાઈફલ, અન્ય શસ્ત્રો, વિસ્ફોટકો વગેરે પણ ઘટનાસ્થળેથી જપ્ત કરવામાં આવ્યા હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે સર્ચ ઑપરેશન ચાલુ જ રાખવામાં આવ્યું હતું.

જોકે ઠાર મરાયેલા નક્સલવાદીઓની ઓળખ કરવાની હજુ બાકી છે. આ સાથે જ આ વરસે અત્યાર સુધીમાં કરાયેલા ઍન્કાઉન્ટરમાં કુલ ૮૮ નક્સલવાદીઓ ઠાર મરાયા છે.

૧૬ એપ્રિલે હાથ ધરવામાં આવેલા અભિયાન દરમિયાન ૨૯ નક્સલવાદીઓને ઠાર મારવામાં આવ્યા હતા, એમ તેમણે કહ્યું હતું.

મુખ્ય પ્રધાન વિષ્ણુ દેવ સાંઈના વડપણ હેઠળની રાજ્ય સરકારે વાટાઘાટ મારફતે આ સમસ્યાનો ઉકેલ લાવવાની હાકલ કરી હતી. જો કોઈપણ નક્સલવાદી વીડિયો કૉલ કે મધ્યસ્થી મારફતે વાટાઘાટ કરવા માગતા હોય તો તે માટે અમે તૈયાર છીએ એમ જણાવી તેમણે ખાતરી આપી હતી કે તેમનું વધુ સારી રીતે પુનર્વસન કરવામાં આવશે.

રાજ્યમાં શાતિ સ્થપાય અને વિકાસ થાય એવું અમે ઈચ્છીએ છીએ, એમ તેમણે કહ્યું હતું.

દરમિયાન, નાયબ મુખ્ય પ્રધાન શર્માએ નક્સલવાદવિરોધી કાર્યવાહી બદલ સુરક્ષા અધિકારીઓને અભિનંદન આપ્યા હતા અને નક્સલવાદીઓને શસ્ત્રો હેઠાં મૂકી સમાજના મુખ્ય પ્રવાહમાં પાછા ફરવાની વિનંતી કરી હતી. (એજન્સી) ■

### જમ્મુ કાશ્મીર

છે. જેમાં ચાર લોકોના મોત થયા હતા, જ્યારે જમ્મુ વિભાગના ડોડા, રિયાસી, કિશ્તવાડ અને રામબનના પહાડી જિલ્લાઓ અને કાશ્મીરના કુપવાડા જિલ્લામાં સતત વરસાદ અને વીજળીના કારણે અનેક ઘરોને નુકસાન થયું હતું.

અચાનક આવેલા પૂરને કારણે વિવિધ સ્થળોએ અનેક પશુઓ અને ઘેટાંના મોત થયા હતા. કુપવાડા જિલ્લામાં વહીવટી તંત્રએ પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી ૩૫૦ થી વધુ પરિવારોને સુરક્ષિત સ્થળોએ ખસેડ્યા છે. જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા ચાર દિવસથી ભારે વરસાદને કારણે ૩૦ જેટલા મકાનોને નુકસાન થયું છે.

પૂરને કારણે કુપવાડા જિલ્લામાં શુમરિયાલ બ્રિજ, ખુમરિયાલ બ્રિજ, શતમુકામ બ્રિજ, સોહિપોરા-હૈહામા બ્રિજ, ફરક્યાન બ્રિજ, કુપવાડામાં ગ્રામીણ વિકાસ વિભાગની બે ઇમારતો અને સહાયક નિયામક હસ્તકલા કચેરીની ઇમારતને નુકસાન થયું છે. બારામુલ્લા, પુલવામા, અનંતનાગ અને કાશ્મીરના અન્ય જિલ્લાઓ અને જમ્મુ વિભાગના સાંબા અને કઠુઆ જિલ્લાઓમાં મુખ્ય માર્ગો અને વિવિધ લિંક રોડ પાણીમાં ગરકાવ થઈ ગયા છે.

હિમવર્ષા અને ભૂસ્ખલનને કારણે તમામ મોટા અને નાના હાઈવે અને રસ્તાઓ બંધ કરી દેવાયાં છે. શ્રીનગર-જમ્મુ, શ્રીનગર-લેહ અને મુગલ રોડ બંધ કરી દેવામાં આવ્યા છે. દક્ષિણ કાશ્મીરના જિલ્લાઓમાં શ્રીનગર-જમ્મુ હાઈવેના કેટલાક ભાગો પાણીમાં ડૂબી ગયા છે. શ્રીનગર શહેરના ઘણા રહેણાંક વિસ્તારો અને ખીણના અન્ય નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાને કારણે અસર થઈ છે.

જેલમ અને સિંધુ શાખા સહિતની તમામ નદીઓ ગાંડીતુર બની છે અને નદીઓ અને પહાડી પ્રવાહોની નજીક રહેતા લોકોને સતર્ક રહેવા માટે કહેવામાં આવ્યું છે. અધિકારીઓએ પૂરના પાણીને કારણે શ્રીનગર અને અન્ય જિલ્લાઓમાં રહેણાંક કોલોનીઓમાં ખાલી કરાવવાની યોજના તૈયાર કરી છે. ■

### જસદણ

લાગી હતી, જેમાં પાંચથી ૧૨ વર્ષના બાળકોને વધુ અસર થઈ હતી. જમણવારમાં ફૂડ પોઈઝનિંગ થતાં દોડધામ મચી હતી. જસદણની સરકારી હૉસ્પિટલ તેમજ ખાનગી હૉસ્પિટલમાં મોટી સંખ્યામાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. કેટલાક લોકોને ખાનગી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાને પગલે ઘટનાસ્થળે આરોગ્ય વિભાગ દોડી ગયું હતું. આરોગ્ય વિભાગે ગોખલાણા પહોંચી પ્રસાદના સેમ્પલ લઈ વધુ તપાસ હાથ ધરી હતી. ■

### દ. ભારત

રહેશે. દક્ષિણ ભારતમાં ભાજપને અંદાજે ૬૦ બેઠક મળવાની આશા છે.

દક્ષિણ ભારતમાં લોકસભાની ૧૩૧ બેઠક છે. ભાજપે ગયા વખતે એટલે કે ૨૦૧૯માં કર્ણાટકમાંથી પચીસ બેઠક સહિત આ વિસ્તારમાંની ૨૯ બેઠક જીતી હતી. કેરળ અને તમિળનાડુમાં આ વખતે મતદાન થઇ ગયું છે.

ભાજપે કેરળની નવ બેઠક પર ઉમેદવાર ઊભા રાખ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે સરકારી એજન્સીઓ ખોટી વીડિયો ક્લિપ્સ અને સમાચાર ફેલાવીને જનતાને ગેરમાર્ગે દોરનારા લોકોની સામે પગલાં લઇ રહી છે. (એજન્સી) ■

### અમિત શાહ

ક્યાં માધ્યમથી એડિટ કરનારને મળ્યો હતો તેની તપાસ ચાલી રહી છે. તેલંગણાની એક સભાનો વીડિયો હોવાનું જાણવા મળ્યું છે.

આ અંગે કૉંગ્રેસ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે, સતીશ વણસોલા મારો પીએ નથી ભાઈ છે. તેના સન્માન માટે કોઈ પણ લડાઈ હું અને દલિત ભાઈઓ લડીશું. ભાજપ સિલેક્ટેડ લોકોને ટાર્ગેટ કરે છે. ભાજપ ફેક ન્યૂઝ ચલાવવા માટે આઇટી સેલ ચલાવે છે. સામાન્ય પરિવારના દીકરાએ શરતચૂકથી આ વીડિયો પોસ્ટ કર્યો છે. તો કાર્યવાહી કરવામાં આવે છે. ફેસબુક હેન્ડલ તેનું જ છે એ અંગેની હજી તપાસ થઈ નથી અને ધડપકડ કરવામાં આવી છે. ■

### કોવિશિલ્ડ રસી

જ ઓછા કિસ્સાઓમાં, ટીટીએસનું કારણ બની શકે છે. એક અખબારી અહેવાલે જણાવ્યું હતું કે કંપનીએ કહ્યું છે કે આનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

યુકેની કોર્ટમાં દાખલ કરાયેલા કેસમાં અસરગ્રસ્ત વ્યક્તિઓ અને તેમના પરિવારો લગભગ :૧૦૦ મિલિયનના (સો મિલિયન પાઉન્ડ)ના વળતરની માંગ કરી રહ્યા છે. તેમણે કહ્યું છે કે સત્ય અમારી સાથે છે અને અમે હાર માનીશું નહીં. એસ્ટ્રાઝેનેકાએ રસી આપવા માટે વૈશ્વિક સ્તરે સૌથી મોટી વેક્સિન ઉત્પાદક સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (SII) સાથે પણ સહયોગ કર્યો હતો.

ભારતમાં પણ કરોડો લોકોએ આ વેક્સિન લીધી છે અને છેલ્લા ત્રણેક વર્ષોમાં હૃદયરોગને લગતી બીમારી અને મૃત્યુનું પ્રમાણ વધ્યું છે જેને કોરોના વેક્સિનની આડઅસર તરીકે લોકો ફરિયાદો કરતા હતા, પરંતુ ભારત સરકારે અને નિષ્ણાતોની ટીમે આ વાતને જે તે સમયે નકારી હતી. આ સાથે નિષ્ણાતોએ લોકોને ફરી જણાવ્યું છે કે આ ચિંતાનો વિષય નથી. ■

# બિલ્ડરોએ હવેથી પ્રોજેક્ટ અંગેની જાણકારી લેખિતમાં આપવી પડશે

મુંબઈઃ હાઉસિંગ પ્રોજેક્ટનું વેચાણ શરૂ કરતા સમયે બિલ્ડરોએ સોસાયટી પરિસરમાં મળનારી સુવિધાઓની માહિતી લેખિતમાં આપવી પડશે. બિલ્ડરે જણાવવું પડશે કે સ્વિમિંગ પૂલ, બેડમિંટન કોટ, ટેબલ ટેનિસ કોટ, જિમ, કોમ્યુનિટી હોલ, સોસાયટી ઓફિસ સહિત અન્ય સુવિધાઓ કેટલા વિસ્તારમાં ફેલાયેલાં હશે અને એ ક્યારે મળશે, એ જણાવવું પડશે.

હાલમાં વેચાણ સમયે ગ્રાહકોને મળતી સુવિધાઓની માહિતી આપવામાં આવતી હોય છે. તેનો લાભ ક્યારથી મળશે, તેનો ઉલ્લેખ નથી કરવામાં આવતો.

મહારાષ્ટ્ર રિયલ એસ્ટેટ રેગ્યુલેટર ઓથોરિટી (મહારેરા)એ સોસાયટીમાં આપવામાં આવતી સુવિધાઓ માટે નવી માર્ગદર્શિકા તૈયાર કરી છે. પ્રસ્તાવિત ડ્રાફ્ટ અનુસાર સેલ એગ્રીમેન્ટ આપતા સમયે જ બિલ્ડરે સોસાયટીમાં મળતી તમામ સુવિધાઓનું વિવરણ અને તેઓને ઉપલબ્ધ ક્યારે થશે તેની તારીખ પણ આપવી પડશે. નવા નિયમોનો ડ્રાફ્ટ રેરાની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવી છે. જોકે તેને અમલમાં લાવતાં પહેલાં રેરાએ ૨૭મી મે સુધી સેક્ટરથી જોડાયેલા લોકો પાસેથી સૂચનો મગાવ્યાં છે.

મહારેરાએ બિલ્ડરો સામે આવી લગામ ખેંચવાનું કારણ એ છે કે અત્યાર સુધી બુકિંગ સમયે ઘરનો આકાર, ફ્લેટ નંબર, કિંમત, ચુકવણી અને પેમેન્ટ મોડું મળતાં દંડ વગેરેનું વિવરણ લેખિતમાં આપવામાં આવતું હોય છે, પણ સોસાયટીના સભ્યો માટે આપવામાં આવતી સુવિધાઓને લેખિતમાં કોઇ ઉલ્લેખ કરવામાં આવતો નહોતો. લેખિત ન હોવાને કારણે અનેક વાર સભ્યોને તમામ સુવિધાઓ મળતી નહોતી. બિલ્ડરને આ અંગે જવાબ આપવો પડે એ માટે મહારેરાએ નવી માર્ગદર્શિકા બહાર પાડી છે. ■

# બેસ્ટની બસની ટિકિટમાં થશે વધારો

## સામાન્ય બસનું ભાડું ₹ સાત, એસી બસનું ₹ ૧૦ થશે

મુંબઈ મહાનગરપાલિકાએ ‘બેસ્ટ’ને ટિકિટના ભાવમાં વધારો કરવાનો નિર્દેશ આપ્યો છે, જે અનુસાર સામાન્ય બસનું ભાડું રૂ. ૫થી વધારીને રૂ.૭, જ્યારે એસી બસનું ભાડું રૂ.૬ થી વધીને રૂ.૧૦ કરવામાં આવે તેવી શકયતા છે. ‘બેસ્ટ’ની આર્થિક સ્થિતિ સુધારવા માટે આ નિર્દેશ આપવામાં આવ્યો છે.

‘બેસ્ટ’એ પાલિકા પાસે ૩ હજાર કરોડની મદદ માંગી હતી, પરંતુ નગરપાલિકાએ આ સહાય આપવાનો ઇનકાર કર્યો હતો અને બેસ્ટને તેની સ્થિતિ સુધારવા માટે તેની આવક વધારવા માટે પગલાં લેવાની સૂચના પણ આપી હતી.

‘બેસ્ટ’માં દરરોજ ૩૫ લાખ મુસાફરો મુસાફરી કરે છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી ‘બેસ્ટ’ની આર્થિક સ્થિતિ અત્યંત કથળી છે. બેસ્ટ પાસે પોતાની માલિકીની પાંચ હજારથી વધુ ગાડી હતી, જે સંખ્યા હાલમાં ત્રણ હજાર સુધી પહોંચી ગઈ છે. તેથી રોજની સાડા ચાર કરોડની આવક હવે બેથી અઢી કરોડ થઈ ગઈ છે. તેથી ‘બેસ્ટ’ની આર્થિક સ્થિતિ કથળી છે. આથી પાલિકા દર વર્ષે બજેટમાં ‘બેસ્ટ’ને મદદ કરી રહી છે. તેમ છતાં બેસ્ટની નાણાકીય સ્થિતિમાં સુધારો થયો નથી. આથી પાલિકાએ ‘બેસ્ટ’ને કરકસર કરી આવક વધારવા સૂચના આપી છે. ■

# પર્યાવરણ બચાવવા માટે પાલિકા આગળ આવી

## મૂર્તિકારોને મળશે ૧૦૦ ટન શાડુની માટી અને મફતમાં જગ્યા

મુંબઈઃ પર્યાવરણના સંરક્ષણ માટે પાલિકાએ આ વર્ષે અત્યારથી જ પગલાં લેવાનું શરૂ કરી દીધું છે. મૂર્તિ બનાવતા શિલ્પીઓને ૧૦૦ ટન શાડુની મફત માટી અને જગ્યા પણ નિઃશુલ્ક આપવામાં આવશે. પ્રત્યેક ઝોનમાં શાડુની માટી આપવામાં આવશે. આ અંગે પાલિકાએ નોટિફિકેશન પણ બહાર પાડ્યું હોઇ મૂર્તિકાર અને મંડળો માટે નિયમાવલી બહાર પાડી છે. આ ઉપરાંત મૂતિકારો માટે વિવિધ પરવાનગી લેવા માટે વન વિન્ડોની યોજના અમલમાં મૂકી હોવાથી મંડપ માટે કોઇ પણ ફી લેવામાં આવશે નહીં.૨૦૨૪નો ગણેશોત્સવ પર્યાવરણપૂરક પદ્ધતિથી ઊજવવામાં આવે એ માટે મહાનગરપાલિકા કમિશનર પ્રશાંત ગગરાણીના નિર્દેશ અનુસાર વિવિધ નાગરિકલક્ષી પ્રવૃત્તિઓને અમલમાં મૂકવામાં આવી છે. આ માટે પાલિકા તરફથી મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હોઇ મૂર્તિકારો માટે પાલિકાએ માર્ગદર્શક સૂચનાઓ પણ બહાર પાડી હોવાની માહિતી કમિશનરે આપી હતી. ■

# ૧૦મા અને ૧૨મા ધોરણનું રિઝલ્ટ આ મહિનાના અંત સુધીમાં આવશે

મુંબઈઃ દસમા અને બારમા ધોરણનું રિઝલ્ટ ૩૧મી મે પહેલાં ઓનલાઈન પદ્ધતિથી જાહેર થવાની શક્યતા છે. લોકસભા ચૂંટણીનું ઉત્તરવહીની તપાસ પર કોઇ પરિણામ થયું નથી. ઊલટાનું દર વર્ષ કરતાં આ વર્ષનું રિઝલ્ટ થોડું જલદી આવ્યું છે. આથી જ રાજ્યના સેકન્ડરી અને હાયર સેકન્ડરી બોર્ડનું રિઝલ્ટ ૩૧મી મે પહેલાં જાહેર કરવામાં આવે, એવી માહિતી સ્ટેટ બોર્ડ એજ્યુકેશનના શરદ ગોસાવીએ આપી હતી.

દર વર્ષે બારમા ધોરણનું પરિણામ મે મહિનાના છેલ્લા અઠવાડિયામાં આવતું હોય છે અને ૧૦મા ધોરણનું રિઝલ્ટ જૂનના પહેલા અઠવાડિયા કે પછી બીજા અઠવાડિયે જાહેર કરવામાં આવતું હોય છે. જોકે આ વર્ષે બંને રિઝલ્ટ મે મહિનાના અંતમાં આવે એવી શક્યતા છે. ■

# ભૂતપૂર્વ પ્રધાન સુરેશ નવલેએ રાજીનામું આપ્યું

## શરદ પવાર જૂથની એનસીપીને ટેકો જાહેર કર્યો

મુંબઈઃ લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કા પહેલા એકનાથ શિંદેની શિવસેનાના નેતા તેમ જ ભૂતપૂર્વ પ્રધાન સુરેશ નવલેએ રાજીનામુ આપી દીધું છે અને શરદ પવાર જૂથની એનસીપી(રાષ્ટ્રવાદી કોંગ્રેસ)ને પોતાનો ટેકો જાહેર કર્યો છે.

નવલેએ પોતે રાજીનામુ આપવાનું કારણ જણાવતા કહ્યું હતું કે મુખ્ય પ્રધાન શિંદે ભાજપના દબાણ સામે ઝૂકી ગયા છે. જોકે, હાલ પોતે કોઇ પક્ષમાં નહીં જોડાય તેમ જણાવતા નવલેએ શરદ પવાર જૂથની એનસીપીને પોતાનું સમર્થન જાહેર કર્યું હતું. તેમણે બીડ લોકસભા બેઠકના શરદ પવાર જૂથના ઉમેદવાર બજરંગ સોનાવણેને પોતાનો ટેકો જાહેર કર્યો હતો. નવલેએ જણાવ્યું હતું કે મારું માનવું છે કે મુખ્ય પ્રધાન ભાજપના દબાણ સામે ઝૂકી ગયા છે. જ્યારે તેમણે સરકાર બનાવી પરંતુ જ્યારે શિવસેનાએ ૧૮ બેઠકો પર લડવાની વાત આવી ત્યારે તેમણે તેવો જુસ્સો ન બતાવ્યો. તેમણે એમ પણ કહ્યું હતું કે જે નેતાઓ શિંદે જૂથની શિવસેનામાં જોડાયા છે તેમની રાજકીય કારકિર્દી હાલ પૂરી થઇ ગઇ છે તેમ માનવું, ભવિષ્ય વિશે હું કંઇ કહી ન શકું. ■

# સપના ગિલ પ્રકરણે ક્રિકેટર પૃથ્વી શૉને કોર્ટના સમન્સ

મુંબઈઃ સોશિયલ મીડિયા ઈનફ્લુએન્સર સપના ગિલની અરજીના પગલે સેશન્સ કોર્ટે મંગળવારે ક્રિકેટર પૃથ્વી શોને સમન્સ જારી કર્યા છે.

ક્રિકેટર વિરુદ્ધ કરેલી ફરિયાદ સંદર્ભે મેજિસ્ટ્રેટના આદેશને પડકારતી અરજી સપનાએ કરી છે. પબમાં કથિત સ્વરૂપે વિનયભંગ કરવા બદલ પૃથ્વી શો વિરુદ્ધ એફઆઈઆર નોંધાવવાની ગિલની અરજી સામે અંધેરીની મેટ્રોપોલિટન કોર્ટે અગાઉ પોલીસ તપાસનો આદેશ આપ્યો હતો. જોકે, ક્રિકેટર શો અને તેના મિત્ર વિરુદ્ધ તેણે કરેલી ફરિયાદના આધારે કેસ દાખલ ન કરવા બદલ પોલીસ સામે પગલાં લેવાની ગિલે કરેલી અન્ય એક અરજી મેટ્રોપોલિટન કોર્ટે ફગાવી દીધી હતી. આ બંને આદેશથી નારાજ સપના ગિલે મલાડની સેશન્સ કોર્ટમાં સમીક્ષા અરજી દાખલ કરી છે. છઠ્ઠી જૂને સુનાવણી આગળ ચાલશે.

(પીટીઆઈ) ■

# પતિ - સાસરિયાં વિરુદ્ધ ખોટા પોલીસ કેસ ક્રૂરતા કહેવાયઃ હાઈ કોર્ટ

મુંબઈઃ પતિ અને તેના પરિવારના સભ્યો સામે પાયાવિહોણા કેસ દાખલ કરવા એ ક્રૂરતા કહેવાય એવું નિરીક્ષણ કરી બોમ્બે હાઈ કોર્ટની ઔરંગાબાદ ખંડપીઠે ફેમિલી કોર્ટે દંપતીના મંજૂર કરેલા છૂટાછેડા રદ કરવાનો ઇનકાર કર્યો હતો. પોતાના વૈવાહિક હક પુનઃ સ્થાપિત કરવા માટે તેમજ છૂટાછેડા મંજૂર કરતા ફેમિલી કોર્ટના ફેબ્રુઆરી ૨૦૨૩ના આદેશને પડકારતી મહિલાએ કરેલી અરજી હાઈ કોર્ટે ફગાવી દીધી હતી. ક્રૂરતા અને પત્નીએ કરેલા ઘર ત્યાગના મુદ્દે પુરુષે છૂટાછેડા માટે અરજી કરી હતી. ૨૫ એપ્રિલે આપવામાં આવેલા આદેશની નકલ મંગળવારે ઉપલબ્ધ થઈ હતી. ન્યાયમૂર્તિ વાય. જી. ખોબ્રાગડેએ જણાવ્યું હતું કે ‘ડોમેસ્ટિક વાયોલન્સ એક્ટ’ - ઘરેલુ હિંસા કાયદા હેઠળ દાવા દાખલ કરવા અને વૈવાહિક હક પુનઃ સ્થાપિત કરવાની માગણી કરવી એ ક્રૂરતા નથી, પણ પતિ, પતિના પિતા, ભાઈ અને પરિવારના અન્ય સભ્યો સામે જૂઠા અને પાયાવિહોણા કેસ પોલીસમાં નોંધાવવા એ નિશ્ચિતપણે ક્રૂરતા છે. દંપતીના લગ્ન ૨૦૦૪માં થયા હતા અને ૨૦૧૨ સુધી હતું. ૨૦૧૨માં પત્ની ઘર છોડી પોતાના માતા પિતાને ઘરે રહેવા જતી રહી હતી એવો દાવો પતિએ કર્યો હતો.

(પીટીઆઈ)■

# તબીબી કારણોસર જામીન માટે નરેશ ગોયલની અરજી

મુંબઈઃ પોતે અને પત્ની જીવલેણ કેન્સરથી પીડાતા હોવાનું કારણ રજૂ કરી મની લોન્ડરિંગ કેસમાં જેટ એરવેઝના સ્થાપક નરેશ ગોયલે જામીન માટે બોમ્બે હાઇ કોર્ટ સમક્ષ અરજી દાખલ કરી છે. ન્યાયમૂર્તિ એન. જે. જામદારની ખંડપીઠે આ અરજી પર ત્રીજી મેના દિવસે સુનાવણી થશે એમ જણાવ્યું છે. અરજીમાં શ્રી ગોયલે જણાવ્યું છે કે તેમની તેમજ પત્નીની શારીરિક હાલત કથળી ગયા પછી બંને જણ માનસિક રીતે પણ ભાંગી પડ્યા છે. મનોચિકિત્સકના અહેવાલ અનુસાર બંને ડિપ્રેશનમાં છે. શ્રી ગોયલને આત્મહત્યાના વિચારો આવે છે અને જીવન જીવવા જેવું નથી લાગી રહ્યું એમ અરજીમાં જણાવ્યું છે. વર્તમાન પરિસ્થિતિમાં શ્રી ગોયલને પત્નીથી અળગા રાખવા એ માનવ અધિકારનો ભંગ છે અને પતિ પત્ની એકબીજાની સંભાળ રાખી શકે એવી વ્યવસ્થા કરી આપવી જોઈએ એમ પણ અરજીમાં રજૂઆત કરવામાં આવી છે. (પીટીઆઈ)■

# છ વ્યક્તિ પર હુમલો કરી મોતને ઘાટ ઉતારનારો વાઘ બે મહિને પાંજરે પુરાયો

ચંદ્રપુરઃ ચંદ્રપુર જિલ્લામાં છેલ્લા બે મહિનામાં છ વ્યક્તિ પર હુમલો કરી મોતને ઘાટ ઉતારનારા વાઘને આખરે પાંજરે પૂરવામાં સફળતા મળી હતી. વાઘ પકડાવાને કારણે છેલ્લા બે મહિનાથી ભયના ઓછાયા હેઠળ જીવતા ગામવાસીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

વાઘ છેલ્લા બે મહિનાથી વન વિભાગના છટકામાં સપડાતો નહોતો. આખરે કારવા-બલ્લારપુર જંગલ વિસ્તારમાં સોમવારની રાતે તે પાંજરામાં સપડાઈ ગયો હતો, એમ વરિષ્ઠ અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું.

આ માનવભક્ષી વાઘે બે મહિનામાં સેન્ટ્રલ ચંદા ડિવિઝનમાં ચાર વ્યક્તિ અને ચંદ્રપુર ડિવિઝનમાં બે વ્યક્તિ પર હુમલો કરી તેમને મારી નાખ્યા હતા.

વાઘના હુમલાની વારંવાર બનતી ઘટનાને પગલે જંગલ વિસ્તારના ગામવાસીઓ ભય હેઠળ જીવતા હતા. તેથી વન વિભાગ દ્વારા વાઘને પકડી પાડવા માટે છટકું ગોઠવવામાં આવ્યું હતું. એકધારા પ્રયાસ પછી આખરે વાઘ પકડાયો હતો, એમ સેન્ટ્રલ ચંદા ડિવિઝનનાં ડેપ્યુટી કન્ઝર્વેટર ઑફ ફોરેસ્ટ્સ (ડીસીએફ) શ્વેતા બોડુએ જણાવ્યું હતું.બોડુએ વધુમાં જણાવ્યું હતું કે વાઘ એટલો ચાલાક હતો કે તેને પકડવો બહુ મુશ્કેલ હતું. વન વિભાગની ટીમે જાણે પડકારોનો સામનો કર્યો હતો. (પીટીઆઈ)■

# બે યુવકે દુષ્કર્મ કરતાં સગીરાએ બે બાળકને જન્મ આપ્યોઃ વડીલો સહિત ૧૬ વિરુદ્ધ ગુનો

પાલઘરઃ નાલાસોપારામાં લગ્નની લાલચે બે યુવકે કથિત દુષ્કર્મ કરતાં ૧૭ વર્ષની સગીરાએ બે બાળકને જન્મ આપ્યો હોવાની ઘટના સામે આવી હતી. એક બાળકને વેચવાનો પ્રયાસ પણ કરાયો હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરાતાં પોલીસે વડીલો, બે ડૉક્ટર અને એક વકીલ સહિત ૧૬ જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

આચોલે પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે નાલાસોપારા વિસ્તારમાં રહેતી સગીરાની ફરિયાદને આધારે રવિવારે ગુનો નોંધવામાં આવ્યો હતો. આ પ્રકરણે તપાસ હાથ ધરવામાં આવી હોઈ અમુક લોકોને પૂછપરછ માટે તાબામાં લેવામાં આવ્યા હતા.

પોલીસ ફરિયાદ અનુસાર સગીરા સાથે ૨૦૨૧થી કથિત દુષ્કર્મ કરવામાં આવતું હતું. પહેલાં એક યુવકે વારંવાર દુષ્કર્મ કરતાં સગીરા ગર્ભવતી બની હતી. પછી લગ્નની લાલચે બીજા યુવકે બળાત્કાર ગુજારતાં સગીરાએ બીજા સંતાનને જન્મ આપ્યો હતો. સગીરાએ અલગ અલગ સમયે બે બાળકને જન્મ આપ્યો હતો અને બન્ને આરોપીએ સગીરાને બાળક સાથે છોડી દીધી હતી.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે સગીરા ગર્ભવતી હોવાની જાણ થતાં એક આરોપી તેને અમરાવતી લઈ ગયો હતો, જ્યાં ઓળખ છુપાવી સગીરાને એક હૉસ્પિટલમાં દાખલ કરાવવામાં આવી હતી. સગીરાએ બાળકને જન્મ આપતાં બન્નેને છોડી આરોપી રફુચક્કર થઈ ગયો હતો. સગીરાના વડીલો સહિત આઠ આરોપીએ દુષ્કર્મ કરનારા એક યુવક પાસેથી મદદરૂપ થવાને બહાને ચાર લાખ રૂપિયા પડાવ્યા હતા. બદલામાં સગીરાની બાળકીને વેચવા માટે એક શખસને આપી દેવામાં આવી હતી. આ કેસમાં સગીરાની ડિલિવરી કરાવનારી હૉસ્પિટલની બે મહિલા ડૉક્ટર અને એક વકીલ વિરુદ્ધ પણ ગુનો નોંધવામાં આવ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

આ પ્રકરણે ૧૬ જણ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬, ૩૭૬(૨)(એન), ૩૧૭, ૩૬૩, ૩૭૨ અને ૩૪ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો. એ સિવાય પોક્સો અને જુવેનાઈલ જસ્ટિસ ઍક્ટ પણ લાગુ કરવામાં આવ્યો હતો. (પીટીઆઈ) ■

NSE

Soch kar
Samajh kar
Invest kar

મોબાઈલ ફોન ખરીદતાં પહેલાં તમે ઘણું બધું રિસર્ચ કરો છો

તો પછી રોકાણ કરતી વખતે રિસર્ચ કરવાને બદલે ટિપ્સનો કેમ ભરોસો કરો છો?

કોઈ પણ શેરને લગતી અને માર્કેટને લગતી ટિપ્સ, કે પછી મીડિયામાં છપાતા લેખો અને અફવાઓનો વિશ્વાસ કરશો નહીં. રોકાણ કરતાં પહેલાં જાતે રિસર્ચ કરો. રોકાણકારોએ કંપની તરફથી થતી જાહેરાતો માટે એક્સચેન્જની / કંપનીની વેબસાઈટ તપાસી લેવી જોઈએ.



વધુ વિગતો માટે, વિઝિટ કરો : nseindia.com અથવા QR કોડ સ્કેન કરો

અમને અહીં ફૉલો કરો

# ગુજરાતની અસંતુષ્ટ આત્મા મહારાષ્ટ્રમાં ભટકી રહી છે

## મોદીની ટીકા પર સંજય રાઉતની પ્રતિક્રિયા

મુંબઇઃ મરાઠી માણસના જે દુશ્મન છે, મરાઠી માણસે જેમણે દફનાવી દીધા છે, તે અતૃપ્ત આત્માઓ ભટકી રહી છે. તેમાં ગુજરાતની અતૃપ્ત આત્મા ઉમેરાઈ છે, એમ સંજય રાઉતે મોદીએ શરદ પવારની કરેલી ટીકાનો જવાબ આપતાં કહ્યું હતું.

પૂણેમાં એક સભામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરદ પવારનો અતૃપ્ત આત્મા તરીકે ઉલ્લેખ કરાતાં સંજય રાઉતે આ ટીકાના જવાબમાં નરેન્દ્ર મોદીનો ઉલ્લેખ ગુજરાતના અતૃપ્ત આત્મા તરીકે કર્યો હતો.

‘‘મહારાષ્ટ્ર ભટકાતી અસંતુષ્ટ આત્માઓથી ડરતું નથી. મહારાષ્ટ્રમાં ઢોંગ, અંધશ્રદ્ધા કે ફેકાફેકી ચાલતી નથી. મહારાષ્ટ્ર પવિત્ર આત્માઓની ભૂમિ છે. છત્રપતિ શિવરાયથી લઈને બાબાસાહેબ આંબેડકરનો જન્મ અહીં થયો છે. મહારાષ્ટ્ર માટે બલિદાન આપનાર ૧૦૫ આત્માઓ મોદીને શ્રાપ આપશે. મોદીએ જેટલું નુકસાન મહારાષ્ટ્ર અને મરાઠી લોકોને કર્યું એટલું કોઈએ કર્યું નથી.’’ રાઉતે કહ્યું હતું.

‘‘અમારી પાસે કેટલીક અસંતુષ્ટ આત્માઓ હોવાનું કહેવાય છે. તેમના સપના પૂરા થતા નથી તેથી તેઓ બીજાના બગાડે છે. ૪૫ વર્ષ પહેલા અહીંના એક મહાન નેતાએ પોતાની મહત્ત્વાકાંક્ષા માટે આ રમત શરૂ કરી હતી. ત્યારથી મહારાષ્ટ્રમાં અસ્થિરતા હતી. મહારાષ્ટ્ર જાણે છે કે આ અતૃપ્ત આત્માએ ૨૦૧૯માં શું કર્યું.

હવે આ અતૃપ્ત આત્માએ દેશને અસ્થિર કરવાનો પ્રયાસ શરૂ કર્યો છે,’’ નરેન્દ્ર મોદીએ શરદ પવારનું નામ લીધા વિના કહ્યું હતું. ■

# સરકારી અધિકારીના સ્વાંગમાં નવી મુંબઈના વેપારી સાથે ₹ બે કરોડની છેતરપિંડી

થાણેઃ સરકારી અધિકારીના સ્વાંગમાં શખસે નવી મુંબઈના ૪૨ વર્ષના વેપારી સાથે રૂ. બે કરોડની છેતરપિંડી આચરી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

નવી મુંબઈના નેરુલ ખાતે રહેતા ફરિયાદી વેપારી દિગંબર લવ્હાળેને કોવિડ-૧૯ મહામારી દરમિયાન વ્યવસાયમાં નુકસાન થયું હતું. વેપારીને રૂ. ૨૦ કરોડની લોન જોઇતી હતી અને આ માટે તે પ્રયાસ કરી રહ્યો હતો. જાન્યુઆરી, ૨૦૨૧માં વેપારી પરેલ વિસ્તારમાં રહેનારા આરોપી પ્રશાંત મહાડિકના સંપર્કમાં આવ્યો હતો અને મહાડિકે પોતાની ઓળખ કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલયના ઉચ્ચ અધિકારી તરીકે આપી હતી, એમ નેરુલ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

વેપારીએ મહાડિકને લોન અંગે વાત કર્યા બાદ મહાડિકે તેને રૂ. ૪૦ લાખની લોન મેળવી આપવાનું આશ્વાસન આપ્યું હતું. એ સમયે આરોપીએ જણાવ્યું હતું કે બેન્કના સીઇઓ સાથે તેના સારા સંબંધ છે. તેણે લોન માટે કોલેટરલ પ્રાપ્ત કરવા મિલકત ગિરવે મૂકવાનો પ્રસ્તાવ વેપારી સમક્ષ મૂક્યો હતો. જોકે ગિરવે રાખવા પોતાની પાસે મિલકત ન હોવાનું વેપારીએ જણાવ્યું હતું.

દરમિયાન મહાડિકે વેપારીને કહ્યું હતું કે અન્ય એક વ્યક્તિ છે જે લોન લેવાની ઇચ્છા ધરાવે છે અને તે પોતાની મિલકત ગિરવે મૂકવા માટે તૈયાર છે. જેથી લોનની રકમ બંને વચ્ચે સમાન રીતે વહેંચી શકાશે. વેપારી આ માટે તૈયાર થયો હતો અને તેણે મહાડિકને રૂ. બે કરોડ આપ્યા હતા, જે તેને પુણે મેટ્રો પ્રોજેક્ટ માટે તેલંગણાના કોન્ટ્રેક્ટર પાસેથી મળ્યા હતા.

બાદમાં વેપારીએ લોન લેવાની ઇચ્છા ધરાવતી વ્યક્તિ અને બેન્કના અધિકારીને મળવાની વિનંતી કરી હતી, પણ મહાડિક તેને ટાળવા લાગ્યો હતો. બાદમાં તે ગાયબ થઇ ગયો હતો.

પોતે છેતરાયો હોવાનું ધ્યાનમાં આવતાં વેપારીએ નેરુલ પોલીસનો સંપર્ક સાધીને ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે રવિવારે મહાડિક સામે ગુનો દાખલ કરાયો હતો. ■

મુંબઈમાં તાપમાનનો પારો ૩૮.૪ ડિગ્રી

# રાજ્યમાં સોલાપુરમાં ૪૪ ડિગ્રી તાપમાન

મુંબઈ: હવામાન ખાતાની હીટવેવની આગાહી સોમવાર સુધીની જ હતી, છતાં મુંબઈગરાએ મંગળવારે પણ ભીષણ ગરમી અને ઉકળાટનો અનુભવ કર્યો હતો. દિવસ દરમિયાન ગરમ પવનો ફૂંકાઈ રહ્યા હતા. મુંબઈમાં સોમવાર દાયકાનું બીજા નંબરનું સૌથી ઊંચું તાપમાન ૩૯.૧ ડિગ્રી નોંધાયા બાદ મંગળવારે તાપમાનના પારામાં હળવો ઘટાડા બાદ તાપમાનનો પારો ૩૮.૪ ડિગ્રી જેટલો નોંધાયો હતો. મંગળવારે કોલાબામાં મહત્તમ તાપમાન ૩૪.૧ ડિગ્રી અને સાંતાક્રુઝમાં ૩૮.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. તો સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચુ તાપમાન સોલાપૂરમાં ૪૪ ડિગ્રી જેટલુ નોંધાયું હતું. મુંબઈની સરખામણીમાં જોકે થાણે શહેરમાં તાપમાન ઊંચુ રહ્યું હતું. દિવસ દરમિયાન અહીં મહત્તમ તાપમાન ૪૧.૪ ડિગ્રી નોંધાયું હતું. તો માથેરાનમાં ૩૭.૦ ડિગ્રી, માલેગાંવમાં ૪૩.૨ ડિગ્રી, પરભણીમાં ૪૧.૬ ડિગ્રી, નાશિકમાં ૩૯.૫ ડિગ્રી, ઔરંગાબાદમાં ૪૦.૮ ડિગ્રી, બારામતીમાં ૪૦.૯ ડિગ્રી અને જળગાંવમાં ૪૩.૦ ડિગ્રી, પુણેમાં ૪૧.૭ ડિગ્રી, કોલ્હાપુરમાં ૪૦.૦ ડિગ્રી, સતારામાં ૪૧.૦ ડિગ્રી જેટલું તાપમાન નોંધાયું હતું.

કૉંગ્રેસે ઉત્તર મુંબઈ બેઠક પર ઉમેદવારની જાહેરાત કરી

# ભાજપના પિયુષ ગોયલ વિરુદ્ધ કૉંગ્રેસના ભૂષણ પાટીલ

મુંબઈ: મંગળવારે મહાયુતિમાં એકનાથ શિંદેની શિવસેના દ્વારા ઉત્તર-પશ્ચિમ મુંબઈ અને દક્ષિણ મુંબઈના ઉમેદવારોની જાહેરાત કરી ત્યારબાદ કૉંગ્રેસે પણ ઉત્તર મુંબઈ બેઠક માટે પોતાના ઉમેદવારની જાહેરાત કરી હતી. કૉંગ્રેસે મુંબઈ કૉંગ્રેસમાં વિવિધ પદ સંભાળનારા ભૂષણ પાટીલને ઉમેદવારી સોંપી છે. એટલે કે ઉત્તર મુંબઈમાં ભાજપના ઉમેદવાર તેમ જ કેન્દ્રીય પ્રધાન પિયુષ ગોયલ અને કૉંગ્રેસના ભૂષણ પાટીલ વચ્ચે ચૂંટણીનો જંગ જામશે.

કૉંગ્રેસે જાહેર કરેલી ઉમેદવારોની યાદીમાં ભૂષણ પાટીલ ઉપરાંત અન્ય રાજ્યોના ત્રણ ઉમેદવારોની જાહેરાત પણ કરી હતી. કૉંગ્રેસે હરિયાણાના ગુરગાંવ ખાતેથી અભિનેતા રાજ બબ્બરને, હિમાચલ પ્રદેશની કાંગરા બેઠક પરથી આનંદ શર્માને, હિમાચલ પ્રદેશના હમીરપુરથી સતપાલ રાયઝાદાને ઉમેદવાર જાહેર કર્યા હતા.

ઉત્તર મુંબઈ બેઠક પરથી આ પૂર્વે કૉંગ્રેસ તરફથી સંજય નિરુપમ સાંસદ રહી ચૂક્યા છે. જોકે, આ વખતે સંજય નિરુપમ ઉત્તર-પશ્ચિમ બેઠક પરથી ચૂંટણી લડવા માટે ઇચ્છુક હતા, પરંતુ તેમને આ બેઠક પરથી ટિકીટ ન આપવામાં આવતા તેમણે મહાવિકાસ આઘાડીમાં કૉંગ્રેસના સાથી પક્ષ શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરે વિરુદ્ધ મોરચો ખોલ્યો હતો. જેને પગલે તેમને પક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જોકે, નિરુપમે પહેલા જ પોતાનું રાજીનામુ આપી દીધું હોવાનું સ્પષ્ટ કર્યું હતું.

# ઉત્તર પ્રદેશમાં એમડી બનાવવાના કારખાના પર કાર્યવાહી: સાત આરોપી ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: થાણે ક્રાઈમ બ્રાન્ચે ઉત્તર પ્રદેશના આઝમગઢ ખાતે આવેલા મેફેડ્રોન (એમડી) ડ્રગ બનાવવાના કારખાના પર કાર્યવાહી સાત આરોપીની ધરપકડ કરી હતી. ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૧ના અધિકારીઓએ પકડી પાડેલા આરોપીઓની ઓળખ સંદીપ તિવારી ઉર્ફે ડૉક્ટર, લલિત ઉર્ફે સોનુ પાઠક, અનિલ જયસ્વાલ, નીલેશ પાંડે, વિજય પાલ, બિંદુ ઉર્ફે જિલાજીત જોખઈ પટેલ અને દિલીપ જયસ્વાલ તરીકે થઈ હતી. પકડાયેલો આરોપી સંદીપ ઉર્ફે ડૉક્ટર આ કેસના આરોપીઓને એમડી પાઉડર બનાવવા માટે કેમિકલના મિશ્રણની ફોર્મ્યુલા તૈયાર કરી આપતો હતો, એવું તપાસમાં જણાયું હતું. અધિકારીના જણાવ્યા મુજબ થાણેની કાસારવડવલી પોલીસે ૧૫ ગ્રામ એમડી જપ્ત કરી સાત આરોપીની ધરપકડ કરી હતી. પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં પાલ અને બિંદુનાં નામ સામે આવ્યાં હતાં.

## પારસી મરણ

જીમી દારબશા અદાજનીયા તે મરહુમ કેટીના ખાવીંદ. તે મરહુમો દીનામાય તથા દારબશાના દીકરા. તે પર્લના બાવાજી. તે દારાયસના સસરાજી. તે રોશન, તથા મરહુમ બાનુ, મરહુમ નરીમાન ને મરહુમ પરવેઝના ભાઇ. તે દીલખુશ, આફ્રીન ને શાહાનના મમાવાજી. તે મેહેરનાઝ ને પોરૂશ, આરમૈતી ને સરોશ, હતોક્ષી ને મરહુમ કેરસી, અનાહિતા ને બહેરામ, રોહીન્ટન ને ખુરશીદ, ચૈરાગ, જમશીદ, સાયરસ, પરીઝાદ ને દીનાઝના નેવ્યુ. તે મરહુમો જરબાનુ તથા અસ્પનદીયારના જમાઇ. (ઉં. વ. ૮૪) રે. ઠે. ફલેટ નં.૩, પતેતી બ્લોક્સ, ૬૦૯, જામે જમશેદ રોડ, દાદર-મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા: તા. ૨-૫-૨૪ના રોજ બપોરે ૩.૪૫ કલાકે સુનાવાલા અગિયારી માહિમ.

રૂબી કેકોબાદ જોગીના તે મરહુમ કેકોબાદ હોરમસજી જોગીનાના ધણિયાની. તે મરહુમો તેહમીના અને ભીમજીભાઇ બી. તારાપોરના દીકરી. તે દીનામાય અને હોરમસજી દારબશા જોગીનાના વહુ. તે મીનુ, રોશન અને કેરસી તારાપોરના તેમ જ મરહુમો જરૂદારા જેલર અને પરવીઝ બી. તારાપોરના બહેન. તે લીલી શાહરૂખ સરકારી, કેશમીરા કેરમાન માસ્ટર, આદિલ કેરસી તારાપોર તેમ જ બિનાઇફર જેલર, નાદીર. તારાપોર, કેલી કેરસી જોગીના, તેનાઝ જોગીના, ફરોખ અને પરવેઝ નરીમાન વર્કિંગબોક્ષવાલાના આન્ટી. તે રતી હો જોગીના, કેટી નરીમાન વર્કિંગબોક્ષવાલા તેમ જ મરહુમો રોશન, કેરસી, મીનુ અને હોશંગ હોરમસજી જોગીનાના ભાભી. (ઉં.વ.૮૮) રે. ઠે. પિતૃછાયા ફ્લેટ નં. ૫, બીજે માળે, સ્લેટર રોડ, ૧લી ક્રોસ લેન, ગ્રાન્ટ રોડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા: તા. ૨-૫-૨૪ના દિને મિઠાઇવાલા અગિયારીમાં ૩.૪૫ પી.એમ.

## હિન્દુ મરણ

**શ્રીમાળી બ્રાહ્મણ**

મહુવા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. હિંમતલાલ પરશોતમદાસ ત્રિવેદી તથા સ્વ. સરલાબેન હિંમતલાલ ત્રિવેદીના પુત્ર ધનંજય (ડેઝી) (ઉં. વ. ૬૧) તા. ૨૮-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે હરીશભાઇ તથા કેતનના ભાઇ. તથા સ્વ. માલવીકાબેનના દિયર. અને સૌ. રશ્મીના જેઠ. રક્ષાના પતિ. અને પ્રિયા, નિરાલીના પિતાશ્રી. કેદારના સસરા. શરદભાઇ જયંતિલાલ ઓઝાના વેવાઇ. ચિરાગ, કૃતેષ, નિયતી, રચનાના કાકા. હર્ષવીણા (લીલા) અરુણકુમાર ત્રિવેદીના ભાઇ. સાસરા પક્ષે સ્વ. પ્રાણલાલ નારાયણજી દવેના જમાઇ. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨-૫-૨૪ના સાંજે ૫થી ૭. ઠે. ઘાટકોપર બ્રાહ્મણ સમાજ હોલ, જોષી લેન, ઘાટકોપર (ઇસ્ટ).

**હિન્દુ**

રાજુલા નિવાસી હાલ મુલુંડ સ્વ. રાજેશ ભટ્ટ (ઉં. વ. ૬૭) તા. ૨૯-૪-૨૪ના કૈલાસવાસી થયેલ છે. તે શોભનાબેનના પતિ. હંસાબેન કાંતિલાલના પુત્ર. ભાગીરથીબેન રેવાશંકર જોશીના જમાઇ. સ્વ. જયશ્રી રાજેન્દ્ર મહેતા, દક્ષા દિનેશ દેસાઇ, પરેશના ભાઇ. વૈભવ તથા અમીષા નિલેશ પરમારના પિતાશ્રી. વિભા વૈભવ ભટ્ટના સસરા. પ્રાર્થનાસભા તા. ૧-૫-૨૪ના બુધવારના ઓનલાઇન ૫થી ૫.૪૫. ઉત્તર ક્રિયા તીર્થ સ્થાને રાખેલ છે. નિવાસસ્થાન: એ-૧૦૧, વિજયલક્ષ્મી સીએચએસ, એસીસી રોડ, એમએસઇબી ઓફિસ પાસે, મુલુંડ (વેસ્ટ).

**જંબુસર વિશા લાડ વણિક**

જગદીશભાઇ ભગવતીલાલ શાહ (ઉં.વ. ૮૫) હાલ મુંબઇ તા. ૨૯-૪-૨૪ના સોમવારે શ્રીજીચરણ પામ્યા છે. તે ચંદાબહેનના પતિ. કેયુર અને ઉર્વિના પિતાશ્રી. પ્રીતિ, મિલીનના સસરા. ડો. ધનંજયના ભાઇ. કડોદ નિવાસી સ્વ. રૂક્ષ્મણીબહેન નગીનદાસના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૧-૫-૨૪ બુધવારના ૫થી ૭. ઠે. લોઢા પાર્ક, બેન્કવેટ નંબર ૨, લોઅર પરેલ (પશ્ચિમ).

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ સલાયા જામ ખંભાળીયા હાલ મુંબઇ કાંદિવલી શ્રી સતીષભાઇ જમનાદાસ દત્તાણી (ઉં. વ. ૭૬) જે નિરંજનાબેન દત્તાણીના પતિ. સ્વ. રમીલાબેન જમનાદાસ (મંગુભાઇ) દત્તાણીનાં પુત્ર. તે સ્વ. ધર્મદાસ પ્રેમજી ગઢિયાના જમાઇ. તે શ્રીમતી પ્રીતીબેન વસાણી, બ્રિજેશભાઇ તથા બરખા અમિત દાવડાના પિતાશ્રી. તે જશ, મીત અને પલકના દાદા. સ્વ. અનિલભાઇ, ભરતભાઇ, સ્વ. સરોજબેન જયંતિલાલ પાઉ, દક્ષાબેન રશ્મિનભાઇ પટેલ, જયોતિબેન સુકેતુભાઇ નાણાવટી તથા જયશ્રીબેન યોગેશભાઇ કકકાનાં ભાઇ. મનીષભાઇ, બીજલભાઇ, ચિરાગભાઇ, જયભાઇ, બાસુરીબેન, મૃગાંક મહેતાના કાકા. તા. ૩૦-૪-૨૪ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૩-૫-૨૪ના શુક્રવારે સાંજે ૫થી ૭. ઠે. રઘુલીલા મોલ, ચોથે માળે, લોટસ બેન્ક વેટ, કાંદિવલી (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

સ્વ. વીરબાઇ પલણ ગામ ડુમરાવાળાનાં પુત્ર સ્વ. પુરસોતમ જેઠાભાઇ રાચ્છ ગામ નલિયાવાળાના જમાઇ. સ્વ. લક્ષ્મીદાસ જેરામ પલણ (ઉં. વ.૯૦) તા. ૨૭-૪-૨૪ના અક્ષરધામ પામ્યા છે. પત્ની: સ્વ. હેમલતાબેન લક્ષ્મીદાસ પલણ, ભાઇ: ત્રિકમજીભાઇ, શંભુભાઇ, બહેન: સ્વ. લક્ષ્મીબેન નારાણજી અનમ, ગં. સ્વ. મણીબેન રામજી દાવડા, પુત્રવધૂ-પુત્ર: મયુરી ભરત પલણ, દીકરી-જમાઇ: રીટા રમેશ માણેક. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

માંગરોળ નિવાસી હાલ લંડન સ્વ. શાંતીલાલ કાલીદાસ શાહના ધર્મપત્ની ઉષાબેન (ઉં. વ. ૮૮) તે સ્વ. જશવંતભાઇ, સ્વ. કુસુમબેન ચીમનલાલ શાહ, મનીષભાઇ, શૈલેષભાઇ તથા ભૈરવીબેનના માતુશ્રી. સ્વ. રશ્મીબેન, ખ્યાતીબેન તથા મુકેશકુમાર ચંદ્રકાન્ત શાહના સાસુ. પોરબંદર નિવાસી સ્વ. ધનકોરબેન તથા સ્વ. નગીનદાસ માવજી શાહના દીકરી. આશિષ, મેહુલ, પૂર્વી પ્રશાંત ભગત, નકુલ તથા દિશા મુનીન્દ્ર પંડયાના દાદી. રમેશ તથા જયના નાની ગુરુવાર તા. ૨૫-૪-૨૪ના લંડન ખાતે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

તળાજાવાળા હાલ વિલેપાર્લે અ. સૌ. શૌભના જયંતભાઇ ભાલરીયા (ઉં. વ. ૬૩) તા. ૨૮-૪-૨૪ના રવિવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મધુકાન્ત ધરમદાસ ભાલરીયા અને સ્વ. કલાવતીના પુત્રવધૂ. તે અ. સૌ. વિરાલીના માતુશ્રી. તે રોહનના સાસુ. તે ઉગલવાણવાળા સ્વ. ચુનીભાઇ અમૃતલાલ મહેતાના દીકરી. તે સ્વ. પ્રવીણભાઇ, કીરીટભાઇ, જીતુભાઇ, પરેશભાઇ તથા અશ્વિનભાઇના બહેન. તે અ. સૌ. નયનાબેન રાજેન્દ્રકુમાર મહેતા તથા સ્વ. પારુલના ભાભી. પ્રાર્થનાસભા તા. ૨-૫-૨૪ના ૫થી૭. ઠે. વિશ્વ કર્મા બાગ, બજાજ રોડ, વિલેપાર્લે (વેસ્ટ).

**હાલાઇ લોહાણા**

ઘેડ માધવપુર હાલ મુંબઇ દીપકભાઇ રંગપરીયા (ઉં. વ.૬૫) તા. ૨૯-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. લીલાવંતીબેન કાકુભાઇના દીકરા. ઇંદુબેન કાંતિલાલ નથવાણી (જૂનાગઢ)ના જમાઇ. નીતાબેનના પતિ. અરવિંદભાઇ અને કલ્પનાબેનના ભાઇ. સની અને હીરાલીના પપ્પા. કાજલ અને હર્ષ બાટવીયાના સસરા. પ્રાર્થનાસભા, ગુરુવાર તા. ૨-૫-૨૪ના ૪થી ૬. ઠે. શ્રી ભાટીયા ભાગીરથી, નાની મુંબા દેવી, શંકર મંદિર ૮૮, દાદીશેઠ અગિયારીલેન, ભુલેશ્વર, મુંબઇ-૨. પિયર અને સાસરા પક્ષની સાદડી સાથે રાખેલ છે, લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

હળિયાદવાળા હાલ વિરાર સ્વ.હરકિશનદાસ જીવનલાલ મહેતાના ધર્મપત્ની ગં.સ્વ.ઉષાબેન (ઉં. વ. ૭૯) તે ૨૯/૪/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે હર્ષા, વિપુલ, બિપીન તથા હિનાના માતુશ્રી. પ્રેમલ, સોનલ, રોશની તથા અજયના સાસુ. સ્વ.લલીતાબેન અરવિંદકુમાર પારેખ, સ્વ. તારાબેન રણછોડદાસ મહેતાના ભાભી. પિયરપક્ષે ખડકાળાવાળા સ્વ.તારાબેન રતિલાલ પોપટલાલ મહેતાના દીકરી. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર સુથાર**

ગં. સ્વ. શાંતાબેન ભગવાનભાઇ ડોડીયા નાગેશ્રીવાળા હાલ મુંબઈ (ઉં. વ. ૯૪) તા. ૨૬/૪/૨૪ના રામશરણ પામેલ છે. તે સ્વ.જયશ્રીબેન હસમુખરાય હરસોરા મહુવા અને રેણુકાબેન હેમંતકુમાર ચૌહાણ શિહોરના માતુશ્રી. સ્વ.શશીકાંતભાઈ કેશવજી ડોડીયાના ભાભી. સ્વ. જીવરાજભાઈ વાઘજીભાઈ પરમાર જામકાવાળાના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સાદડી રાખેલ નથી.

**સુરતી દશા મેવાડા વણિક**

ગં. સ્વ.અનસૂયાબેન ચોક્સી (ઉં. વ. ૯૦) તે ૨૮/૪/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. વસંતલાલ મોહનલાલના ધર્મપત્ની. સ્વ.રમેશભાઈ, આશાબેન દુષ્યંતભાઈ મહેતાના ભાભી. સુરેશ, અંજના, બીના તથા રિટાના માતુશ્રી. પારૂલબેન, રમેશભાઈ, અલ્કેશભાઈ, સ્વ. ચંદ્રેશભાઇના સાસુ. સોનાલિ નૈનેશ પારેખ, રૂપાલી ઝરણ દોશીના દાદી. હર્ષુલ, ઉર્વી, કરિશ્મા, બિનલ, રિશી, રાજના નાની. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**દેસાઈ સઈ સુથાર સમાજ**

ગામ ઘોઘા (ભાવનગર) હાલ વસઈ સ્વ.અશોકભાઇ શાંતિલાલ ગોહિલ (ઉં. વ. ૬૩) તા.૨૭-૪-૨૪ના શનિવારે રામચરણ પામ્યા છે. તે દુર્ગાબેનના સુપુત્ર. કિશોરભાઈ વસંતબેન, હંસાબેનના ભાઈ. મનીષાબેનના પતિ. ઘનશ્યામના પિતા. સ્વ.પ્રતાપભાઈ નાથાલાલ વાઘેલાના જમાઈ. ઉમેશભાઈના બનેવી. તેમની પ્રાર્થનાસભા ૨-૦૫-૨૪ના ગુરુવારે ૪ થી ૬. દેસાઈ દરજીવાડી, ગણેશ મંદિરની સામે અશોકનગર કાંદિવલી (ઈસ્ટ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

કાંદિવલી નિવાસી સ્વ.ગુલાબબેન ગીરધરલાલ બાટવીયાના દીકરી કલાબેન (ઉં. વ.૮૫) તે ૨૯/૪/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. રમાબેન જગમોહન કોટક, મીનાક્ષી નલીનભાઇ જટણીયા, સ્વ.દિનેશ, સ્વ.નરેન્દ્ર, જયંત, પ્રકાશ તથા મુકેશના બહેન. પ્રવીણા દિનેશ, દક્ષા પ્રકાશ, આરતી મુકેશ, આશા જયંતના નણંદ. નેહલ,વિશાલ, હેમંત, શિવાની, તન્વી, વિરેશ, દીપેશના ફઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

(બાળદિયા) મૂળગામ જામખંભાળીયા, હાલ ઘાટકોપર ગોરધનદાસ ઠક્કર (ઉં. વ. ૮૯) તે સ્વ. ધરમશી જાદવજી ઠક્કર (બાળદિયા)ના પુત્ર. તે પુષ્પાબેનના પતિ. તે ભરત, ડૉ. નયન, અમરનાં પિતાશ્રી. રીનાબેન, પર્ણાબેન, માધુરીબેનનાં સસરા. તે સ્વ. રસિકભાઈ, સ્વ. હરીદાસભાઈ, સ્વ.કાંતાબેન જમનાદાસ , જયાબેન હરકીશનદાસ, સ્વ. સવિતાબેન જીતેન્દ્રના ભાઈ. સ્વ.ભાણજીભાઈ તથા સ્વ.શાંતાબેન પૌરાણાના જમાઈ. સોમવાર તા. ૨૯/૦૪/૨૪નાં શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૦૨/૦૫/૨૪ના ૪ થી ૬. અગ્રસેન હોલ, ઉજો માળ, સ્વામી નારાયણ મંદિરની ઉપર, લવંડર બાગની બાજુમાં, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈસ્ટ).

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

જેતપુર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. બીપીનચંદ્ર પ્રભુદાસ કોઠારીના ધર્મપત્ની કિરણબેન બીપીનચંદ્ર કોઠારી (ઉં. વ. ૭૮) દિપ્તી વીરેશ ટોલીયા અંજની, સંજયના માતુશ્રી. સંધ્યાના સાસુ, મંજુલાબેન, સ્વ. સુરેશભાઇ, વિજયભાઇ, જયંતભાઇના ભાભી. માલતીબેનના જેઠાણી. શાંતાબેન દલીચંદ તેજાણીના દીકરી તા.૨૯-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨-૫-૨૪ ગુરુવારના ૧૦થી ૧૧. ઠે. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડીયા નગર, ઘાટકોપર (ઇસ્ટ).

**ઝાલાવાડી દશા શ્રીમાળી જૈન**

સુરેન્દ્રનગર (દાણાવડા) નિવાસી હાલ કાંદિવલી શશીકાંતભાઇ (ઉં. વ. ૮૬) તે સ્વ. લીલાવતી હરગોવિંદદાસ શાહના પુત્ર. સ્વ. કોકિલાબેનના પતિ. મનીષ, સમીર, જીજ્ઞા અભય ભાલાણીના પિતા. સોનલ, જાહનવીના સસરા. સ્વ. લલિતભાઇ, સ્વ. દેવેન્દ્રભાઇ, શકુંતલા ઉપેન્દ્ર શાહ, જયોત્સના લલિત તુરખીયાના ભાઇ. સ્વ. સમજુબેન ધનજી ડેલીવાલાના જમાઇ તા. ૨૮-૪-૨૪ રવિવારે અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓસવાળ જૈન**

સાભરાઇના માતુશ્રી વિજયાબેન રતનશી લખમશી હરીયાની પરપૌત્રી ચિ. ફ્રિયોના (ઉં. વ. ૪।। મહિના) તા. ૨૭-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. દિપ્તી દિનેશ રતનશી હરીયાની પૌત્રી. તન્વી જય દિનેશ હરીયાની સુપુત્રી. નીપા જયંતીલાલ ગડાની દોહીત્રી. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. નિ. દિનેશ રતનશી હરીયા, બી/૪/૩૦૨, કચ્છી સર્વોદય નગર, પી.એલ. લોખંડે માર્ગ, ચેમ્બુર, મુંબઇ.

લાખાપુરના માતુશ્રી રૂક્ષ્મણી શેઠીયા (ઉં. વ. ૮૫) તા. ૨૯-૪-૨૪ના અવસાન પામેલ છે. તલકશીના ધર્મપત્ની. લક્ષ્મીબેન લખમશી નથુના પુત્રવધૂ. શિરીષ, ચંદન, વર્ષા, હીનાના માતુશ્રી. મેઘબાઇ લાલજીના પુત્રી. મગન રાઘવજી, કલ્યાણજી, વેલબાઇ કેશવજી, નિર્મળા દામજી, અમૃત ચુનીલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. ફોન આવકાર્ય. ઠે. ઝીલ ગાલા, ૮૦૩, યાસ્મીન રેસીડેન્સી, એસ.એલ.રોડ, મુલુંડ (વેસ્ટ).

કોડાય હાલે બિદડાના માવજી કેશવજી ગાલા (ઉં. વ. ૮૭) તા.૨૯-૪-૨૪ ના અવસાન પામેલ છે. સોનબાઈ કેશવજી હીરજીના પુત્ર. જવેરબેનના પતિ. કિરીટ, પ્રવિણ, પ્રફુલ્લા, છાયા, પ્રજ્ઞાના પિતા. ડુંગરશી, ભાણબાઈ ગાંગજી, સુંદરબેન રવજી, પુરબાઈ પાસુભાઈ, મુલબાઈ ખીમજી, ઉમરબાઈ કરમશી, મણીબેન તલકશીના ભાઈ. બિદડા પુરબાઈ કલ્યાણજી કાનજી સાવલાના જમાઈ. પ્રા. : સંસ્કૃતિ હોલ, કેદારમલ રોડ, મલાડ (ઈ). ટા.૩ થી ૪.૩૦. નિ. માવજી ગાલા. ૪૦૩, સ્નેહ ધારા, બચાની નગર રોડ, મલાડ (ઇ.).

## છેલ્લા પાનાનું ચાલુ

### ક્યાં સુધી

છે જ્યારે ડોંબિવલી સ્ટેશન પર ટ્રેનોની ફ્રિકવન્સી પણ વધારવામાં આવી રહી નથી. પ્રવાસીઓને નાછૂટકે કલ્યાણ જઇને રિટર્ન આવવાની ફરજ પડી રહી છે. ડોંબિવલીથી ઉપડતી ટ્રેનોની સંખ્યા નહીંવત હોવાને કારણે આવી દુર્ઘટનાઓ બની રહી છે. એસી ટ્રેનના હાલ પણ આવા જ છે. કલ્યાણથી જ ફુલ પેક થઇને આવતી ટ્રેનોમાં પગ મૂકવાની પણ જગ્યા મળતી નથી. ઘણા સમયથી પ્રવાસી સંગઠનો દ્વારા ડોંબિવલીથી ટ્રેનોની ફ્રિકવન્સી વધારવા માટે મધ્ય રેલવેને વિનંતી કરવામાં આવી રહી છે, પરંતુ રેલવે દ્વારા આ તરફ આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. પીડિત રિયાના પરિવારે પણ રેલવે પ્રશાસનને જ તેના મૃત્યુ માટે જવાબદાર ઠરાવ્યું હતું. રિયા સાથે બનેલી ઘટના બાદ પ્રવાસીઓમાં અસંતોષ જણાઇ રહ્યો છે અને રેલવે આ તરફ તાકીદે કોઇ નિર્ણય લે એવી માગણી કરાઇ રહી છે.

### મોટા ભાગની ટ્રેનો

મોટા ભાગની ટ્રેનોદર ઓછા કરી દેવા જોઇએ. હું બે વર્ષથી એસી લોકલમાં પ્રવાસ કરી રહ્યો છું અને હવે તો તેમાં પણ ખતરનાક ભીડ થઇ જાય છે. સવારે ડોંબિવલીથી કલ્યાણ રિટર્ન જવું પડે છે અને ત્યાંથી ટ્રેનમાં બેસવાની જગ્યા મળી રહે છે. સાંજના પાછા ફરતી વખતે ડોંબિવલી સ્ટેશન પર ઊતરવા માટે ઘણી વખત રીત સરનો ઝઘડો કરવો પડે છે.

### ડોંબિવલીથી લોકલ ટ્રેનની

સ્લો ટ્રેન પકડવાના બદલે ફાસ્ટ ટ્રેન પકડે છે, તેથી ફાસ્ટ ટ્રેન પકડનારાની સંખ્યા વધારે હોય છે. બેસ્ટ વિકલ્પ તો ડોંબિવલીથી સ્લો ટ્રેનની સાથે ફાસ્ટ ટ્રેનની સંખ્યા વધારવી જોઈએ.

### ભીડ ઓછી કરવા ટ્રેનોની

જેથી તેમાં ખૂબ જ ગિરદી થઇ જાય છે. એ સિવાય ફર્સ્ટ ક્લાસ કોચમાં વિધાઉટ ટિકિટ ઘણા લોકો પ્રવાસ કરતા હોય છે. આવા લોકોને પકડીને તેમને દંડ ફટકારવો જોઇએ. જેથી બીજી વાર તેઓ ફર્સ્ટ ક્લાસ કોચમાં ચડતા પહેલાં ડરે.

### રેલવેએ કોઈપણ ભોગે

સુવિધાને નામે સૌથી વધુ હાલાકી ભોગવે છે. પ્રવાસીઓની વધતી સંખ્યાની ગણતરી રેલવે ક્યારેય કરતી નથી, તેથી સુવિધા મળતી નથી. ડોંબિવલીના પ્રવાસીઓ સૌથી વધુ અકસ્માત અને ટ્રેનોની અનિયમિતતાનો ભોગ બને છે, પરંતુ રેલવે એની અવગણના કરે છે. ગુજરાતી યુવતી જ નહીં, પરંતુ રોજ અનેક પ્રવાસીઓ અકસ્માત સાથે ચોરી-લૂંટફાટના ભોગ બને છે એનો રેલવેએ કોઈ પણ ભોગે ઉકેલ લાવવો જોઈએ.

### મેલ એક્સપ્રેસ પસાર

છે. બાદમાં આવનારી લોકલ મોડી પડે છે, જેને જીવના જોખમે પકડવી પડે છે. મેલ-એક્સપ્રેસ માટે અલગ ટ્રેક હોવા છતાં તેને ત્યાંથી કાઢવાને બદલે લોકલના ટ્રેક પરથી કાઢવામાં આવે છે. જો આ ટ્રેનોને તેના ટ્રેક પરથી કાઢવામાં આવે તો લોકલ સમયસર સ્ટેશન પર આવે અને પ્રવાસીઓ પણ સમયસર તેમના સ્થાને પહોંચી શકે. હું ચુનાભટ્ટીમાં ઓફિસે જવા માટે ડોંબિવલીથી સવારે ટ્રેન પકડું છું. ટ્રેન મોડી પડે તો ઓફિસ પહોંચવામાં મોડું થાય. ઉપરથી પગાર કપાઇ ન જાય તેનો પણ ડર રહે છે. ક્યારેક સવારે સ્ટેશન પર ભીડ જોઇ એકાદ-બે ટ્રેન છોડી દેવી પડે છે, પછી ભલે ઓફિસ પહોંચવામાં મોડું થાય, આપણે આપણી સુરક્ષાનો પણ ખ્યાલ રાખવો જોઇએ. પીક અવર્સમાં તો પાંચ-પાંચ મિનિટે ટ્રેન દોડાવવી જોઇએ, જેથી ભીડ ઓછી થાય. મધ્ય રેલવેમાં મોટા ભાગે ટ્રેન મોડી જ થતી હોય છે.

### ચોમાસામાં

તો ૨૦૦૯ની સાલમાં શહેરમાં છેલ્લા ૧૦૦ વર્ષની સૌથી મોટી ભરતી જોવા મળી હતી. ૨૩ અને ૨૪ જુલાઈના દરિયામાં પાંચ મીટરથી પણ ઊંચા મોજા ઉછળ્યા હતા. જોકે સદ્નસીબે એ દિવસ દરમિયાન ભારે વરસાદ નહીં હોવાને કારણે મુંબઈ પર કોઈ આફત આવી નહોતી.જૂન મહિનામાં સાત દિવસ દરમિયાન મોટી ભરતી છે, એમાંથી છ જૂન ગુરુવારના બપોરના ૧૨.૦૫ વાગે ભરતી દરમિયાન મોજા ૪.૬૯ મીટરથી ઊંચા ઊછળશે. જુલાઈ મહિનામાં ચાર દિવસ મોટી ભરતી છે, તેમાંથી બુધવાર ૨૪ જુલાઈના બપોરના ૨.૧૧ વાગે દરિયામાં ૪.૭૨ મીટરથી ઊંચા મોજા ઉછળશે. ઑગસ્ટમાં પાંચ દિવસ મોટી ભરતી છે, તેમાંથી ૨૧ ઑગસ્ટ, બુધવારના બપોરના ૧૨.૫૭ વાગે ભરતી સમયે દરિયામાં મોજાં ૪.૮૧ મીટરથી પણ ઊંચા ઉછળશે. સપ્ટેમ્બરમાં છ દિવસ દરમિયાન મોટી ભરતી છે, તેમાંથી સમગ્ર ચોમાસાની સૌથી મોટી ભરતી ૨૦ સપ્ટેમ્બર, શુક્રવારના મધરાતે એક વાગીને ૩ મિનિટે ચાલુ થશે અને દરિયામાં મોજા ૪.૮૪ મીટરથી પણ ઊંચા ઉછળશે.

### રવિન્દ્ર વાયકર

આ બેઠક પર ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેનાના અમોલ કીર્તિકર વિરુદ્ધ થશે. ઉલ્લેખનીય છે કે આ બેઠક પર કૉંગ્રેસના ભૂતપૂર્વ સાંસદ સંજય નિરુપમ લડવા માગતા હતા. જોકે, આ બેઠક તેમને ન ફાળવવામાં આવતા તેમણે ઉદ્ધવ ઠાકરે અને મહાવિકાસ આઘાડી વિરુદ્ધ નિવેદનો આપવાના શરૂ કર્યા હતા, જેને પગલે તેમને પક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જોકે, નિરુપમે જણાવ્યા મુજબ તેમણે એ પહેલા જ કૉંગ્રેસમાંથી રાજીનામુ આપી દીધું હતું.

### કોણ છે રવિન્દ્ર વાયકર?

રવિન્દ્ર વાયકર ૨૦ વર્ષથી મુંબઈ મહાપાલિકામાં નગરસેવક રહી ચૂક્યા છે. ૧૯૯૨માં સૌથી પહેલી વખત તે નગરસેવક તરીકે ચૂંટાઇ આવ્યા હતા અને ૨૦૦૬થી ૨૦૧૦ દરમિયાન પાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષ તરીકે પણ તેમણે કામગીરી બજાવી હતી. તે ૨૦૦૯, ૨૦૧૪ અને ૨૦૧૯માં વિધાનસભ્ય તરીકે પણ ચૂંટાઇ આવ્યા અને ૨૦૧૪માં સત્તામાં આવેલી ભાજપ અને શિવસેનાની સરકાર દરમિયાન તેમને પ્રધાનપદ પણ આપવામાં આવ્યું હતું.

### વાયકરના હરિફના પિતા શિંદે જૂથમાં જ!

શિવસેનાના બે ભાગલા પડ્યા ત્યારબાદ ગજાનન કીર્તિકર જે આ બેઠક પરથી સાંસદ રહ્યા હતા તે એકનાથ શિંદે જૂથની શિવસેનામાં જોડાયા હતા. જોકે, તેમના પુત્ર અમોક કીર્તિકર ઉદ્ધવ ઠાકરે સાથે જ રહ્યા અને તેમને આ લોકસભા ચૂંટણીમાં ઉદ્ધવ ઠાકરેએ ઉમેદવારી પણ સોંપી છે.

### લોકોની પ્રગતિ

સરકારમાં રાજ્યમાંથી જંગી રોકાણના પ્રોજેક્ટ અન્ય રાજ્યોમાં જઈ રહ્યા હતા તેની સામે છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં મોટા પાયે રોકાણો આવી રહ્યા છે. દાવોસમાં અનેક આંતરરાષ્ટ્રીય કંપનીઓ રાજ્યમાં રોકાણ લાવવા માટે તત્પર હોવાનું જણાઈ રહ્યું છે. આમ રાજ્યને વિકાસને પંથે લઈ જવા એકનાથ શિંદે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના પગલે ચાલી રહ્યાનું ચિત્ર ઊભું થઈ રહ્યું છે.

મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મહાયુતિના ઉમેદવારના પ્રચાર માટે લાતુરના ગરુડ ચોક ખાતે આયોજિત જાહેર સભામાં કહ્યું હતું કે લાતુરની જનતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ત્રીજી વખત વડાપ્રધાન બનાવવા માટે ઉત્સુક છે. પ્રજ્વલિત સૂર્યની પરવા કર્યા વિના અહીં લોકોનો વિશાળ સમુદ્ર એકઠો થયો છે. કૉંગ્રેસનો પરંપરાગત ગઢ દસ વર્ષ પહેલાં લાતુરના નાગરિકો દ્વારા ધ્વસ્ત કરવામાં આવ્યો હતો. મતદારોએ પ્રગતિની નવી પેટર્ન સ્થાપિત કરી છે. હવે લાતુર જિલ્લો મહાયુતિનો ગઢ બની ગયો છે. મહાયુતિના ઉમેદવાર સુધાકર શૃંગારે જંગી મતોથી વિજયી થશે એવો વિશ્વાસ છે.

વડા પ્રધાન કહે છે કે 'મેરે શરિર કા હર કણ, મેરે સમય કા હર ક્ષણ, દેશ કો સમર્પિત હૈ.' તે સાચું છે અને આપણે દસ વર્ષથી તેનો અનુભવ કર્યો છે. આપણી પાસે એવું નેતૃત્વ છે જે દિવસમાં ૨૦-૨૦ કલાક કામ કરે છે, એમ તેમણે કહ્યું હતું.

કૉંગ્રેસની ટીકા કરતા મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું કે અમારી પાસે વિઝન છે. તેમની પાસે વોટ-બૅન્કનું રાજકારણ છે. દેશના વિકાસ માટે અમારી પાસે રોડ મેપ છે. તેમની પાસે એક યુવરાજ છે જે રસ્તા પર ચાલ્યા બાદ પણ લોન્ચ નથી થઈ શકતો. અમારી પાસે સમૃદ્ધિની નીતિઓ છે. તેમની પાસે અંકુરિત ન થઈ શકે એવું બિયારણ છે, એમ તેમણે કહ્યું હતું. ૨૦૧૪ની ચૂંટણી પહેલા આપણે ૨-જી સ્કેમ, સ્પેસ સ્કેમ, કોલસા કૌભાંડ, નેશનલ હેરાલ્ડ સ્કેમ જેવા કૌભાંડોની શ્રેણી વિશે સાંભળતા હતા. હવે આપણે કેન્દ્ર સરકારની યોજનાઓની વાતો સાંભળી રહ્યા છીએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વાસ્તવિક ગરીબી નાબૂદીનું કામ કર્યું છે, એમ તેમણે કહ્યું હતું.

### મહારાષ્ટ્ર દિવસ નિમિત્તે

વેસ્ટર્ન સબર્બ તરફ જવા માંગતા વાહનચાલકોએ સિદ્ધિવિનાયક જંક્શનથી રાઈટ ટર્ન લઇ, એસ. કે. બોલે રોડ પોર્ટુગીઝ ચર્ચ જંક્શન પર લેફ્ટ ટર્ન લઇ, ગોખલે રોડ થઈને ગડકરી જંક્શન, એલ. જે. રોડ, રાજા બડે ચોકથી પશ્ચિમ ઉપનગર તરફ જશે.

▶ યસ બૅન્ક જંક્શનથી સિદ્ધિવિનાયક મંદિર જંક્શન સુધીનો પ્રવેશ બંધ હોવાને કારણે, દક્ષિણ મુંબઈ તરફ જવા માંગતા વાહનચાલકોએ તેમના વાહનોને એસ. વી. રોડના યસ બૅન્ક જંક્શનથી લેફ્ટ ટર્ન લઇ શિવાજી પાર્ક રોડ નં. પાંચ એટલે પાંડુરંગ નાઈક થઈને રાજા બડે ચોકમાં આવ્યા પછી રાઈટ ટર્ન લઈ, એલ. જે. રોડ, ગોખલે રોડ થઈને ગડકરી જંક્શન થઈને દક્ષિણ મુંબઈ માટે રવાના થશે.

### નો-પાર્કિંગ રસ્તાઓ

કેલુસ્કર માર્ગ દક્ષિણ અને ઉત્તર, કર્નલ દિલીપ ગુપ્તે માર્ગ પર કેલુસ્કર માર્ગ ઉત્તરથી પાંડુરંગ નાઈક માર્ગ સુધી. પાંડુરંગ નાઈક માર્ગ, રોડ નં. પાંચ. એન. સી. કેલકર માર્ગ, ગડકરી જંક્શનથી કોટવાલ ગાર્ડન સુધી. સંત જ્ઞાનેશ્વર માર્ગ.

### યામિની જાધવને

સાવંતની સામે રહેશે. પાંચમા તબક્કાની મહારાષ્ટ્રની ૧૩ લોકસભા બેઠક પરથી વોટિંગ કરવામાં આવશે, જેમાં સાઉથ સીટનો સમાવેશ થાય છે, જ્યારે તેના મતદાનની તારીખ ૨૦મી મેના થશે. ઉમેદવારીપત્ર ભરવાની અંતિમ તારીખ ત્રીજી મે છે, જ્યારે છઠ્ઠી મે સુધી ઉમેદવારો પોતાનું ઉમેદવારીપત્ર પાછું ખેંચી શકશે. અહીંની બેઠક માટે વિધાનસભાના સ્પીકર રાહુલ નાર્વેકર અને કેબિનેટ પ્રધાન મંગળપ્રભાત લોઢાએ પણ ભાજપવતીથી ટિકિટની માગણી કરી હતી, એમ રાજકીય સૂત્રોએ જણાવ્યું હતું. મહાયુતિમાં શિવસેનાએ આજે મુંબઈ ઉત્તર-પશ્ચિમથી જાહેરાત કરી હતી, જેમાં આ સીટ પર રવિન્દ્ર વાયકરની જાહેરાત કરી હતી, જેમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના ઉમેદવાર અમોલ કીર્તિકર સામે વાયકર લડશે. મુંબઈ નોર્થ ઈસ્ટ પરથી એમવીએએ સંજય દિના પાટીલ (શિવસેના-યુબીટી), મહાયુતિએ મિહિર કોટેચા (ભાજપ)ને ટિકિટ આપી છે. ઉત્તર પશ્ચિમની બેઠકમાં એમવીએ (ઉદ્ધવ ઠાકરે જૂથ)ના ઉમેદવાર તરીકે અમોલ કીર્તિકર સામે મહાયુતિ (શિવસેના શિંદે)ના ઉમેદવાર રવિન્દ્ર વાયકર તેમ જ ઉત્તર મુંબઈમાં મહાયુતિ (ભારતીય જનતા પાર્ટી)ના ઉમેદવાર પીયૂષ ગોયલ છે, જ્યારે એમવીએએ હજુ સુધી કોઈ ઉમેદવાર જાહેર કર્યા નથી.

### આજથી પ્રોપર્ટી

મહાનગરપાલિકાની હદમાં આવતી દુકાનો અને એસ્ટાબ્લિશમેન્ટના નામ મરાઠી ભાષામાં દેવનાગરી લિપીમાં મોટા અક્ષરે વંચાય એમ લખવું ફરજિયાત છે. છતાં પાટિયાના નામ મરાઠીમાં લખવાનું ટાળનારી દુકાનો અને એસ્ટાબ્લિશમેન્ટોને પહેલી મે, ૨૦૨૪થી પ્રોપર્ટી ટેક્સ જેટલો રકમનો દંડ ફટકારવાનો આદેશ પાલિકા કમિશનર અને પ્રશાસક ભૂષણ ગગરાણીએ આપ્યો હતો. તેને પગલે છેલ્લાં ૧૫ દિવસમાં મરાઠીમાં નામના પાટિયા નહીં લગાવનારા ૬૨૫ દુકાનો અને એસ્ટાબ્લિશમેન્ટે નામના પાટિયા મરાઠીમાં લખ્યા હોવાની રજૂઆત કોર્ટ અને પાલિકા સમક્ષ થયેલી સુનાવણીમાં કરી હતી. આ તમામ લોકો પાસેથી લગભગ ૫૦ લાખ રૂપિયાનો દંડ પણ વસૂલ કરવામાં આવ્યો હતો.

પ્રોપર્ટી ટેક્સ જેટલો દંડ વસૂલ કરવાના પાલિકા કમિશનરના આદેશ બાદ છેલ્લા ૧૫ દિવસ દરમિયાન પાલિકાની જુદી જુદી ટીમે જુદા જુદા વિસ્તારમાં ૧,૨૮૧ એસ્ટાબ્લિશમેન્ટનું ઈન્સ્પેકશન કર્યું હતું, તેમાંથી ૧,૨૩૩ એસ્ટાબ્લિશમેન્ટ દ્વારા નિયમ અનુસાર નામના પાટિયા લગાડ્યા હોવાનું જણાઈ આવ્યું હતું. તો ૪૮ દુકાનો અને એસ્ટાબ્લિશમેન્ટે યોગ્ય રીતે નામના બોર્ડ લગાડ્યા ન હોવાનું જણાઈ આવ્યું હતું.

### નાશિકમાં

પહેલાં ચાંદવડની સરકારી હૉસ્પિટલમાં લઈ જવાયા હતા. પછી વધુ સારવાર માટે તેમને ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. પોલીસના જણાવ્યા મુજબ બસ જળગાંવ જિલ્લાના ભુસાવળથી નાશિક શહેર જઈ રહી હતી. પૂરપાટ દોડતી બસના ડ્રાઈવરે આગળ જઈ રહેલી ટ્રકને ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો. બસની ડાબી બાજુ ટ્રક સાથે ભટકાતાં બસનો કચ્ચરઘાણ વળી ગયો હતો. અકસ્માત સમયે બસમાં ૪૫ પ્રવાસી હતા. ઘટનામાં ૧૪ વર્ષના કિશોર અને મહિલા સહિત ચાર જણે જીવ ગુમાવ્યા હતા. જખમી ૩૪માંથી ૧૦ જણને ગંભીર ઇજા થઈ હોવાથી તેમની હાલત નાજુક હોવાનું કહેવાય છે. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ઓવરટેક સમયે બસનું ટાયર ફાટવાને કારણે ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હોવાનું પ્રથમદર્શી જણાઈ રહ્યું છે. દરમિયાન અકસ્માતને પગલે મુંબઈ-આગ્રા નૅશનલ હાઈવે પર ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી. અકસ્માતગ્રસ્ત વાહનોને રસ્તાને કિનારે ખસેડી વાહનવ્યવહાર પૂર્વવત્ કરવામાં આવ્યો હતો.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# રાજયમાં ક્ષત્રિય આંદોલન અને ગરમીથી ચૂંટણીનો માહોલ જામતો નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં લોકસભાની ચૂંટણીની ૨૫ બેઠક માટે આગામી તા.૭ મેના રોજ મતદાન થનાર છે. રાજ્યમાં ક્ષત્રિય આંદોલન અને ઉનાળાની ગરમીને કારણે મતદારો ચૂંટણીમાં હાલના તબક્કે રસ દાખવી રહ્યા નથી. ઉપરાંત ભાજપ અને કૉંગ્રેસના કાર્યકરોમાં કેટલાક મુદ્દે અસમંજસ હોવાને કારણે તેઓ નિરુત્સાહ જોવા મળી રહ્યા છે. જો કે આગામી દિવસમાં કાર્યકરોને પ્રોત્સાહિત કરવા માટે બંને પક્ષના મોવડીઓ દ્વારા કેટલીક વ્યૂહરચનાને આખરી ઓપ આપી દેવાયો છે. જેની અસર મતદાન પહેલાં દેખાઈ આવે તેવી શક્યતા વર્તાઈ રહી છે.

કૉંગ્રેસ અને ભાજપના અગ્રણીઓએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, હાલના તબક્કે ચાલી રહેલા ક્ષત્રિય આંદોલનને લીધે શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ભાજપ અને કૉંગ્રેસના કાર્યકરો પ્રચારમાં જોડાઈ રહ્યા નથી. પરંતુ એટલું ચોક્કસ છે કે શહેરી અને ગ્રામ્ય વિસ્તારના મતદારો વિકાસ ઝંખી રહ્યા છે.

જેથી બંને પક્ષના કાર્યકરો તેમનો સંપર્ક ન કરે તો પણ મતદારોએ કોને મત આપવો તે અગાઉથી જ નક્કી કરી દીધું છે. પરંતુ મતદારો હાલના તબક્કે પક્ષના અગ્રણીઓ તથા કાર્યકરો સમક્ષ કંઈપણ બોલવા તૈયાર નથી તે પાછળના અનેક કારણો છે. તેમાં મતદારોને થયેલા સારાં-નરસાં પરિબળો જવાબદાર છે પણ હાલના તબક્કે જોવા જઈએ તો કૉંગ્રેસ, ભાજપ અને અપક્ષ મતદારોને પોતાની તરફે કરવા માટે જે પ્રયાસ કરી રહ્યા છે તેમાં તેમને વધુ સફળતા મળી નથી. જેના લીધે બંને પક્ષ દ્વારા ચોક્કસ જ્ઞાતિના સંમેલનો બોલાવાઈ રહ્યા છે. પરંતુ તેમાં મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી સહિતના અનેક જિલ્લામાં મોટાભાગના મતદારો હાજર રહેતા નથી. તેમ છતાં બંને પક્ષના મોવડીઓ જે દાવા કરી રહ્યા છે તે સાંભળીને મતદારો મનમાં મલકાઈ રહ્યા છે. ■

# ગુજરાતમાં આજથી વડા પ્રધાન ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરશે: બે દિવસમાં છ સભાઓ સંબોધશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં લોકસભાની ચૂંટણીના મતદાનને આજે હવે પાંચ દિવસ જ રહ્યા છે ત્યારે હવે વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧લી મેથી બનાસકાંઠાના ડીસા ખાતેથી પ્રચાર શરૂ કરશે. બુધવારે ડીસામાં વડા પ્રધાનની જાહેરસભા માટેની જોરશોરથી તૈયારીઓ પૂર કરી લેવામાં આવી છે. બપોરે સભા હોવાથી સભા મંડપમાં મિસ્ટિંગ કુલિંગ સિસ્ટમ લગાવવામાં આવી રહી છે જેનાથી બહાર કરતા મંડપમાં આઠ ડિગ્રી જેટલું તાપમાન નીચું રહેશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી લોકસભા ચૂંટણીના ગુજરાતના ત્રીજા તબક્કાના મતદાન માટે બુધવારથી પ્રચાર કાર્ય શરૂ કરવાના છે. તેઓ ગુજરાતમાં બે દિવસમાં ડીસા, જૂનાગઢ, જામનગર, સુરેન્દ્રનગર, હિંમતનગર અને આણંદ એમ કુલ છ સ્થળોએ સભા સંબોધશે. જેમાં ડીસા ખાતે બુધવારે પ્રથમ સભા બપોરે ૩:૩૦ વાગ્યે યોજાવવાની છે. જે માટે ભાજપ દ્વારા ભરબપોર હોવા છતાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહે અને તેઓને તમામ પ્રકારની સુવિધાઓ મળે તે માટેની તડામાર તૈયારીઓ કરી રહ્યા છે. વડા પ્રધાનની પ્રથમ સભા ડીસા એરપોર્ટ ખાતે હોવાથી ભરબપોરે લોકોને ગરમીથી ઠંડક રહે તે માટે સભા મંડપમાં મિસ્ટિંગ કુલીંગ સિસ્ટમ લગાવવામાં આવી છે. જેમાં ફુવારાથી પ્રેસરથી પાણીનો છંટકાવ થશે. આ ઉપરાંત સભા મંડપમાં ૧૦૦ જેટલા જમ્બો કુલર લગાવવામાં આવશે. જેનાથી બહાર કરતાં મંડપમાં તાપમાન આઠ ડિગ્રી જેટલું નીચું રહેશે તેવું નિષ્ણાતોએ જણાવ્યું છે. આ સિવાય બપોરનો સમય હોય લોકોના આરોગ્યની પણ ચિંતા કરવામાં આવી છે.જેમાં આરોગ્યની ૨૦ જેટલી ટીમો મેડિકલ ઓફિસર સાથે તહેનાત કરાઇ છે. જેમાં પેરા મેડિકલ સ્ટાફ સાથે આરોગ્યની ૧૫ એમ્બ્યુલન્સ પણ ઉપસ્થિત રહેશે. જ્યારે ૧૦૮ની આઠ ઇમરજન્સી વાન સભા સ્થળે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત ઉનાળાની ગરમીને ધ્યાને રાખી ૫૦,૦૦૦ જેટલા ઓઆરસીના પેકેટનું વિતરણ પણ કરાશે. સભા સ્થળે દરેક તાલુકા આરોગ્ય અધિકારી અને જિલ્લા આરોગ્ય અધિકારી મોનિટરિંગ કરશે.સભા મંડપમાં ૫૦,૦૦૦ ખુરશીઓની બેઠક વ્યવસ્થા તેમજ સ્ટેજ પર મોદી સાથે ૬૦ આગેવાનો બેસી શકે તે માટેની મંજૂરી વડા પ્રધાનની સુરક્ષા એજન્સી પાસે માગવામાં આવી છે. ઉનાળાની સિઝન હોય નેતાઓને ગરમી ન લાગે તે માટે સ્ટેજ પર ૧૦૦ ટનના એસીની વ્યવસ્થા કરાઈ છે. આ સિવાય બપોરનો સમય હોય સમગ્ર જિલ્લામાંથી કાર્યકરો ઉમટી પડવાના હોય કાર્યકરોના ભોજનની પણ ડીસાના ચારે તરફના રસ્તા પર વ્યવસ્થા કરવામાં આવી છે. ■

# વડા પ્રધાનના પ્રવાસ પૂર્વે ક્ષત્રિય સમાજની શાંતિની અપીલ: આંદોલનની તલવાર મ્યાનમાં મૂકશે?

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્ર મોદી તા.૧લી મેના રોજ ગુજરાત પ્રચારમાં આવવાના છે. વડા પ્રધાન સૌરાષ્ટ્રમાં ભાજપનો પ્રચાર કરવાના છે. ભાજપને સૌથી મોટો ડર ક્ષત્રિયોના આંદોલનનો છે. હવે લાગે છે કે, વડા પ્રધાનની મુલાકાત પહેલા રાજપૂતો તલવાર મ્યાનમાં મૂકશે, કારણ કે સૌરાષ્ટ્રમાં ૨જી મે ના વડા પ્રધાનના કાર્યક્રમ પહેલા ક્ષત્રિય સમાજે શાંતિ જાળવવા અપીલ કરી છે. સંકલન સમિતિના નામે એક પત્ર સૌરાષ્ટ્રમાં વહેતો થયો છે.

સૌરાષ્ટ્રમાં વડા પ્રધાનના કાર્યક્રમ પહેલા ક્ષત્રિય સમાજે શાંતિ જાળવવા અપીલ કરી હતી. વાંકાનેરના અખિલ રાજપૂત યુવા સંઘના પ્રમુખ રાજેન્દ્રસિંહ જાડેજાએ ક્ષત્રિય સમાજના લોકોને શાંતિ જાળવવા અને કોઇ કાયદો હાથમાં ન લેવા અપીલ કરી હતી. સાથે જ લોકશાહી ઢબે લડત ચાલુ રાખવા અને તા.૭ મી સુધી આચારસંહિતાનું પાલન કરવા અપીલ કરી હતી. જામનગર, મોરબી અને વાંકાનેર ક્ષત્રિય સંકલન સમિતિ દ્વારા અપીલ કરતો પત્ર ફરતો કરાયો હતો. કોઇ અન્ય વ્યક્તિ આંદોલનને ગેરમાર્ગે ન દોરી જાય તે માટે સજાગ રહેવા અને વાતાવરણ ન ડહોળાઇ તેની તકેદારી રાખવા સૂચના અપાઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, સુરેન્દ્રનગર ખાતે આગામી તા. ૨જી મે ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની જાહેર સભાને લઈને તડામાર તૈયારીઓ શરૂ કરાઈ છે. રાજકોટ રોડ પર આવેલ ત્રિમંદિર સામે ગ્રાઉન્ડમાં બપોરે જાહેર સભા યોજાશે. સુરેન્દ્રનગર, રાજકોટ અને ભાવનગર લોકસભા બેઠક માટે નરેન્દ્ર મોદી જાહેર સભા યોજી ઝંઝાવાતી પ્રચાર કરશે. ત્યારે આ માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. ભાજપ સામે ક્ષત્રિયોના વિરોધ વચ્ચે વડા પ્રધાનની જાહેર સભા યોજાશે. ■

# આત્માના અવાજને ધ્યાનમાં લઇ ભાજપના વિરોધમાં મતદાન કરવા ક્ષત્રિયોનો નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટના ભાજપના ઉમેદવાર અને દિગ્ગજ રાજકીય આગેવાન પુરુષોત્તમ રૂપાલાના વાણી વિલાસના વિરોધમાં ક્ષત્રિયોમાં શરૂ થયેલી વિરોધની જ્વાળા હવે ગુજરાતમાં ઠેર ઠેર પહોંચી રહી છે. વડોદરામાં મળેલ ક્ષત્રિય અસ્મિતા સંમેલનમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા ક્ષત્રિયોની સતત અવગણના થઇ રહી હોવાની લાગણી સાથે વિરોધ ઊઠ્યો હતો. આગામી મતદાન ટાણે ભાજપના વિરોધમાં પોતાનો આત્માનો અવાજ જે કાંઇ કહે તેને ધ્યાનમાં લઇને મતદાન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

વડોદરાના માણેજા વિસ્તારમાં આવેલી સમાજની વાડી ખાતે મળેલા અસ્મિતા સંમેલનમાં ક્ષત્રાણિયો કેસરી સાડી સાથે ઉપસ્થિત રહ્યા હતા. આ સંમેલનને સંબોધતા પીઢ ક્ષત્રિય આગેવાન વિક્રમસિંહ મહારાઉલે જણાવ્યું હતું કે, ક્ષત્રિય સમાજ ક્યારેય ભાજપના વિરોધમાં રહ્યો નથી. હાલમાં ભાજપનો દબદબો છે તેવો એક સમયે કૉંગ્રેસનો દબદબો હતો. તેવા સમયે જનસંઘના સમયથી ભાજપને ક્ષત્રિય સમાજ મદદ કરતો આવ્યો છે. સ્વ. વિજયારાજે સિંધિયા, ગાયત્રીદેવી, ભૈરવસિંહ શેખાવત, હરીસિંહ ગૈડા જેવા ક્ષત્રિય અગ્રણી ભાજપને બેઠો કરવામાં અગ્રણી રહ્યા હતા, પરંતુ છેલ્લા કેટલાક સમયથી રાજસ્થાનમાંથી વસુંધરા રાજે, મધ્ય પ્રદેશમાંથી શિવરાજસિંહ ચૌહાણ, જનરલ વી. કે. સિંહની અવગણના કરવામાં આવી. ગુજરાતની વાત આવે તો સુરતમાંથી મદનસિંહ અટોદરીયા, ભરુચમાંથી ભરતસિંહ પરમાર, વડોદરામાંથી પી.એમ. જાડેજા, અમદાવાદમાં પ્રદિપસિંહ વાઘેલા, પ્રદિપસિંહ જાડેજા, ભાવનગરમાંથી રાજેન્દ્રસિંહ રાણા, આઇ. કે. જાડેજા, ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને સાઇડ લાઇન કરવામાં આવ્યા. આખી સરકારમાં એક માત્ર બળવંતસિહ બેઠા છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઇના સ્ટેચ્યૂ પાસે રજવાડાઓના મ્યુઝિયમની વાતો છેલ્લા પાંચ વર્ષથી કરવામાં આવી રહી છે, હજી માત્ર વાતો રહી છે. ભાવનગરના રાજવી કૃષ્ણકુમારસિંહજીને ભારત રત્ન આપવાની માગણી કરવામાં આવી છતાં તેની જાહેરાત કરવામાં ન આવી. આટલી અવગણના કરી હોવા છતાં ક્ષત્રિયો સંઘની વિચારધારા સાથે જોડાયેલા છે. ફક્ત રૂપાલાને બદલાની વાત મૂકી હતી. તેમના બદલે તેમના પરિવારમાંથી તેમના પત્ની કે સંતાનોને ટિકિટ આપી હોત તો પણ અમને કોઇ વાંધો ન હતો. પરંતુ અહંકારથી ભરેલા આગેવાનોએ કોઇ નિર્ણય લેવા દીધો ન હતો. તેમાં પણ રૂપાલાએ માફી માગી તેમાં પણ અહંકાર દેખાતો હતો. આ પરિસ્થિતિના કારણે જ સંકલન સમિતિ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે, હવે ભાજપની વિરુદ્ધ જે કોઇ સક્ષમ હોય તેને મત આપવાનો છે.


ક્ષત્રિય અગ્રણી કે.પી. જાડેજાએ જણાવ્યું હતું કે, કોઇ પાર્ટીની તરફેણમાં મતદાન કરવાનો કોઇજ નિર્ણય લેવામાં આવ્યો નથી. માત્ર ભાજપના ઉમેદવારનો વિરોધ કરવાનો છે. વોટ કરવા જાઓ તો કમળ દેખાતું હોય ત્યારે આત્માનો અવાજ જોવાનો છે. જેમણે આપણી અસ્મિતા પર ઘા કર્યો છે. તેનો વિરોધ કરવાનો છે. હાલમાં આ વિરોધ લોકસભાની ચૂંટણી પૂરતો છે, ચૂંટણી પછી વિચારીશું કે આપણે શું કરવાનું છે. ■










# ભાજપની રેલીમાં ભમરા ઊડ્યા: કાર્યકરો મૂઠીવાળીને દોડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ધાનેરામાં ભાજપની રેલીમાં ભમરા ઊડ્યા હતા. જેમાં ધાનેરામાં રેખા ચૌધરીના સમર્થનમાં રેલી યોજાઇ હતી. બનાસકાંઠા જિલ્લામાં રેલી દરમિયાન ભમરા ઊડતા કાફલો દોડાવો પડ્યો હતો. ભાજપના રોડ-શોમાં ભમરા ઉડતા દોડધામ મચી હતી. ભાજપના રેખાબેન ચૌધરીના સમર્થનમાં ભાજપના કાર્યકરોનો રોડ-શો હતો. જેમાં ભમરા ઊડતા કાર્યકરોમાં દોડધામ મચી અને બાઈકચાલકો પણ ભાગ્યા હતા. તાજેતરમાં બનાસકાંઠામાં ભમરાનો આતંક જોવા મળ્યો હતો. જેમાં ૫૦થી વધુ લોકોને ડંખ માર્યા હતા. ઢીમા ગામે શોભાયાત્રા દરમિયાન આ બનાવ બન્યો હતો. જેમાં ૫૦થી વધુ લોકોને ભમરા કરડતા ઈજાગ્રસ્ત થયા હતા. જેમાં ઈજાગ્રસ્તોને સારવાર માટે હૉસ્પિટલ ખસેડાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ પાટણમાં ડીજેના અવાજથી ભમરા ભડક્યા હતા. જેમાં દહેગામથી આવતા ભક્તોના સંઘ પર ભમરાઓએ હુમલો કર્યો હતો. ભમરા કરડતાં નિવૃત્ત જીઈબી કર્મચારીનું મોત થયું હતું. ■

# તો હું સંકલન સમિતિના આ સભ્યોને બંગડી પહેરાવીશ: પદ્મિનીબા વાળાની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પુરુષોત્તમ રૂપાલાના નિવેદન બાદ ક્ષત્રિય આંદોલનને વેગ આપવા માટે ઉપવાસ કરનાર પદ્મિનીબા વાળા હવે ક્ષત્રિય સમાજની સંકલન સમિતિ સામે પડ્યાં છે. એક સમયે પુરુષોતમ રૂપાલા પર આકરા પ્રહાર કરનારાં પદ્મિનીબાએ હવે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વખાણ કરવા લાગ્યાં છે અને સંકલન સમિતિના સભ્યોને બંગડી પહેરાવવાની વાતો કરી રહ્યાં છે.

ક્ષત્રિય આંદોલનનું એપી સેન્ટર ગણાતા રાજકોટ શહેરમાં જ હવે ક્ષત્રિય સંકલન સમિતિના સભ્યોને ક્ષત્રિય મહિલા અગ્રણી દ્વારા જ બંગડી પહેરાવવાની વાતો કરવામાં આવી રહી છે. ક્ષત્રિય મહિલા અગ્રણી પદ્મિનીબાએ પોતાના નિવેદન દરમિયાન જણાવ્યું હતું કે, જો રાજપૂત સમાજની આબરુ જશે તો તે પી ટી જાડેજા, રમજુ જાડેજા અને કરણસિંહને બંગડી પહેરાવશે. પદ્મિનીબાએ જો આંદોલન નિષ્ફળ જાય તો સંકલન સમિતિના પાંચ સભ્યોને બંગડી પહેરાવવાની વાત કરી હતી. તેમણે સ્પષ્ટ નામ ત્રણ લોકોના આપ્યાં હતાં. તો સાથે જ કહ્યું હતું કે, સંકલન સમિતિ સાથે હું નથી. તે સમાજને ગુમરાહ કરે છે. હાલ ચારથી પાંચ લોકો પોતાની મરજીથી સંકલન સમિતિ ચલાવે છે. ક્ષત્રિય સમાજના લોકો ગામડે ગામડે હેરાન થઈ રહ્યા છે. ચૂંટણી પછી સમિતિ કાંઈ કામ નહિ આવે. જ્યારે રૂપાલાએ ફોર્મ ભર્યું ત્યારે સમિતિ ઘરે જઈને સૂઈ ગઈ હતી કેવો સવાલ કર્યો હતો.

રાહુલ ગાંધી અને ઉમેશ મકવાણા દ્વારા પણ ક્ષત્રિય સમાજ ઉપર ટિપ્પણી કરવામાં આવી હતી અત્યારે અમારી લડત ચાલુ જ છે. રૂપાલાનો વિરોધ યથાવત રહેશે. હાલ કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને ઉમેશભાઈ પણ બોલ્યા છે. રાહુલ ગાંધીનું મોસાળ ક્યું છે તે જણાવે. આમ આદમી પાર્ટીના નેતાઓ જેલમાં છે જે બકાલું વેંચીને જેલમાં નથી ગયા. હાલ જે રજવાડા વિરુદ્ધ બોલે છે તેની તમામની સામે લડવું જોઈએ..આપણે બધા સામે વિરોધ કરવો જોઈએ. અત્યારે રાજકારણ કરવામાં આવી રહ્યું છે. આ બહેનોની સામાજિક લડાઈ નથી. પદ્મિનીબાએ સંકલન સમિતિ પર આક્ષેપ કરતા કહ્યું હતું કે જે લોકો સમાજનો ઝંડો લઈને નીકળ્યા છે તેમણે રાહુલ ગાંધી પાસે માફી મગાવી જોઈએ તો સાથે જ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના પણ તેમણે વખાણ કર્યાં હતાં અને કહ્યું હતું કે આજે હિન્દુત્વને લઈને મોદીસાહેબે કરેલા કામ ભૂલવા ન જોઈએ. ■

# ઉનાળુ વેકેશનમાં વિશેષ ભાડાં સાથે ગાંધીધામ-હાવડા વચ્ચે સ્પેશિયલ ટ્રેન શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ઉનાળાના વેકેશન દરમ્યાન સરહદી કચ્છ અને હાવડાને રેલ માર્ગે જોડતી વિશેષ ટ્રેન સેવાનો પશ્ચિમ રેલવે દ્વારા ૩૦મી એપ્રિલથી પ્રારંભ કરવામાં આવતાં કચ્છીમાડુંઓમાં આનંદની લાગણી ફેલાઇ છે. રેલવે વિભાગે જાહેર કરેલી વિગતો અનુસાર, ટ્રેન નંબર ૦૯૪૪૯ ગાંધીધામ-હાવડા સ્પેશિયલ ગાંધીધામથી મંગળવાર, ૩૦ એપ્રિલ ૨૦૨૪ના રોજ રાત્રે ૨૩:૦૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે વહેલી પરોઢે ૦૪:૦૦ કલાકે હાવડા પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૪૫૦ હાવડા-અમદાવાદ સ્પેશિયલ હાવડાથી શુક્રવાર, ૦૩ મે ૨૦૨૪ના રોજ ૨૦:૦૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે ૨૩:૦૦ કલાકે ગાંધીધામ પહોંચશે. ■



# ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી ગુરુવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

અંગ્રેજી-ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| Not | ગાંઠ |
| Note | શૂન્ય |
| Nought | નહીં |
| Naughty | નોંધ |
| Knot | તોફાની |

## ઓળખાણ રાખો



છીપલામાં રહેલી પોચી માછલી અંગ્રેજીમાં કયા નામથી ઓળખાય છે? કાલવ કે કાલુ માછલી તરીકે ઓળખાતા આ દરિયાઈ જીવમાં ક્યારેક મોતી મળી આવે છે.

અ) લોબસ્ટર બ) ઓયસ્ટર ક) ક્રેફિશ ડ) સ્ક્વિડ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | હે | ૨ સા | ૩ ન | ૪ ફ | ૫ રા | મો | ૬ શ | | ૭ ત |
| ચ | | ૮ જી | વ | ર | ત | | ૯ ત | ૧૦ રે | હ |
| લા | | ન્દા | | ફ | | ૧૧ ગ | | ૧૨ ખા | સ |
| ૧૩ ય | ૧૪ સ | | ૧૫ અ | રિ | મ | ર્દ | ૧૬ ન | | ન |
| ૧૭ ત | રુ | | ૧૮ બા | યું | | | મૂ | | હ |
| ન | | ૧૯ વ્યા | ધિ | | ૨૦ દી | ૨૧ વા | ને | ૨૨ ખા | સ |
| | ૨૩ સા | | ૨૪ ત | ૨૫ મ | | ૨૬ લ | દા | ખ | |
| ૨૭ ઉ | પ | ર | | ન | | | ર | | ૨૮ ગ |
| હે | | | ૨૯ રા | મા | નુ | ૩૦ જ | | ૩૧ ના | મા |
| ૩૨ શ | તા | વ | ધા | ની | | ૩૩ ત | દા | કા | ર |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | ૫ | | ૬ | |
| ૭ | | | | ૮ | | | | ૯ | ૧૦ |
| ૧૧ | | | ૧૨ | | | | | ૧૩ | |
| | | ૧૪ | | | | | ૧૫ | | |
| ૧૬ | ૧૭ | | | | | ૧૮ | | ૧૯ | |
| | ૨૦ | | | | ૨૧ | | ૨૨ | | |
| ૨૩ | | | | ૨૪ | | | | | |
| | | ૨૫ | | | | | ૨૬ | ૨૭ | |
| | | | | ૨૮ | | ૨૯ | | | |
| ૩૦ | | | | | | ૩૧ | | | |

### આડી ચાવી

૧. લોકશાહી---- કરવું જ જોઇએ (૪)
૪. સારી રીતે રક્ષાયેલું (૪)
૭. તરવું તે (૩)
૮. પત્ર, પત્રિકા (૩)
૯. ‘રમવું’નું આજ્ઞાર્થ (૨)
૧૧. વીતી ગયેલું (૨)
૧૨. સમાચાર (૨)
૧૩. દેવીના --- નો પરચો થાય (૨)
૧૪. કાફલો (જો. છૂ.) (૪)
૧૬. ત્રિવિક્રમ, વિષ્ણુ (જો. છૂ) (૩)
૧૮. આજ્ઞા, આદેશ, હુકમ (૪)
૨૦. દળાવા મૂકવાનો સામાન (૩)
૨૨. બધું, સઘળું (૩)
૨૩. જુવાર (૨)
૨૪. સમૃદ્ધ (૪)
૨૫. અમસ્તું (૩)
૨૬. આસમાન, સપાટી (૩)
૨૮. રોજ સવારે બોલે (૩)
૩૦. અધીરાઇ, ચંચળતા (૫)
૩૧. -- ભરો તો સામયિક આવે (૪)

### ઊભી ચાવી

૧. ચૂંટણીમાં --- પછી વિજેતા જાહેર થાય (૫)
૨. હમણાં જ તાત્કાલિક (૩)
૩. ટેક્ષ, કર (૨)
૪. અણગમો, ઘૃણા (જો. છૂ) (૨)
૫. કમાવું (૩)
૬. પ્યાસ (૩)
૮. ઉનાળામાં--- ગરમી પડે (૪)
૧૦. અહીં બધા મત આપવા જાય (૭)
૧૨. સૂરજ (૨)
૧૪. પાણીમાં કાંકરી નાખો તો થાય (૩)
૧૫. નોકરીમાંથી કાઢી મૂકવું (૫)
૧૭. ઘરની કિંમત કરવી તે (૩)
૧૯. મમ્મીના પપ્પાનો દીકરો (૨)
૨૧. ગધેડો --- મારે (૨)
૨૩. પ્રસિદ્ધિ (૪)
૨૪. ઝંઝટ, કડાકૂટ (૪)
૨૫. અવાજ વગરનું (૩)
૨૭. સામાન (૩)
૨૯. પાણી ખેંચવા માટે જોઇએ (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘ઘણીવાર પુરુષાર્થીને પ્રારબ્ધનો સાથ નથી મળતો’ પંક્તિમાં પ્રારબ્ધ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) હિંમત બ) પ્રચાર ક)પ્રકૃતિ ડ) નસીબ

## માતૃભાષાની મહેક

કાયા કાચો કુંભ, કાયા પાણીનો પરપોટો ફૂટતા વાર નહીં એ બંને રૂઢિપ્રયોગ જીવનની ક્ષણભંગુરતા દર્શાવે છે. કાયા, છાયા ને પોતાનો છાંયડો એટલે કાયા જ ખરો છાંયો આપે, શરીરે સુખી એ મોટું સુખ. માયા ભય છે, કંઇ કાયાને ભય છે? મતલબ ધન દોલતને ચોરનો કે બીજો ભય રહે છે, કાયા એટલે માત્ર શરીરને કોઈ ભય નથી, અર્થાત દેહ નિર્ભય છે, માત્ર તેને માયા લાગેલી હોય તો તે હરાઇ જવાનો ભય રહે છે.

## ગુજરાત મોરી મોરી રે

‘વ્યવસ્થા કરનારને કાયમ વધુ પરિશ્રમ કરવો પડતો હોય છે’ એ ભાવાર્થની કહેવતના શબ્દો આડા અવળા થઇ ગયા છે જે યોગ્ય રીતે ગોઠવી કહેવત જણાવો.

ચાલે ચાલે ગાઉ ચૌદ તો બાર ગધેડા ગાઉ કુંભાર

## ઈર્શાદ

આટલા વર્ષે હવે ઈકરાર ના કરશો તમે,
જામ શું કે ઝેર શું, સઘળું સમય પર જોઈએ.

-- મનહરલાલ ચોક્સી

## સુડોકુ-૫૦૭૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૭ | | | | ૪ |
| ૩ | ૭ | | ૮ | | ૬ | | | |
| ૪ | | ૫ | | | | | | |
| ૫ | | ૭ | | | ૪ | | | ૨ |
| ૨ | | ૮ | ૩ | | ૭ | ૯ | | ૫ |
| ૧ | | | ૨ | | | ૭ | | ૩ |
| | | | | | | ૫ | | ૯ |
| | | | ૭ | | ૧ | | ૨ | ૬ |
| ૮ | | | | ૫ | | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૫૦૭૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૯ | ૭ | ૧ | ૩ | ૮ | ૬ | ૫ |
| ૧ | ૬ | ૭ | ૪ | ૫ | ૮ | ૯ | ૩ | ૨ |
| ૩ | ૮ | ૫ | ૬ | ૨ | ૯ | ૧ | ૭ | ૪ |
| ૬ | ૫ | ૧ | ૩ | ૮ | ૭ | ૪ | ૨ | ૯ |
| ૭ | ૩ | ૪ | ૧ | ૯ | ૨ | ૬ | ૫ | ૮ |
| ૨ | ૯ | ૮ | ૫ | ૪ | ૬ | ૭ | ૧ | ૩ |
| ૯ | ૭ | ૨ | ૮ | ૬ | ૫ | ૩ | ૪ | ૧ |
| ૫ | ૧ | ૩ | ૯ | ૭ | ૪ | ૨ | ૮ | ૬ |
| ૮ | ૪ | ૬ | ૨ | ૩ | ૧ | ૫ | ૯ | ૭ |

## માઈન્ડ ગેમ

પ્રતિ કલાક ૭૦ કિલોમીટરની ઝડપે જતા વાહનને રસ્તામાં ૪૫ મિનિટની વિશ્રાંતિ સાથે ૩૮૫ કિલોમીટર અંતર કાપતા કુલ કેટલો સમય લાગ્યો હશે એ જણાવો.

અ) ૫ કલાક ૨૦ મિનિટ બ) ૫ કલાક ૫૦ મિનિટ ક) ૬ કલાક ૧૫ મિનિટ ડ) ૬ કલાક ૪૫ મિનિટ

## ગયા બુધવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| Sort | પ્રકાર |
| Sortie | હુમલો |
| Suit | પોશાક |
| Soot | મેશ |
| Shoot | ગોળી મારવી |

**ગુજરાત મોરી મોરી રે**
પૈસા મળે ત્યારે સગાં પણ ઘણાં મળે

**ઓળખાણ પડી?**
ઈગ્લૂ

**માઈન્ડ ગેમ**
૬૨૦

**ચતુર આપો જવાબ**
ઉખાણું ઉકેલો
બાળપણ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) તાહેર ઔરંગાબાદવાલા (૫) શીરીન ઔરંગાબાદવાલા (૬) અબદુલ્લા એફ. મુનીમ (૭) પ્રતીમા પમાણી (૮) ધીરેન્દ્ર ઉદેશી (૯) નીતા દેસાઈ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) ડો. પ્રકાશ કટકિયા (૧૨) ભારતી પ્રકાશ કટકિયા (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) ભારતી બુચ (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) પુષ્પા પટેલ (૧૮) વિભા મહેશ્વરી (૧૯) નંદકિશોર સંજાણવાળા (૨૦) મીનળ કાપડિયા (૨૧) પ્રવીણ વોરા (૨૨) જ્યોતિ ખાંડવાલા (૨૩) લજિતા ખોના (૨૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) ભાવના કર્વે (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) કલ્પના આશર (૩૦) હર્ષા મહેતા (૩૧) મહેશ દોશી (૩૨) વિણા સંપટ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) રજનીકાંત પટવા (૩૫) સુનીતા પટવા (૩૬) પુષ્પા ખોના (૩૭) અંજુ ટોલિયા (૩૮) અલકા વાણી (૩૯) દિલીપ પરીખ (૪૦) અરવિંદ કામદાર (૪૧) સુરેખા દેસાઈ (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નિતીન બજરિયા (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) હિના દલાલ (૪૭) રમેશ દલાલ (૪૮) ઈનાક્ષી દલાલ (૪૯) હેમા હરીશ ભટ્ટ (૫૦) શીલા ભટ્ટ (૫૧) ગિરીશ શેઠ (૫૨) જગદીશ વલ્લભજી ઠક્કર (૫૩) હરીશ મનુભાઈ ભટ્ટ (૫૪) હીરાબેન શેઠ (૫૫) અતુલ જશુભાઈ શેઠ

## વિશેષ (સાતમાં પાનાનું ચાલુ)

આવી અને મહાગુજરાતની માગણી કરવામાં આવી હતી. તારીખ૧ ૩ ઓગસ્ટ જેતપુરના વિદ્યાર્થીઓએ હડતાલ પાડી જેમાં પાછળથી મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા. ઘણા સ્થળોએ કાળાં વાવટા ફરકતા હતા. એક સરઘસ કાળા વાવટા સાથે સૂત્રો પોકારતું શહેરમાં ફર્યું હતું અને જાહેર સભામાં શહીદોને અંજલિ આપી હતી.

અંતે જનતાની જીત થઈ અને સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાત મળી સંયુક્ત ગુજરાત રાજ્યની સ્થાપના પહેલી મે ૧૯૬૦ ના રોજ અમદાવાદ સાબરમતી આશ્રમમાં જાણીતા લોકસેવક શ્રી રવિશંકર મહારાજના હસ્તે કરવામાં આવી.

આંદોલન સમયે કેટલાક પ્રચલિત થયેલા ગીતોના થોડા શબ્દોઃ (૧) ગરવી ગુજરાતને નો ’ તી રેસવી, રેસી નાખી મોટી કીધી ભૂલ રે...... મુંબઈના સુબા, હાંરે મોરારજી કાકા,... ગરવી. (૨) તમારી જાન ફેસાની - શહાદત, મહા ઇતિહાસ બની રહેશે...!

જય નાદ મહાગુજરાત, અંતિમ ધ્યેય અમ રહેશે.

(૩) મહાગુજરાતનું ગૌરવ ગીત

ડંકો વાગ્યો મહાગુજરાતનો, અમર છે દુનિયામાં જેનું નામ રે..... મહાગુજરાત જીતી વીરા આવજો, પાછું પગલું ભરશો નહીં લગારરે.....

સંદર્ભઃ મહાગુજરાતનો જંગ

(લે. યશપાલ પરીખ)

## કવર સ્ટોરી (સાતમાં પાનાનું ચાલુ)

પહોંચી છે, જે પાછલા વર્ષની સરખામણીમાં ૮૩ ટકાનો વધારો દર્શાવે છે. અસ્કયામતોમાં વધારો રોકાણકારોની સંખ્યામાં વધારા દ્વારા પૂરક હતો, માર્ચ ૨૦૨૪માં ફોલિયોની સંખ્યા ૧.૯ કરોડ સુધી પહોંચી હતી, જે એક વર્ષ અગાઉ ૧.૦૯ કરોડ હતી, જેમાં ૮૧ લાખનો રોકાણકારોનો આધાર ઉમેરાયો હતો.

આ સ્મોલકેપ ફંડ્સ પ્રત્યે રોકાણકારોનો ઝોક દર્શાવે છે. આ સંદર્ભની એક સંશોધન નોંધ અનુસાર ભારતની અર્થવ્યવસ્થા વિકાસના માર્ગે હોવાથી ઘણી અનલિસ્ટેડ સ્મોલકેપ કંપનીઓ મૂડીબજાર તરફ દોડી રહી છે. આ વલણ લાંબા ગાળાની વૃદ્ધિની સંભાવનાઓ પર નજર રાખતા રોકાણકારો માટે આશાસ્પદ તકો પૂરી પાડે છે.

અલબત્ત, સામાન્ય ચૂંટણીઓ, ચોમાસાની આગાહી, આર્થિક પ્રવૃત્તિ, ફુગાવો, જીડીપી અંદાજો અને કોર્પોરેટ પરિણામો જેવા પરિબળો સ્મોલકેપ કંપનીના મૂલ્યાંકનને પ્રભાવિત કરે છે અને અસ્થિરતા સર્જે છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં સ્મોલ-કેપ ફંડ્સમાં રૂ. ૪૦,૧૮૮ કરોડનો આંતરપ્રવાહ જોવા મળ્યો હતો, જે અગાઉના નાણાકીય વર્ષમાં રૂ. ૨૨,૧૦૩ કરોડના પ્રવાહ કરતાં ઘણો વધારે હતો.

જો કે, માર્ચ મહિનામાં સ્મોલકેપ ફંડ્સમાં બે વર્ષમાં પ્રથમ વખત રૂ. ૯૪ કરોડનો નેટ આઉટફ્લો જોવા મળ્યો હતો. માર્કેટ રેગ્યુલેટર સેબીએ ફેબ્રુઆરીના અંતમાં સ્મોલ અને મિડકેપ ફંડ્સમાં ઉછાળા અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને મ્યુચ્યુઅલ ફંડ હાઉસિસને આ ફંડ્સમાં રોકાણ કરનારા રોકાણકારોના હિતની રક્ષા કરવા માટે એક માળખું તૈયાર કરવા નિર્દેશ આપ્યો હતો.

પાછલાં કેટલાક ક્વાર્ટરમાં મ્યુચ્યુઅલ ફંડની સ્મોલ અને મિડકેપ સ્કીમ્સમાં ભારે આંતરપ્રવાહની પૃષ્ઠભૂમિમાં ચિંતાજનક સ્થિતિ નિર્માણ થઇ હતી. ઉપલબ્ધ ડેટા અનુસાર, સ્મોલકેપ મ્યુચ્યુઅલ ફંડની એસેટ અંડર મેનેજમેન્ટ (એયુએમ) માર્ચ ૨૦૨૩ના અંતે રૂ. ૧.૩૩ લાખ કરોડની સરખામણીએ રૂ. ૨.૪૩ લાખ કરોડની ટોચે પહોંચી હતી.

માર્ચ ૨૦૨૨માં આકર્ષક વળતર, રોકાણકારોનું પોઝિટિવ સેન્ટિમેન્ટ, પોર્ટફોલિયો વૈવિધ્યકરણ અને રિટેલ પાર્ટિસિપેશનમાં વધારો જેવા અનેક પરિબળોને કારણે એસેટમાં ભારે ઉછાળા જોવા મળ્યા છે. એક અભ્યાસ અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૪માં સ્મોલકેપ ઇન્ડેક્સ ૬૦ ટકા વધ્યો છે, જે એયુએમમાં મોટાભાગની વૃદ્ધિ માટે જવાબદાર છે.

ઉપરાંત, રોકાણકારોમાં વર્તમાન હકારાત્મક લાગણી, મજબૂત આર્થિક પ્રવૃત્તિ અને કમાણીમાં વૃદ્ધિ દ્વારા પ્રોત્સાહિત, સ્મોલકેપ ફંડ્સ તરફની ફાળવણીમાં વધારો કરવા માટેનું મુખ્ય પરિબળ રહ્યું છે.

એકંદરે, ઇક્વિટીલક્ષી મ્યુચ્યુઅલ ફંડ કેટેગરીઝની એયુએમ નાણાકીય વર્ષ ૨૦૨૪માં પંચાવન ટકા વધીને રૂ. ૨૩.૫૦ લાખ કરોડ થઈ હતી.

અમુક નિષ્ણાતો માને છે કે, સ્મોલકેપ વળતર માત્ર બજારના સેન્ટિમેન્ટનું પરિણામ નથી, પરંતુ કમાણીમાં અદ્ભૂત વૃદ્ધિ પણ છે. જો કે, ઐતિહાસિક રીતે એવું જોવામાં આવ્યું છે કે ઉત્સાહનો સમયગાળો નીચા વળતરના સમયગાળાને અનુસરે છે. તે મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે , નકારાત્મકથી નીચા વળતરની સંભાવના સૌથી વધુ છે.

સ્મોલકેપ ફંડ્સ આકર્ષક વૃદ્ધિની સંભાવનાઓ પૂરી પાડે છે. જોકે, ઉદ્યોગના નિષ્ણાતોએ સૂચવ્યું હતું કે રોકાણકારોએ આ સેગમેન્ટમાં રોકાણ વિશે વિચારતા પહેલા પોતાની જોખમ ક્ષમતા અને રોકાણની ક્ષિતિજનું સંપૂર્ણ મૂલ્યાંકન કરવું મહત્ત્વપૂર્ણ છે.

## પ્રાસંગિક (સાતમાં પાનાનું ચાલુ)

એમણે તેનો અમલ કર્યો હતો.

ચીનની મુલાકાત લઈને ચીનના પ્રમુખ શી જિનપિંગ સાથે સંરક્ષણ કરાર કર્યો છે. માલદીવ ચીનના જહાજને પોતાના પ્રદેશમાં આવવાની છૂટ આપીને ચીનને ભારતની જાસૂસી કરવાની તક આપી છે.

માલદીવ બે રીતે ભારતને માટે ખતરો અને મુશ્કેલી ઊભી કરે છે. ત્યાંના લોકોમાં મુસ્લિમ કટ્ટરવાદ વધતો જાય છે અને તેના પ્રમુખે ‘ઈન્ડિયા આઉટ’ની ઝુંબેશ શરૂ કરી છે.

ભારત પર માલદીવથી આતંકવાદી હુમલો થાય એવું જોખમ પણ વધતું જાય છે. બીજું, માલદીવને માધ્યમ બનાવીને ચીન તેના બદઈરાદા અને ખરાબ મનસૂબાને અમલમાં મૂકી શકે. ભારત સરકારે આ જોખમોને પહોંચી વળવા ચાણક્યપણું દાખવવું પડશે.

## કચ્છી ચોવક — કિશોર વ્યાસ

kishor.vyas@bombaysamachar.com

# ચોવક કહે છેઃ ભૂતકાળ દુઃખદ હોય તો ભૂલી જાવ!

ગુજરાતીમાં એક પ્રચલિત કહેવત છેઃ વાન ન આવે પણ શાન આવે! એ જ વાત કચ્છીમાં ચોવક આ રીતે કહે છેઃ **‘‘વેંણ ન અચે ત ઓસાંણ અચે’’** પ્રથમ શબ્દ ‘વેંણ’ છે. જેનો અર્થ થાય છેઃ વેણ, શબ્દો, ભાષા... ‘અચે’ એટલે આવે અને ઓસાંણનો અર્થ થાય છેઃ નવી હિમ્મત, જુસ્સો! આટલા વિભિન્ન અર્થોના અંતે ચોવકનો શબ્દાર્થ થાય છેઃ ‘સોબત તેવી અસર’. સજ્જનોની સોબત હોય તો સજ્જનતામાં વધારો થાય અને દુર્જનની સોબત હોય તો જે હોય એ સદ્‌ગુણોનો પણ નાશ થાય છે.

એક બહુ મઝાની ચોવક છેઃ **‘‘વોરાવા સેજ લૂંટારા’’** ઘણા બધા ભાવાર્થ ધરાવતી આ ચોવકમાં જે ‘વોરાવા’ શબ્દ છે તેનો અર્થ થાય છેઃ વળાવિયા. પણ ચોવકમાં તેનો અર્થ વિશ્વાસુ બંધ બેસતો થાય છે. ‘સેજ’ શબ્દનો અર્થ થાય છેઃ એ જ. ‘લૂંટારા’ એટલે લૂંટારા, વિશ્વાસભંગ કરનારઃ શબ્દાર્થ છેઃ જે વળાવિયા છે, તે જ લૂંટારા બની ગયા. જેનો ભાવાર્થ થાય છેઃ જે નીતિ છોડી દે છે, તેવી વ્યક્તિ.

જ્યારે એક પછી એક ઉપાધીમાં વધારો થતો રહે, અને જીવનના આનંદનો ધ્વંશ થતો રહે ત્યારે કચ્છીમાં એક ચોવક પ્રયોજાય છેઃ **‘‘વીંયાં વિચ વરસી’’** ‘વીંયાં’ એટલે લગ્ન (કે કોઈપણ શુભપ્રસંગ), ‘વિચ’નો અર્થ થાય છે, વચ્ચે અને વરસી એટલે કોઈનાં મૃત્યુ પછી કરવામાં આવતી અને ‘વરસી’ તરીકે ઓળખાતી વિધી! જે દુઃખદ જ હોય છે. શબ્દોના અર્થ મુજબ ચોવકનો અર્થ થાય છે કે લગ્ન પ્રસંગ વચ્ચે આવતું વિઘ્ન. પણ ભાવાત્મક અર્થ જોવા જઈએ તો, એમ કહી શકાય કે, એક તો ઉપાધીમાં જીવતા હોઈએં ત્યાં બીજી ઉપાધી આવી પડે! જીવનનો આનંદ અવરોધાતો જાય તેવાં વિઘ્નો આવવાં.

‘વીંયાં’ શબ્દના પ્રયોગ સાથે બીજી પણ એક ચોવક કચ્છીમાં પ્રચલિત છે. ચોવક છેઃ **‘‘વીંયાં વિચ ઘરગેંણૂ’’** જેનો અર્થ પણ એ જ થાય છે કે, ઉપાધીમાં વધારો થવો. પણ ચોવક જે શબ્દોના આધારે રચાઈ છે, એ શબ્દોના અર્થ જાણવા રસપ્રદ રહેશે. ‘વીંયાં’ એટલે લગ્ન એ આપણે આગળની ચોવકમાં સમજ્યા. ‘વિચ’નો અર્થ થાય છેઃ વચ્ચે, અને ‘ઘરગેંણૂ’નો અર્થ થાય છેઃ પુર્નલગ્ન! અહીં પુર્નલગ્નનાં પાત્રોમાં સ્ત્રી-પુરુષ બન્નેનો સમાવેશ થાય છે, જેમાં છૂટાછેડા થયેલાં, વિધૂર કે વિધવા કે સ્ત્રી હોય તો ત્યકતાનો સમાવેશ કરી શકાય છે.

આ ચોવક જાણજો મિત્રો. ચોવક છેઃ **‘‘વિઠે ન ડિસે સે, ઉભે કુર ડિસે!’’** આમ અર્થ એવો થાય છે કે, જે બેઠાબેઠા ન જોઈ શકે તે ઊભા ઊભા ક્યાંથી જોઈ શકવાના છે! ‘વિઠે’ એટલે બેઠાં. ‘સે’નો અર્થ થાય છેઃ તે. ‘ઊભે’ એટલે ઊભા (ઊભા) ‘કુર’ શબ્દનો અર્થ છેઃ ક્યાંથી. પરંતુ ચોવકના ગર્ભિત અર્થમાં ધૃતરાષ્ટ્રપણું છૂપાયેલું હોય તેવું સમજવા મળે છે. બંધ આંખે પણ સ્થિતિ દીવા જેવી સ્પષ્ટ દેખાતી (સમજાતી) હોવા છતાં અધત્વનો આંચળો ઓઢી રાખવાની વાત ચોવક કરે છે. જેને ‘કેમ કરતાં કાંઈ પણ દેખાતું નથી’!

લોકો પોતાના ભૂતકાળનાં દુઃખોને ભૂલતા નથી, એ વાગોળ્યા જ કરે! પરંતુ એ લોકો, એ કહેવત ભૂલી જાય છે કે, **‘‘ગઈ તિથિ તો બ્રાહ્મણ પણ ન વાંચે.’’** ભૂતકાળને યાદ કરતા રહેવાનો કોઈ અર્થ નથી. એ જ વાત કચ્છી ભાષામાં એ જ ઢબથી, એ જ અર્થ સાથે ચોવક પણ કહે છેઃ ‘‘વિઈ તિથિ ભ્રાયણ પ ન વાંચેં’’ વિઈ તિથી’ બે શબ્દોનો સમૂહ છે જેનો અહીં અર્થ થાય છેઃ ‘વીતી ગયેલી તિથિ.’ ‘ભ્રાયણ’એટલે બ્રાહ્મણ અને ‘પ’ એકાક્ષરી શબ્દનો અર્થ થાય છેઃ પણ.

## સાયબર સાવધાની — પ્રફુલ શાહ

feedback@bombaysamachar.com

# ₹ ૧૦૪ કરોડના ઓર્ડર રદ કરીને પણ બે કરોડની આવક!

માત્ર બુદ્ધિ અને મોબાઇલ ફોનની મદદથી કરોડો રૂપિયાની છેતરપિંડી થઇ શકે? માનવામાં ન આવે પણ આવો ચોંકાવનારો કિસ્સો અમદાવાદમાં બન્યાનું બહાર આવ્યું હતું. આમાં બન્ને આરોપીઓએ ઓનલાઇન શોપિંગ અને ક્રેડિટ કાર્ડના નિયમોનો ઊંડો અભ્યાસ કર્યા બાદ એના નામે ઊંડી રમત શરૂ કરી હતી.

અમદાવાદ શહેરની સાયબર ક્રાઇમ પોલીસે બે પિતરાઇ ભાઇઓની મોડસ ઓપરેન્ડી જાહેર કરી ત્યારે ભલભલા ચતુરજન મોઢામાં આંગળા નાખી ગયા હતા. આ બન્નેએ જિયો માર્ટ પરથી ઓનલાઇન શોપિંગ કરી. એમાં કંઇ ખોટું નથી. અમુકમાં કેશ ઓન ડિલિવરીની પસંદગી કરી અને અમુક સોદામાં એક ખાનગી બૅન્કના કાર્ડથી પેમેન્ટ કર્યું. એમાંય કંઇ જ ખોટું નથી. તો ખોટું ક્યાં થયું અને શું થયું?

એ હવે સમજીએ. આ બન્નેએ અલગ-અલગ મોબાઇલ નંબર પરથી મોટી-મોટી રકમની ઓનલાઇન ખરીદી કરી. આના થકી રિવોર્ડ પોઇન્ટ મેળવી લીધા, પરંતુ ડિલિવરીની તારીખ અગાઉ ઓર્ડર કેન્સલ કરાવી દે કેશ ઓન ડિલિવરી લિસ્ટસમાં તો ઓર્ડર રદ કરવાથી કંઇ ચૂકવવાનું ન આવે. ખાનગી બૅન્કના નિયમ મુજબ ઓર્ડર કેન્સલ કરાવવાથી થયેલું પેમેન્ટ પાછું મળી જાય. તો આમાં છેતરપિંડી ક્યાં થઇ? કોની સાથે? કેવી રીતે?

તમે ખરીદી કરીને રિવોર્ડ પોઇન્ટ મેળવી લીધા પણ બધા ઓર્ડર રદ કરી દીધા. આમ છતાં પોતાના ખાતામાં જમા થયેલા રિવોર્ડ પોઇન્ટ વાપરીને બન્ને મફતમાં ચીજ-વસ્તુ મેળવી શકે. બૅન્ક તરફથી મળેલા રિવોર્ડ પોઇન્ટનો બન્ને ચાલાકીપૂર્વક ઉપયોગ કરતા હતા. આ પોઇન્ટના રૂપિયાથી પોતાના ગજવામાંથી એક ફદિયું પણ ખર્ચ્યા વગર તેઓ ખરીદી લેતા હતા.

અને બન્ને પિતરાઇએ જુદી-જુદી સર્વિસ પ્રોવાઇડર કંપનીના સિમ કાર્ડવાળા ૧૨ મોબાઇલ ફોન, લેપટોપ અને રાઉટરની મદદથી ૧૦૪ કરોડ (હા, પૂરા એકસો ચાર કરોડ) રૂપિયાના ઓર્ડર આવ્યા હતા. આ બધા કેન્સલ કરાવીને રિવોર્ડ પોઇન્ટ મારફતે રૂા. બે કરોડના ગોલ્ડ કોઇનની ખરીદી કરી હતી.

બન્ને બૅન્કના રિવોર્ડ પોઇન્ટ થકી જે ગોલ્ડ કોઇનની ખરીદી કરતા એની ડિલિવરી સગાસંબંધી અને મિત્રોના ઘરના સરનામે મંગાવતા હતા. વડોદરા અને સોમનાથના આ આરોપીઓમાં એક બી. કોમ. હતો, તો બીજો એમ. કોમ. આ આખું કારસ્તાન આઠ મહિનામાં આચરાયાનું પોલીસની તપાસમાં બહાર આવ્યું હતું.




## ગુજરાત ડાયરી (સાતમાં પાનાનું ચાલુ)

# ક્ષત્રિયોને મનાવવા કાજે...

ગુજરાતનાં કચ્છ, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, રાજકોટ અને દેવભૂમિ દ્વારકા જિલ્લાને આવરી લેતા માર્ગ પર ક્ષત્રિયોનો અસ્મિતા ધર્મરથ ફર્યો છે. તેની સામે ભા.જ.પ.ના નાયબ ગૃહ મંત્રી હર્ષ સંઘવી અને પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરે હેલિકોપ્ટરમાં ઉડાઉડ કરીને કચ્છ, સાબરકાંઠા, જામનગર, સુરેન્દ્રનગર, રાજકોટ, આણંદ અને ભાવનગરની બેઠક પર પહોંચી જઈને ત્યાં રાજપૂતોને કારણે કેટલું નુકસાન થઈ શકે તેનું આકલન કરી ક્ષત્રિયોના રોષને ખાળવાનો પ્રયત્ન પણ કરી રહ્યા છે. દલીલથી નહીં પણ દિલથી રાજપૂતોને જીતવાનો અને હવે ક્ષત્રિયોને ઉશ્કેરાવાનું કે દુભાવાનું કોઈ કારણ ન મળે તેના પ્રયત્નો પણ રત્નાકર અને સંઘવી કરી રહ્યા છે. આનું કારણ કદાચ એવું છે કે ક્ષત્રિયોનો રૂપાલા સામેનો રોષ હવે ભા.જ.પ. સામેના રોષમાં પરિવર્તિત થઈ રહ્યો છે.હજુ ક્ષત્રિયોના બે મહાસંમેલન બારડોલી અને જામનગરમાં પણ યોજાવાના છે. આગામી લોકસભાની જે ચૂંટણી ભા.જ.પ. ગુજરાતમાં આરામથી સુતાસુતા જીતી જશે એવો માહોલ હતો ત્યાં હવે જાણે ભા.જ.પ.એ જીતવા માટે પરસેવો પાડવો પડે છે એવી સ્થિતિનું નિર્માણ થયું છે હોં!

LIKE & FOLLOW: /Mumbaisamachar4u



# ઇન્ટરવલ




# મહાગુજરાતનો જંગ

## આજે 'ગુજરાત દિવસ' નિમિત્તે યાદ કરીએ એ નિર્દોષ વિદ્યાર્થીઓના બલિદાનને...



વિશેષ
ડૉ. ભૂપેન્દ્રસિંહ અભાણી
feedback@bombaysamachar.com

૮ ઓગસ્ટ ૧૯૫૬ આકાશમાં સૂરજ નારાયણ બરાબર મધ્યાહ્‌ન તપ્યા હતા. તે સમયે અમદાવાદના લોકોની હજુ બપોરની ઊંઘ પૂરી થઈ ન થઈ ત્યાં તો ધડાધડ ગોળીબારના અવાજ સંભળાવા લાગ્યા. લોકો વિચારમાં પડી ગયા, આ શું ડાકુઓ કે આતંકવાદી જૂથ હુમલો કરી ગોળીબાર કરી રહ્યા છે,. પરંતુ આ ગોળીબાર તો ગાંધીના અહિંસક ગુજરાતની નમાલી પોલીસ નિર્દોષ અને કોઈના લાડકવાયા એવા વિદ્યાર્થી યુવાનો પર ગોળીબાર કરી રહી હતી.

શું કારણ હતું આ ગોળીબારનું.....?

પાશ્ચાદ્ ભૂમિકામાં નજર કરીએ તો, આઝાદીની લડત સમયે કોંગ્રેસે ભાષા વાર દેશના અલગ અલગ પ્રાંત બનાવવાનું વચન આપેલ, તે પ્રમાણે દેશના અલગ અલગ પ્રાંત (ઇલાકા) બનાવવામાં આવ્યા. ગુજરાતીઓને હતું કે મહાગુજરાત રાજ્ય બનશે પરંતુ આ આશા ઠગારી નીવડી. ગુજરાત, કચ્છ અને વિદર્ભ સહિત મુંબઈનું દ્વિભાષી (ગુજરાતી-મરાઠી) રાજ્ય રચવાનો પાર્લામેન્ટે નિર્ણય લીધો અને સૌરાષ્ટ્ર અલગ રાજ્ય બન્યું (જેના પ્રથમ મુખ્યમંત્રી શ્રી ઢેબરભાઈ બન્યા હતા)જેનો સમગ્ર ગુજરાતી લોકોએ વિરોધ કરવાનું નક્કી કર્યું અને તે માટે કેટલાક નિર્દોષ વિદ્યાર્થીઓ કોંગ્રેસ હાઉસ કોંગ્રેસી નેતાઓને મળવા ગયા હતા પણ તેઓને શું ખબર કે આ રીતે તેમના પર ખુલ્લેઆમ ગોળીબાર કરવામાં આવશે. ગોળીબારમાં પાંચ વિદ્યાર્થીઓ ત્યાં ને ત્યાં મરણને શરણ પામ્યા અને તેથી જ ૮ ઓગસ્ટ ઐતિહાસિક મહાગુજરાત આંદોલનના શહીદ દિવસ તરીકે ઓળખાય છે. સ્વાતંત્ર્ય સંગ્રામની લડત બાદ મહાગુજરાત આંદોલન એ ગુજરાતી પ્રજાનું સૌથી મોટું આંદોલન ગણાય છે. આ આંદોલન દરમિયાન કુલ ૨૪ યુવાનો શહીદ થયા હતા. આંદોલનના બીજા દિવસે ભારત સરકારના ગૃહપ્રધાન શ્રી ગોવિંદ વલ્લભ પંતે કહ્યું કે જે અમારા નિર્ણયનો વિરોધ કરશે તેને ઠાર મારીશું, તો મુંબઈ રાજ્યના મુખ્યમંત્રી શ્રી મોરારજીભાઈ દેસાઈએ કહ્યું કે અમારા નિર્ણયનો વિરોધ કરશે તેને સહન કરવાનું આવશે. આના જવાબમાં મહાગુજરાત આંદોલનના મુખ્ય નેતા શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકે જણાવ્યું કે આવા શબ્દો વિદેશી શાસકો અંગ્રેજોના મોઢામાં જ શોભી શકે, કોંગ્રેસના મોવડીઓના મોઢામાં નહીં. ગાંધીજીના વારસાને ઝાંખપ ન લગાડશો.

સરકારના આવા દમનકારી વલણથી અને મહાગુજરાત ચળવળને વેગ મળતો હોય તેમ ગામે ગામ આંદોલન શરૂ થયા. ૯મી ઓગસ્ટ ૧૯૫૬ જેતપુર શહેરમાં પણ સરકારની દમનનીતિ અને ગોળીબાર સામે રોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો. એક જાહેર કાર્યક્રમમાં અમદાવાદમાં થયેલા ગોળીબારની તપાસ કરવાની માગણી કરવામાં

(જુઓ પાનું ૬) ▸▸




## નિષ્ણાતોએ જોખમી ગણાવેલા સ્મોલકેપ શેરોમાં ફરી તેજીના ઉછાળા

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

શેરબજાર પાછું હિલોળે ચડ્યું છે અને સાથે સ્મોલ કેપ શેરોમાં ફરી તેજીનો ઉન્માદ જાગ્યો છે. મધ્યપૂર્વનો અજંપો શાંત થયો છે અને ક્રૂડ ઓઇલના ઉભરા શમી ગયા છે. અલબત્ત અમેરિકા હજુ પણ પડકાર છે અને વિદેશી ફંડોની વેચવાલી ચાલુ છે, પરંતુ એકંદરે બજારનો અંડરટોન મજબૂત જણાય છે.

આપણે શેરબજારની નહીં પરંતુ નાના શેરોની વાત કરવી છે. નાના શેરો એ પેની સ્ટોક્સ નથી, પરંતુ આ વર્ગના શેરોમાં વેલ્યુએશન્સ એટલા ઊંચે ગયા છે કે ખુદ બજાર નિયામકે આ સંદર્ભે મ્યુચ્યુઅલ ફંડોને અગ્નિ પરીક્ષા આપવાની એટલે કે સ્ટ્રેસ ટેસ્ટનો આદેશ આપ્યો હતો.

કેટલાક સત્રથી મિડકેપ અને સ્મોલ કેપ શેરોમાં ફરી રોકાણકારોનું આકર્ષણ જાગ્યું છે અને મ્યુચ્યુઅલ ફંડો પણ સ્ટ્રેસ ટેસ્ટનો તબક્કો પૂરો થયા બાદ ફરી આ વર્ગના શેરોમાં બુલીશ થયા છે. આપણે પાછલા કેટલાક સત્રમાં એવું પણ જોયું છે કે લાર્જકેપ બેન્ચમાર્કમાં એકતરફ પીછેહઠ થઇ હોય અને બીજી તરફ મિડકેપ અથવા તો સ્મોલ કેપ ઇન્ડેક્સ ઊંચી સપાટીએ પહોંચ્યા હોય!

શેરબજારના વિશ્લેષકોએ પાછલા નાણાકીય વર્ષના અંતિમ તબક્કા દરમિયાન નાના શેરોની જેટલી વગોવણી કરી અને ખુદ માર્કેટ રેગ્યુલેટર સહિતના નિરીક્ષકોએ આ વર્ગના શેરો સામે જેટલી ચેતવણીઓ આપી, એટલો જ જોરદાર ઉછાળો નોંધાવીને આ શેરોએ રોકાણકારોને ન્યાલ કરી દીધાં છે.

બજાર નિયામકની ચેતવણી ખોટી પડવા સાથે નિરીક્ષકોની આશંકાનો ભુક્કો બોલાવતા નાના એટલે કે સ્મોલ શેરોએ રોકાણકારોને જોરદાર વળતર આપ્યું છે. એ વાતની નોંધ રહે કે ઇરાન અને ઇઝરાયલ વચ્ચે મોટું યુદ્ધ છેડાવાના સંકેત વચ્ચે પણ સ્મોલ કેપ શેરો અડીખમ રહ્યા છે! હવે તો ઇરાને હથિયાર હેઠાં મૂકી દીધાં હોવાના અણસાર છે એટલે યુદ્ધનો ભય ટળી જવાથી ઓવરઓલ ઇક્વિટી માર્કેટને માટે સાનુકૂળ પરિસ્થિતિ છે.

સ્મોલ કેપમાં રોકાણકારોના જાગેલા રસનો પુરાવો રિટેલ ઇન્વેસ્ટર દ્વારા ફંડોમાં ઠલવાઇ રહેલાં નાણાં છે. માર્ચ ૨૦૨૪ના અંતે સ્મોલ-કેપ મ્યુચ્યુઅલ ફંડ કેટેગરીની અસ્કયામતો રૂ. ૨.૪૩ લાખ કરોડ સુધી

(જુઓ પાનું ૬) ▸▸

ગુજરાત ડાયરી મનોજ મ. શુકલ
feedback@bombaysamachar.com

## જુઓ તો ખરા, નરેન્દ્ર મોદીની કેવી ગાઢ અસર વિરોધીઓ પર પણ પડે છે!



જેમની પક્ષ નિષ્ઠા અંગે રતીભાર પણ શંકા ન કરી શકાય તેવા એક સિનિયર અને ધારાસભ્ય રહી ચૂકેલા કોંગ્રેસી આગેવાન એક સામાજિક પ્રસંગમાં મળી ગયા.સ્વાભાવિક રીતે જ રાજકીય વાતો નીકળી તો એમની આસપાસ બેઠેલા અમારી જેવા ૧૦-૧૨ લોકોના આશ્ચર્ય વચ્ચે તેઓએ કહ્યું કે ''આપણા રાજ્યના વિકાસ માટે આખા ગુજરાતે એકીઅવાજે મોદીને એક ગુજરાતી તરીકે ટેકો આપવો જોઈએ.'' તેમની એ વાતને ન્યાયિક ઠેરવવાના ઉદ્દેશથી તેઓએ ભૂતકાળના બે દાખલાઓ ટાંકતા કહ્યું કે(૧):- ''પ્રતિભા પાટીલ કોંગ્રેસ પક્ષ તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બન્યા ત્યારે કોંગ્રેસના (એ વખતના) પ્રખર વિરોધી પક્ષ શિવસેનાના સુપ્રીમો બાલાસાહેબ ઠાકરેએ પ્રતિભા પાટીલ તો 'મહારાષ્ટ્રની દીકરી' કહેવાય એમ કહીને ટેકો આપેલો(૨):-એ પછી કોંગ્રેસ પક્ષ તરફથી પ્રણવ મુખરજી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે ઊભા રહ્યા ત્યારે કોંગ્રેસના કટ્ટર વિરોધી મમતા બેનરજીએ 'આમાર માનુષ' કહીને મુખર્જીને ટેકો આપેલો.એ રીતે ગુજરાતે પણ સંગઠિત થઈને, રાજ્યના વિકાસ માટે તમામ મતભેદ ભૂલી જઈને પોતાના પનોતા પુત્ર અને રાષ્ટ્રીય નેતા નરેન્દ્ર મોદીને બળ પૂરું પાડવા ભરપૂર ટેકો આપવો જોઈએ.''આ આખી વાતનો ગુરતમ સાધારણ અવયવ એ આવે છે કે નરેન્દ્ર મોદી પોતાના પ્રખર વિરોધી પક્ષના નિષ્ઠાવાન નેતાના હૃદયમાં પણ સ્થાન મેળવી શકે છે હોં!

## પૂનમ માડમ પાસે અમિત શાહ ને સી.આર.પાટીલ કરતાં ય વધારે મિલકત છે!







આગામી તા.૭મી એ ગુજરાતમાં યોજાનાર લોકસભાની ચૂંટણી માટેના ફોર્મ ભરાઈ ગયાં છે.આ ફોર્મ ભરતી વખતે ઉમેદવારોએ સોગંદનામા કરીને પોતાની પાસેની(ક):-રોકડ રકમ(ખ):-ઘરેણાં અને (ગ):-મિલકતોની વિગતો જાહેર કરી છે.આમાંની કેટલીક વિગતો ખૂબ રસપ્રદ છે.દા.ત.જામનગરના ભા.જ.પ.ના ઉમેદવાર પૂનમ માડમ પાસે રૂ.૧૪૭ કરોડની મિલકત છે.જે સૌથી વધારે છે.તેમની પછીના ક્રમે અમિત શાહ પાસે ૬૫.૬૭ કરોડ, સી.આર.પાટીલ પાસે રૂ.૩૯.૪૯ કરોડની મિલકત છે.લોકોને આશ્ચર્ય થાય એ વાતનું થયું કે પુરુષોત્તમ રૂપાલા પાસે માત્ર ૧૭.૪૩ કરોડની જ મિલકત છે! કોંગ્રેસનાં ભરત મકવાણા પાસે ૨૫.૫૮ કરોડની અને સોનલ પટેલ પાસે ૧૭.૫૯ કરોડની મિલકત છે. સૌથી વધુ રોકડ રકમ 'આપ'ના ઉમેશ મકવાણાએ રૂ.૫૫.૬૩ લાખ જાહેર કરી છે. તેમની પછીનાં ક્રમે આવતા પુરુષોત્તમ રૂપાલાએ રૂ.૨૮.૦૩ લાખ દર્શાવી છે. કોંગ્રેસના નૈષધ દેસાઈએ રૂ.૨૭.૦૦ લાખ, પ્રભા તાવિયાડે રૂ.૧૯.૫૦લાખ અને ચંદનજી ઠાકોરે રૂ.૧૫.૧૮.લાખ રોકડ હાથ પર હોવાનું દર્શાવ્યું છે. સોગંદનામા અનુસાર કોની પાસે સૌથી ઓછી સંપત્તિ છે એ જોઈએ તો કોંગ્રેસના ઉમેદવાર નીતેશ લાલન પાસે માત્ર રૂ.૧૭/- લાખની (સૌથી ઓછી)અને જે.પી.મારવિયા પાસે રૂ.૨૩/-લાખ,'આપ'ના ચૈતર વસાવા પાસે રૂ.૫૧/- લાખ, ભા.જ.પ.ના ચંદુ શિહોરા પાસે રૂ.૫૧/-લાખ અને કોંગ્રેસના ગેનીબહેન ઠાકોર પાસે રૂ.૯૧/-ની સંપત્તિ છે. આ આંકડાઓ પરથી તારણ એવું કાઢી શકાય કે કોંગ્રેસના ઉમેદવારો ભા.જ.પ.અને(કોક જગ્યાએ) 'આપ' કરતા પણ ઓછી મિલકત અને રોકડ રકમ ધરાવે છે! છેલ્લાં ૨૭ વર્ષથી કોંગ્રેસ સત્તાથી દૂર છે તેનું ય આ કદાચ પરિણામ હોઈ શકે હોં!

## શું ગુજરાતના ચૂંટણી પંચને ભા.જ.પ.ના કોર્પોરેટર પણ મદદરૂપ થાય છે?




ભારતના ચૂંટણી પંચે આ વર્ષે એક પ્રશંસનીય વ્યવસ્થા ગોઠવી છે.આ વ્યવસ્થામાં એવું કરાયું છે કે જે વૃદ્ધ મતદાર શારીરિક અશક્તિવસાત મતદાન મથક સુધી ન પહોંચી શકે તેઓને તેમનાં ઘરે જઈને મતદાન કરાવે છે. આ ઉત્તમ વ્યવસ્થા અનુસાર અમદાવાદમાં એક પથારીવશ વૃદ્ધને મતદાન કરાવવા તેમના ઘરે ચૂંટણી પંચના કેટલાક અધિકારી ગયા.પંચની એ કારમાં મહિલા મ્યુનિસિપલ કોર્પોરેટર મીનાક્ષી નાયક પણ બેઠાં હતાં! જોગાનુજોગ એવું થયું કે જે વૃદ્ધનો મત લેવા ચૂંટણી પંચના અધિકારીઓ ગયા હતા તે વૃદ્ધ ક્ષત્રિય આંદોલનથી જાણીતાં થયેલાં ગીતાબા પરમારના સસરા હતા.

ગીતાબાએ તટસ્થ ગણાતા ચૂંટણી પંચની કારમાં ભા.જ.પ.ના મહિલા કોર્પોરેટરને બિરાજમાન થયેલાં જોઈને મોબાઈલ કેમેરો ચાલુ રાખીને પૂછપરછ કરી ત્યારે આ વિગતો બહાર આવી.જો કે ગીતાબાની પૂછપરછ વખતે એ કોર્પોરેટર બહેને કાગળથી પોતાનું મોઢું છૂપાવી દીધું હતું.

આ ઘટના સૂચવે છે કે ભા.જ. પ. સારુ મતદાન થાય એ માટે પણ કેટલો બધો સક્રિય છે. આ ઘર ગીતાબાનું છે એ જાણ્યા પછી જ કદાચ ભા.જ.પ.ના મહિલા કોર્પોરેટર ઘરમાં એ વૃદ્ધને મતદાનમાં મદદ કરાવવા નહીં ગયાં હોય એવું બને.સિક્કાની બીજી બાજુ એ છે કે મ્યુનિસિપલ કોર્પોરેટર મીનાક્ષી નાયક એવો ખુલાસો કરે છે કે પોતે માત્ર ઘર બતાવવા ગયાં હતાં! અહીં ''કરવા ગયા કંસાર અને થઈ ગઈ થુલી'' એ કહેવત યાદ આવે હોં!

## મનસુખ માંડવિયાનો પૃથ્વી પ્રેમ



કેન્દ્રીય આરોગ્ય મંત્રી અને પોરબંદર લોકસભાની બેઠકના ભા.જ.પ.ના ઉમેદવાર મનસુખ માંડવિયા જરા જુદી માટીના નોખા માનવી છે એવું ઘણીવાર દેખાય.એનું કારણ કદાચ એ હોઈ શકે કે તેઓએ 'બુનિયાદી શિક્ષણ' નામક વિષય પર પીએચ.ડી. કર્યું છે તે કારણે તેઓ ભાવનગર જિલ્લાના સણોસરામાં આવેલ આદર્શ શૈક્ષણિક સંસ્થા લોકભારતી અને અન્ય એવી ગાંધીવાદી સંસ્થાઓના સતત સંપર્કમાં રહ્યા છે! તાજેતરમાં જ તેમના અનોખાપણાનું એક ઉદાહરણ જોવા મળ્યું.બન્યું એવું કે પોરબંદર સાઈકલિંગ ક્લબ દ્વારા ''વિશ્વ પૃથ્વી દિવસ'' નિમિત્તે એક સાઈકલ રેલી યોજાઇ હતી.પ્રચારમાં સંપૂર્ણ વ્યસ્ત હોવા છતાં મનસુખ માંડવિયાએ સાઈકલ રેલીમાં ભાગ લેવા પહોંચી ગયા હતા.લોકસભાની ચૂંટણીના પ્રચાર વચ્ચે પણ માંડવિયાએ સમય કાઢીને 'વિશ્વ પૃથ્વી દિવસ'ની ઉજવણી અને તેના જાગૃતિના કાર્યક્રમને પ્રાથમિકતા આપી. અહીં એ નોંધવું પણ રસપ્રદ થઈ પડશે કે મનસુખ માંડવિયા જ્યારે સંસદ સભ્ય બન્યા ત્યારે સંસદ ભવનમાં પણ તેમણે 'ક્લાઈમેટ ક્લબ'ની પણ શરૂઆત કરી હતી અને તેમાં શરત એવી હતી કે જે કોઈ સાંસદ આ ક્લબના સભ્ય બનશે તે સાઈકલ પર સંસદ ભવનમાં આવતા-જતા રહેશે. માંડવિયા પૃથ્વીના સંરક્ષણ માટે સંવેદનશીલ પણ છે અને સક્રિય પણ છે.તેઓને મન ચૂંટણી કરતાં આપણી પૃથ્વી વધુ મહત્ત્વની છે અને તેથી જ તેઓ વિશ્વ પૃથ્વી દિવસે સાઈકલ રેલીમાં જોડાયા.જોવાની મજા તો એ આવી કે આ સમય દરમિયાન મનસુખ માંડવિયાએ બાળકો સાથે ફોટા ક્લિક કર્યા અને તે ફોટોઝ પર સોશિયલ મીડિયામાં લખ્યું કે "My little army in action to save the planet.' મનસુખ માંડવિયાની આ સંવેદનશીલતા ગમી જાય એવી છે હોં!

(જુઓ પાનું ૬) ▸▸

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

## માલદીવ બની રહ્યું છે ભારત માટે માથાનો દુખાવો



ચીનના સમર્થક એવા માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુના પક્ષને સંસદમાં બહુમત મળ્યા પછી એ વધુમાં વધુ ભારત વિરુદ્ધ વલણ અપનાવતા જાય છે

માલદીવમાં યોજાયેલી સંસદીય ચૂંટણીમાં મોહમ્મદ મુઈઝુની પાર્ટી 'પીપલ્સ નેશનલ કૉંગ્રેસ' એ મોટી જીત મેળવી છે. મુઇઝુની જીતને એની નીતિ પર મંજૂરીની મહોર તરીકે જોવામાં આવી રહી છે. મહત્ત્વની વાત એ છે કે માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુ ચીનના સમર્થક છે, તેથી એમની પાર્ટીની જીતને ભારત માટે આંચકો માનવામાં આવી રહ્યો છે. મુઈઝુની 'પીપલ્સ નેશનલ કોંગ્રેસ' પાર્ટીએ ૯૩માંથી ૬૬ સીટ જીતી છે. માલદીવની વિપક્ષી પાર્ટી 'માલદીવિયન ડેમોક્રેટિક પાર્ટી' એ માત્ર ૧૨ સીટ પર વિજય મેળવ્યો છે. સત્તાધારી પાર્ટી પીએનસીની મોટી જીત બાદ રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુનો હવે ત્યાંની સંસદ મજલિસમાં પણ દબદબો હશે..અગાઉ એમના પક્ષના ફક્ત ત્રણ સંસદસભ્યો સંસદમાં હતા અને વિરોધ પક્ષના ૬૫ સંસદસભ્યો હતા. માલદીવમાં પ્રમુખશાહી લોકશાહી હોવા છતાં સંસદ પાસે અનેક અધિકાર હોય છે, જે પ્રમુખના માર્ગમાં અવરોધ ઊભા કરી શકે.

મોહમ્મદ મુઈઝુ સરકારે નિર્ણય લીધો હતો કે ભારતીય સેનાએ ટાપુ રાષ્ટ્ર છોડી દેવો જોઈએ. એવું માનવામાં આવે છે કે એમણે ચીન સાથેના વ્યૂહાત્મક સંબંધોને કારણે આ નિર્ણય લીધો છે. મુઈઝુએ ચૂંટણી દરમિયાન કહ્યું હતું કે આ ચૂંટણી એમની નીતિઓ પર જનમત તરીકે કામ કરશે. ભારતીય સૈનિકોને પરત મોકલવાના એમના નિર્ણય માટે પણ આ ચૂંટણી ઘણી મહત્ત્વની હતી. મુઈઝુએ ભારત વિરોધી ઘણા નિર્ણયો લીધા છે. એમણે પીએમ મોદી વિશે પણ વાંધાજનક ટિપ્પણી કરી હતી.

આજના વૈશ્વિક રાજકારણમાં હિન્દી મહાસાગરમાં માલદીવના ચાવીરૂપ સ્થાનને લીધે તે ભારત માટે ઘણી મુશ્કેલી ઊભી કરી શકે. પીએમસીના વિજયને લીધે ચીનને આનંદ થાય એ સ્વાભાવિક છે.

સપ્ટેમ્બર ૨૦૧૮માં પ્રમુખપદની ચૂંટણીમાં મુઈઝુએ એમના ભારત તરફી હરીફ અબદુલ્લા યામીન્ને કારમો પરાજય આપ્યો હતો. ૨૧ એપ્રિલે થયેલી સંસદની ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવ્યા બાદ મુઈઝુની તાકાત અમર્યાદિત થશે. એમના પર કોઈની લગામ નહીં હોય.

આમ તો મજલિસે તો એમના ત્રણ પ્રધાનનાં નામ પર મહોર લગાડવાની ના પાડી દીધી હતી. વિરોધ પક્ષે એમના પર ભ્રષ્ટાચારના આક્ષેપો લગાવીને એમની વિરુદ્ધ મહાભિયોગ ચલાવવાની માગણી કરી હતી.

જો કે, હવે સંસદમાં એમની બહુમતી આવતા આ હિલચાલ કોલ્ડ સ્ટોરેજ - શિતાગારમાં મુકાઈ જશે.

મુઇઝુ પ્રમુખ બન્યા ત્યારથી જ એમણે પોતાનો ચીનપ્રેમ દાખવાનો શરૂ કર્યો હતો. અગાઉ એવી પરંપરા હતી કે જે પણ પ્રમુખ બને એ સૌથી પહેલા ભારતની મુલાકાત લેતા, પરંતુ એમણે ચીન જવાનું પસંદ કર્યું હતું. ભારતના લશ્કરને માલદીવમાંથી પાછા મોકલવાની જાહેરાત પણ એમણે ચૂંટણી દરમિયાન કરી હતી. પ્રમુખપદે બિરાજમાન થયા બાદ તરત જ

(જુઓ પાનું ૬) ▸▸

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## એક આઈડિયા કેવો, નોકરી અપાવે એવો



કૂદકે ને ભૂસકે આગળ વધતી ટેક્નોલોજી મનુષ્યની બુદ્ધિને વધુ તીક્ષ્ણ બનાવી રહી છે. ‘એક નૂર આદમી હજાર નૂર આઈડિયા’ કહેવત બનાવવી પડે એવા એક ભૂલો અને એક જુઓ અભિનવ આઈડિયા જોવા મળી રહ્યા છે. ‘એપ આધારિત ટેકનોલોજી’ તો એવો કરિશ્મા દેખાડી રહી છે કે ચકરાવે ચડી જવાય. બાળકોના રમકડાં, ચાદર, એરપોર્ટ જવા માટે ટેક્સી, નાસ્તો - ભોજન... જે માંગોએ હાજર છે. ઘેર બેઠા ગંગાનું આ મોડર્ન સ્વરૂપ કઈ દિશામાં કેટલી હદે આગળ વધશે એની કલ્પના કરવી પણ અઘરી છે. ‘માંગો એ મળે ’ સિસ્ટમ હવે ચપટી વગાડતામાં હાજર સુધી પહોંચી ગઈ છે. દેશની ટેકનોલોજી રાજધાની તરીકે ઓળખાતા બેંગલુરુમાં તો નોકરી શોધી રહેલા એક યુવાને એવો આઈડિયા અપનાવ્યો છે કે વાત ના પૂછો. પોતાનો સીવી એટલે કે બાયોડેટા અને કવરિંગ લેટર ઇ- મેલ દ્વારા મોકલવાને બદલે ફાસ્ટ ડિલિવરી કરતી એક એપ આધારિત કંપની મારફત મોકલાવ્યો. આ વાત સોશિયલ મીડિયામાં વાયુવેગે ફેલાઈ ગઈ અને યુવાનના ‘આઉટ ઓફ બોક્સ થિંકિંગ’ (હટ કે વિચારવું)ને કારણે લાયક ઉમેદવારોના લિસ્ટમાં એનુંનામ ટોપ ફાઈવમાંઆવી ગયું છે. આ આઈડિયા એને બહુ જલદી નોકરી અપાવી દેશે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. કંપનીઓના કર્મચારીઓને ‘માંગો એ ભોજન’ની ડિલિવરી કરતી આ એપ આધારિત કંપનીઓ ‘માંગો એટલા બાયોડેટા’ હાજર જેવી સુવિધા શરૂ કરે તો નવાઈ નહીં લાગે.

## માઉન્ટ ફ્યૂજી લાજ કાઢશે



લાજ કાઢવી એટલે મોં ન દેખાય એમ વસ્ત્ર રાખવું તે- ઘૂમટો તાણવો. વડીલો - વર વગેરેની અદબ રાખવા માટે વહુઓ અને જુવાન સ્ત્રીઓ માથા ઉપરનો છેડો મોં પર ખેંચી રાખતી. જો કે, આ પ્રથામાં લગીર વિશ્વાસ નહીં ધરાવતા જાપાનમાં આખેઆખો પર્વત લાજ કાઢે એવી પરિસ્થિતિ નિર્માણ થઈ છે. વાત છે ૧૨૦૦૦ ફૂટ ઊંચા પવિત્ર મનાતા માઉન્ટ ફ્યૂજીની. પર્વત સમાજમાં માનવ રિવાજનો પગપેસારો નથી થયો, પણ મનુષ્ય સ્વભાવની આડોડાઈ પર્વત આડે આડશ ઊભી કરવામાં નિમિત્ત બની રહી છે. થયું છે એવું કે જાપાનના આ સૌથી ઊંચા પર્વતનું મનોહર દ્રશ્ય ફ્યુજી ગાવા ગુચીકો નામના શહેરના વિવિધ સ્થળેથી થાય છે. એક સ્થળ એવું છે, જ્યાંથીપર્વત મનોહર દીસે છે અને ત્યાં સહેલાણીઓ મોટી સંખ્યામાં ઉમટે છે. અહીં ઊભા રહી ફોટો પડાવવાની પણ ગજબની ઘેલછા જોવા મળે છે. જો કે, હરખના અતિરેકમાં સહેલાણીઓ ત્યાં ગંદવાડો કરે છે અને ટ્રાફિકના નિયમોની ઐસીતૈસી કરતા જોવા મળે છે. સ્થાનિક સત્તાધીશો સહેલાણીઓની બેદરકારીથી રોષે ભરાયા છે અને આઠ ફૂટ ઊંચી અને ૬૪ ફૂટ લાંબી આડશ ઊભીકરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એ બંધાઈ ગયા પછી ફ્યૂજીના દર્શન પહેલા જેવા નહીં થઈ શકે અને સહેલાણીઓની ભીડ આપોઆપ ઓછી થઈ જશે.

## આઈસક્રીમથી થતું આઈસ્ક્રીમ અટકાવવાનો આશય

ભાષા શુદ્ધિ અને ઉચ્ચાર શુદ્ધિનો આગ્રહ ન રાખતા અને એનું મહત્ત્વ નહીં સ્વીકારતા અનેક લોકો આઈસક્રીમને આઈસ્ક્રીમ કહેવાની ધૃષ્ટતા કરી બેસતા હોય છે. દૂધ અને ક્રીમ જેવા ઘટકથી તૈયાર થતા પદાર્થમાં આઈસ એટલે કે બરફ ભાગ ભજવતો હોવાથી એ આઈસક્રીમ કહેવાય છે. જો કે, એને આઈસ્ક્રીમ તરીકે સાંભળ્યા પછી આઈ સ્ક્રીમ (હું રાડ પાડું છું) એમ કહેવાનું મન થઈ જાય છે. આ આઈસક્રીમ ઈટલીના રહેવાસીઓને અત્યંત પ્રિય છે. મોડી રાત્રે ટહેલતી વખતે જિલેટો નામના આઈસક્રીમનોઆનંદ લેવો એ ઈટલીની સંસ્કૃતિમાં વણાઈ ગયું છે. જો કે, દેશના ૧૨ ડિસ્ટ્રિક્ટમાં મોડી રાતે આઈસ્ક્રીમના વેચાણ પર પ્રતિબંધ મૂકવાની દરખાસ્ત વહીવટી તંત્રમાં રજૂ કરવામાં આવી છે. એવીફરિયાદ થઈ છે કેઆઈસક્રીમની લિજ્જત માણવા શોખીનો મોડી રાત્રે રસ્તા પર ઉમટી પડે છે અને એમની ચહલ પહલથી આરામ ફરમાવી રહેલા લોકોનીનીંદરમાં ખલેલ પડે છે. હળવું - મળવું અને ફેવરિટ આઈસ્ક્રીમનો આનંદ લેવો એક વાત છે અને રહેવાસીઓની શાંતિ છીનવાઈ ન જાય એ બંને વચ્ચે તાલમેલ જાળવી રાખવા આ



પ્રતિબંધ આવી રહ્યો છે. મોડી રાત્રે આઈસ્ક્રીમ ઉપરાંત પિઝા અને અન્ય આઇટમોની મજા માણવા પર પણ પ્રતિબંધ આવી રહ્યો છે. આઈસક્રીમ સામેના આક્રોશ સામે ઈટલીના મિલાન જેવા શહેરના લોકો ’આઈ સ્ક્રીમ’ કહેતા હોય તો નવાઈ નહીં.

## જેસીબી પધરાવો, સાવધાન !



લગ્નની મોસમ પૂરબહારમાં ખીલી છે અને આંખો પહોળી કરી દેનારા, મગજને ચકરાવે ચડાવી દેનારા ગજબનાક કિસ્સા જાણવા - સાંભળવા મળી રહ્યા છે. બિહાર બાજુ લગ્ન વખતે મટકોર પૂજા નામની વિધિનું અનેરું મહત્ત્વ હોય છે. રાત્રે વર - વધૂના ઘરની આગળના ભાગમાં ફોઈ અને બહેન દ્વારા માટીવાળા ભાગમાં એક નાનકડો ખાડો ખોદવામાં આવે છે. આ ખાડામાં પાણી ભરી સિંદૂર, ચોખા અને ફૂલથી વિધિવત્ પૂજા કરવામાં આવે છે. જો કે, બિહારના પશ્ચિમ ચંપારણમાં આયોજિત એક પરિવારના લગ્ન પ્રસંગે મટકોર પૂજામાં એવું દ્રશ્ય જોવા મળ્યું, જેનાથી હસવું કે વિસ્મય પામવું એ જ લોકો નક્કી ન કરી શક્યા. મહાવીર પ્રસાદ કુશવાહા નામના શખ્સ પુત્રના લગ્ન પ્રસંગને યાદગાર બનાવવા માગતા હતા. ધૂમ ખર્ચ કરવો તો પોસાય એમ નહોતો. એટલે ખાડો ખોદવાની વિધિ પરિવારની મહિલાઓ પાસે કરાવવાને બદલે જેસીબી મશીનની મદદ લીધી. ‘ચિટ્ઠીના આ ચાકરે’ ગણતરીની મિનિટોમાં જોઈતો હતો એવો ખાડો ખોદી આપ્યો અને પ્રસંગ યાદગાર બનાવી દેવાની શ્રીમાન કુશવાહાની તમન્ના પૂરી થઈ. અનોખી વિધિનો વાયરલ થયેલો વિડિયો જોઈને કેટલાક લોકોએટીકા કરી કે ‘પરંપરા સાથે રમત ન કરાય’. કેટલાક એવા પણ હતા જેમનેમજા પડી. ‘તમાશાને તેડું ન હોય’ એ કહેવત તમે જાણતા હશો.

## પેહચાન કૌન? બંદરિયા? ના, પંખી? ના ભાઈ ના, આ તો છે...

૫૦ વર્ષ પહેલા આવેલાં મધુ રાયના ‘કોઈ એક ફૂલનું નામ બોલો તો’ નાટકમાં માનવીય સંબંધોની આભાસી અને અસલી સ્વરૂપ પર બિલોરી કાચ મુકવામાં આવ્યો હતો. કેમ્બ્રિજ યુનિવર્સિટીના પ્રોફેસર બેવર્લીગ્લોવર પ્રકૃતિમાં મઘમઘાટ કરતાં ફૂલોની દુનિયાના ઊંડા અભ્યાસુ છે. પ્રકૃતિમાં સાડા ત્રણ લાખ પુષ્પ પમરાટ કરતા હોવાની જાણકારી જગતને ભેટ ધરનારા શ્રીમતી ગ્લોવરને ‘કોઈ એક સૌથી રસપ્રદ ફૂલનું નામ બોલો તો’ એવો સવાલ કરવામાં આવતા એમણે ત્રણ નામ આપ્યા. પહેલું હતું ઈન્ડોનેશિયાના સુમાત્રા ટાપુ પર ઉગતું વિશ્વનું સૌથી મહાકાય ફૂલ ‘ટાઈટન એરમ’. આ ફૂલનો મઘમઘાટ એટલો તીવ્ર છે કે પરાગનયન માટે કેરિયન ફ્લાય તરીકે ઓળખાતું જંતુ એની પાસે ખેંચાઈ આવે છે. બીજું નામ હતું ‘પેરટ ફ્લાવર’. પહેલી નજરે તો તમને એ પોપટ જેવું પંખી જ લાગે. નજીક જાવ, આંખો ચોળોઅને સુગંધ માણો ત્યારે ખબર પડે એ આ તો ફૂલ છે. તમને ‘ફૂલ’ (મૂર્ખ) બની ગયાની લાગણી થાય. આ ફૂલ મ્યાનમાર અને થાઈલેન્ડમાં તેમજ આપણે ત્યાં મણિપુરમાં જોવા મળે છે. ત્રીજું છે ઓર્કિડ ફ્લાવર જે તેના દીદારને કારણે બંદરિયાજેવું ભાસે છે. પાસે જાવ ત્યારે જાણ થાય કે આ તો ફ્લાવર છે. દક્ષિણ અમેરિકાના જંગલમાં જોવા મળતું આ ફૂલ પાકી ગયેલા સંતરાની ખુશ્બૂ ફેલાવે છે. સાચેજ, અજબ દુનિયામાં કેવી ગજબ વાત જોવા મળે છે.





## લ્યો કરો વાત!

*બેંગ્લુરુ બે ‘ટી’ માટે પ્રખ્યાત છે. એક છે ટેક્નોલોજીનો ’ટી’ અને બીજો છે ટ્રાફિકનો ’ટી’. છેલ્લા થોડા સમયથી ટ્રાફિકનો ‘ટી’ ટેક્નોલોજીના ‘ટી’ પર હાવી થઈ ગયો છે એ અને એની આડ -અસર વધુ જોવા મળી રહી છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલો વીડિયો ‘ટેરિફિક ટ્રાફિક’નું સમર્થન કરનારો છે. ટ્રાફિકમાં અટવાઈ જવાને કારણે ઓફિસમાં આયોજિત મિટિંગમાં નિયત સમયે પહોંચી શકાય એમ ન હોવાથી સ્કૂટર હંકારતા હંકારતા જ મેડમ મોબાઈલની મદદથી મિટિંગમાં સહભાગી થઈ ગયા. કાયદાનો ભંગ અને જીવ માટે જોખમ ઊભું કરનારા આ નિર્ણયથી હાલ પૂરતી સમસ્યાનો હલ નીકળી ગયો. કોઈ ભેજાબાજે ‘વર્ક ફ્રોમ હોમ’થી એક ડગલું આગળ ‘વર્ક ફ્રોમ ટ્રાફિક’ કહી નવા વિકલ્પના વધામણાં પણ ખાઈ લીધા. આ ટ્રાફિક હવે શું કરાવશે એનો અંદાજ બાંધવો અસંભવ છે.* ■

---

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

# મતદાતા છે લોકતંત્રનો ખરો ભાગ્યવિધાતા

### મતદાન માત્ર આપણો અધિકાર નથી- એ છે આપણી બહુ મોટી જવાબદારી

**અમેરિકાના** પૂર્વ રાષ્ટ્રપ્રમુખ અબ્રાહમ લિંકને આપેલી લોકશાહીની આ વ્યાખ્યા જગપ્રસિદ્ધ છે :

*'Democracy is a rule of the people,*
*for the people and by the people.'*

અર્થાત્ લોકશાહી એટલે લોકો માટે, લોકો દ્વારા ચાલતી પદ્ધતિ પ્રાચીન સમયમાં રાજાશાહી પદ્ધતિથી શાસન ચાલતું હતું. સમય જતા લોકશાહી અસ્તિત્વમાં આવી અને લોકો પોતાનો નેતા પોતે ચૂંટવા લાગ્યા. આ પદ્ધતિ એટલે સમજો કે આજની મતદાન પદ્ધતિ.



લોકશાહી સમાજ પરિવર્તનનું સાધન અને સાધ્ય છે. લોકશાહી પ્રક્રિયા દ્વારા અસમાનતા કેન્દ્રિત સાંસ્કૃતિક મૂલ્યો, વ્યવહાર અને જન્મ આધારિત સામાજિક વ્યવસ્થા અસ્ત થઈ જાય છે. કાળક્રમે સમાનતા, સ્વતંત્રતા અને વૈશ્વિક દૃષ્ટિ આધારિત સમાજ વ્યવસ્થાની રચના થાય છે. ભારતની લોકશાહીમાં અઢાર વર્ષની ઉંમરનો કોઈપણ નાગરિક મત આપવા માટે સક્ષમ છે. ચૂંટણી તો અવારનવાર આવતી જ રહે છે. ચૂંટણીના અનેક પ્રકાર છે. મતદાનના પણ ઘણા પ્રકાર છે. અત્યારે એ વાત કે ચર્ચા આપણે નથી કરવી. આમ છતાં, દરેક નાગરિકે સમજી લેવાની જરૂર છે કે અઢાર વર્ષની ઉંમર થઈ જાય એટલે એમને મતદાન કરવાનો અધિકાર આપોઆપ મળી જાય છે. એમને અપાતું ચૂંટણી કાર્ડ મતદાન કરવા માટેની લાયકાત ધરાવતું કાર્ડ છે. ચૂંટણી કાર્ડનો ઉપયોગ આપણે ઓળખ માટે પણ કરી શકીએ છીએ. મતદાન એટલે તમે તમારી ઈચ્છા મુજબ તમને યોગ્ય હોય એ પ્રતિનિધિને તમે મત આપી શકો છો. તમારા પ્રતિનિધિ આ ચૂંટણી જીતશે કે હારશે એમાં તમારા મતનું પણ યોગદાન છે, કેમકે ચૂંટણીમાં એક એક મતનું પણ જબરું મહત્ત્વ છે. ઉમેદવાર એક મતથી હારતા કે જીતતા હોય છે.

તમારા વિસ્તારમાં વર્તમાન ચૂંટણીમાં ક્યા પક્ષના નેતા તમારા માટે યોગ્ય છે, એ સમજી વિચારી તમારે મતદાન કરવું જોઈએ. તમારી પસંદગીનો નેતા તમારા વિકાસના યોગ્ય કાર્ય કરવા ચૂંટણી જીતી શકે એટલે કે આપણા માટે જ આપણે યોગ્ય નેતા પસંદ કરવાનો હોય ત્યારે મત આપવો ખૂબ જરૂરી છે.

દેશમાં ચૂંટણી પંચ મતદાનનું આયોજન કરે છે. ભૂતકાળમાં બેલેટ પેપર દ્વારા મતદાન કરવામાં આવતું હતું. છેલ્લાં કેટલાંક વર્ષોથી ‘ઈવીએમ’ (ઈલેકટ્રોનિક વોટિંગ મશીન) સાધન દ્વારા ચૂંટણીઓ યોજાય છે. તેમાં તમે સરળતાથી તમારી પસંદગીના ઉમેદવારને મત આપી શકો છો. આપણે ત્યાં મતદાન વધારવાના પ્રયત્નો થવા છતાં હજુ પણ સો ટકા મતદાન થતું નથી. લોકસભાની વર્તમાન ચૂંટણીના બે તબક્કામાં જ્યાં મતદાન થયું છે તેના આંકડા તપાસીએ તો થયેલું મતદાન લગભગ ૬૦ ટકા રહ્યું છે.

ઓછા મતદાનનાં કારણ તપાસીએ તો ઘણા લોકો ચૂંટણીમાં રસ લેતા નથી અને પોતાના મતને કીમતી સમજતા નથી. ઘણા લોકો પક્ષ - વિપક્ષની માથાકૂટમાં મત આપતા નથી. ઘણાને એમ છે કે હું મત નહિ આપું તો મારા એક મતથી શું ફરક પડી જવાનો છે ?

ઘણા વળી તો સમયનું બહાનું કાઢે છે કે, સમય જ નથી મત આપવા જવાનો ! હકીકતમાં તો મતદાનના દિવસે જાહેર રજા રાખવામાં આવતી હોય છે. ફેક્ટરીઓમાં કામ કરતા કર્મચારી વર્ગ માટે પણ સાપ્તાહિક રજા સરભર કરીને મતદાનના દિવસે રજા જાહેર કરવામાં આવે છે. ઘણા એવું પણ વિચારે છે કે એક પણ લાયક ઉમેદવાર નથી,તો કોઈને મત આપવો જ નથી. આવા ઘણાં બધાં કારણોસર મતદાન સો ટકા થતું નથી. તમને એવું લાગે કે તમારા વિસ્તારનો ઉમેદવાર ચૂંટવા લાયક નથી તો તમે ‘નોટા’ (નન ઓફ ધ એબો) વાપરી શકો છો. એ પણ તમારો અધિકાર છે. અયોગ્ય વ્યક્તિને લોકસભા કે ધારાસભા મોકલીને પાછળથી પસ્તાવા કરતાં ‘નોટા’નું બટન દબાવી દેવું સારું.

જે પણ હોય, પણ મતદાન અચૂક કરવું જ જોઈએ.ઘરમાં બેસી રહીને ફાફડા-જલેબી ઉડાવવા હોય કે ફરવા જવાનો કોઈ પ્રોગ્રામ બનાવ્યો હોય તો ભલે ચોક્કસ તેવું કરીએ, પરંતુ પહેલા મતદાન કરવા જવું જોઈએ. હવે મતદાનનો સમય પણ વધારી દેવામાં આવ્યો છે. સવારના સાત વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં તમે ગમે ત્યારે મત આપવા જઈ શકો છો એટલે થોડો સમય કાઢીને પણ મત આપીને જ અન્ય કામ કરવા જોઈએ.

લોકસભાની ચૂંટણી સંદર્ભે વધુમાં વધુ મતદાન થાય તે માટે ચૂંટણી તંત્ર દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું છે. મતદાન જાગૃતિના અનેકવિધ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે. વૃદ્ધ અને દિવ્યાંગ મતદાતાઓ સરળતાથી મતદાન કરી શકે તે માટે અનેક સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. હોમ વોટિંગની સુવિધા અંતર્ગત વૃદ્ધ અને અશકત નાગરિકોનું મતદાન કરાવવા તંત્ર કામે લાગી ગયું છે. પ્રથમ વખત મતદાન કરનારાઓ માટે ‘વોટિંગ ઈઝ અ ન્યૂ કુલ’ સૂત્ર સાકાર કરવા માટે તંત્ર દ્વારા કૉલેજ કેમ્પસ એમ્બેસેડરની નિમણૂક કરવામાં આવી રહી છે. મતદારોને મતદાન અંગે પ્રેરિત કરવા માટે શાળાઓ દ્વારા રેલીઓ યોજવામાં આવે છે. મોક ચૂંટણી મથક ઊભા કરીને મતદાનની પ્રક્રિયાથી વિદ્યાર્થીઓને અવગત કરવામાં આવે છે તો ક્યાંક ક્યાંક મતદાન જાગૃતિનાં સૂત્ર અને બેનર્સ પણ વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવે છે. ક્યાંક ક્યાંક સમૂહ લગ્ન જેવા પ્રસંગોમાં મતદાન કરવા માટે સામૂહિક શપથ પણ લેવડાવવામાં આવે છે તો વળી કોઈ વાલી પોતાના સંતાનોના લગ્નની કંકોત્રીઓમાં પણ મતદાન કરવાની અપીલ કરતા જોવા મળે છે.

લોકશાહીના આ અવસરમાં મહત્તમ મતદાન થાય તે માટે મતદાન જાગૃતિ ઝુંબેશ અંતર્ગત ‘દસ મિનિટ દેશ માટે’ જેવા નાટકોનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે. ‘તમારા મતદાન મથકને જાણો’ જેવા કાર્યક્રમો દ્વારા મતદાન મથકની મુલાકાત કરવા માટેનું પણ આયોજન થાય છે...

અશક્ત કે સિનિયર મતદાર માટે પાર્કિંગની પ્રાથમિકતા, વ્હિલ ચેર, સ્વયંસેવક સહાયતા સાથે અલગ કતારનું ઈત્યાદિનું આયોજન થાય છે.

મતદાર માહિતી કાપલીમાં મતદાન મથકનું સંપૂર્ણ એડ્રેસ આપવામાં આવ્યું જ હોય છે તેમ છતાં આ વખતે ક્યુઆર કોડ પણ છાપવામાં આવ્યો છે, જેથી મતદાર પોતાનું મતદાન મથક સરળતાથી શોધી શકે.

આ ઉપરાંત જુદા જુદા ક્ષેત્રોમાં મતદારોને આકર્ષવા અલગ અલગ પ્રકારની સ્કીમ પણ જાહેર કરવામાં આવી રહી છે. કોઈ પેટ્રોલ પંપ પરથી પેટ્રોલ લેનારને અમુક ટકા વળતર આપવામાં આવશે તો, કોઈ રેસ્ટૉરન્ટમાં જમવા જનારને અમુક ટકા વળતર આપવામાં આવશે. અમુક શોપિંગ મોલમાંથી ખરીદી કરવાથી ખરીદી પર અમુક ટકા વળતર આપવામાં આવશે એવી અવનવી જાહેરાતો દ્વારા વધુમાં વધુ મતદાન થાય એ માટે પ્રયત્નો થઈ રહ્યા છે,જે જનજાગૃતિ માટે આવકાર્ય પણ છે.

તમારો મત તમારો અધિકાર છે તો તમે એનો સદુપયોગ કરી એક ઉત્તમ નાગરિકને શોભે એવું કાર્ય કરી શકો છો. ■

વ્યંગ
ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# કોથમીરની ઝૂડી ખરીદો હવે હપ્તેથી..!



**અંગ્રેજીમાં** એક વાર્તા છે. એક પતિ-પત્ની વર્કિંગ કપલ હતું. ઘરનું રાચરચીલું હપ્તા પદ્ધતિથી ખરીદ કર્યું હતું. હપ્તા પદ્ધતિની એક મર્યાદા છે, કેમ કે તે ભાડા પધ્ધતિ છે, જેમાં વસ્તુનો વપરાશ કરી શકો છો. પણ તેને વેચી શકતા નથી. કેમ કે એની માલિકી તમારી નથી. હપ્તાની ચુકવણી ન થાય ત્યા સુધી વસ્તુનો કાયદેસર કબજો વેપારી પાસે રહે છે. હપ્તા ભરવામાં ગરબડ થાય તો વેપારી વસ્તુનો કાયદેસર કબજો મેળવી લે છે. પેલા પતિ-પત્નીએ ટીવી , વોશિંગ મશીન, ડીશ વોશર, ઓવન, કાર, એપાર્ટમેન્ટ વગેર ઇન્સ્ટોલમેન્ટથી ખરીદ કરેલાં. દરેકના હપ્તા ભરતા ભરતા પૈસા બચતા ન હતા.

આ દંપતીએ બેબી પ્લાન કરી. સદભાગ્યે, બેબીની ડિલિવરી એકતા કપૂરની સિરિયલ જેમ હપ્તેથી કરેલી નહોતી, નહીંતર પહેલાં અઠવાડિયે પગ આવે, બીજા અઠવાડિયે હાથ એમ ક્રમશઃ ચાલ્યાં કરે !

આપણી કથામાં પ્રસૂતિનાં બિલો ઇન્સ્ટોલમેન્ટથી ચૂકવવાનું શરૂ કરેલું. ક્રિસમિસના તહેવાર વખતે એકસ્ટ્રા ઇન્કમ આવી.તેનું પ્લાનિંગ કરવા બેઠા. પાર્ટી, ડ્રેસિસ, જવેલરી વગેરે પર વિચારણા કરી. છેવટે હોસ્પિટલના બિલનો લાસ્ટ ઇન્સ્ટોલમેન્ટ ચૂકવવવા નિર્ણય કર્યો, જેથી બેબી ફાઇનલી એમની થઇ જાય આ શહેર જીવનની વિડંબના છે કે બેબી પણ ઇન્સ્ટોલમેન્ટથી પ્લાન થાય! મધ્યમવર્ગની આ કરુણતા કહો કે લાચારી કહો. એક સાંધતા તેર નહીં, પણ તેરસો તૂટે છે. આપણે ત્યાં પછેડી હોય તેટલી સોડ તાણવાની વાત કરવામાં આવે છે.

કોટન અગર ખાદીનું કાપડ જેમ ધોવાય તેમ સંકોચાય છે. પછેડીનું પણ એવું જ છે.! પછેડી સંકોચાઇને રૂમાલ થઇ જાય તો સોડ કેટલી તાણવી એ કોઇ કરતા કોઇ કહેતું નથી.! આપણે ત્રેવડને ત્રીજો ભાઇ કહીએ છીએ. અલબત, આવક એ ઝાંકળના જેવી છે, જે મોંઘવારીના તાપને કારણે તેનું ક્યારે બાષ્પીભવન થઇ જાય છે તેની ખબર પડતી નથી. લક્ષ્મી સાલ્લી ચાંદલો કરવા આવે તો આપણે મોઢું ધોવા જવાનું ? પછી જિંદગીભર મોઢું ધોવાનું જ રહે. વસ્તુ ખરીદવા માટે રોકડ ખરીદી કે ઉધાર ખરીદીનો વિકલ્પ રહે છે. કેટલીકવાર વસ્તુ જાંગડ પર લેવામાં આવે છે, જેમાં ચુકવણી વગર વસ્તુ લાવવાની. સારી લાગે અને ગમે તે તો રાખવાની. પછી વસ્તુના પૈસા ચુકવવાના. આ જાંગડ યોજના લગ્નમાં કેમ લાગુ પડતી નથી તેમ રાજુ રદી પૂછે છે ! કેટલીય ઇવેન્ટ કંપની લગ્ન માટે કેટરર્સ, પાર્ટી પ્લોટ, બેન્ડ વાજા, પંડિત, ફોટોગ્રાફર, વીડિયોગ્રાફર વગેરે ભાડે આપે છે. ઇવન જાનૈયા પણ ભાડે આપે છે. જરૂર પડે તો એકતા કપૂરની સિરિયલની જેમ વર કે કન્યાના માટે મા-બાપ ભાડે આપે છે, પરંતુ દુલ્હન કેમ ભાડે આપતા નથી તેમ અમારો કાયમી વાંઢો રાજુ રદી પૂછે છે. આજકાલ બધા ઉપભોક્તાવાદનો ભોગ બન્યા છે એટલે ફ્રીઝ , ઘરઘંટી, વોશિંગ મશીન, ઓવન વગેરે વસાવવા ઇચ્છે છે.તમામ લોકો ચાર્વાક ઋષિનું દેવું કરીનેય ‘ઘી પીઓ’ ને અનુસરે છે.

ઘી પીવાની જગ્યાએ રાચરચીલું વસાવે છે.આપણા એક ભૂતપૂર્વ- અભૂતપૂર્વ નાણાં મંત્રી એવું કહેતા કે જેની શાખ હોય ઇવડા ઇ દેવું લઇ શકે ! આપણને કોઇ કહે કે શેઠ તમતમારે દાબેલી આરોગો, દાબેલીના પૈસા દસ હપ્તે ચૂકવજો તો કેવું લાગે? આ જ રીતે પાણીપૂરીવાળા ભૈયાની પણ રૂપિયાની પાણીપૂરી ખરીદો અને પંદર હપ્તે ચૂકવો.

તમે આ વાત તમને ગળે ઉતરશે નહીં. આપણને આવા જણમાં જીનેટિક ખામી લાગે! પુણેના એક વ્યાપારીએ આલ્ફાન્સો કેરી હપ્તેથી ખરીદ કરવાની સુવિધા આપવાનું શરૂ કર્યું છે. અલબત, તેમાં દર મહિને કેરી નહીં મળે . પરંતુ કેરી ખરીદ કર્યા પછી તેની રકમ હપ્તેથી ચૂકવવાની સગવડ મળશે. હપ્તા પદ્ધતિ આજનું મોત કાલ પર ઠેલે છે! પુણેના વેપારીના કહેવા મુજબ આલ્ફાન્સો કેરીની કિંમત ખૂબ જ ઊંચી હોય છે. જો રેફ્રિજરેટર અને એર-કન્ડિશનર્સને હપ્તેથી ખરીદી શકાતા હોય તો મોંઘી કિંમતે મળતી કેરી શા માટે હપ્તાથી ખરીદી ન શકાય?.

આ સમાચાર સાંભળીને રાજુ રદી હવે કોથમીરની ઝૂડી , લીંબુ, આદું, મીઠો લીમડો હપ્તેથી ખરીદ કરવા ઇચ્છે છે. અમારો ચંદુ ચૌદસ દેશી બાવળનું દાતણ હપ્તેથી લેવા ઈચ્છે છે..પુણેના વેપારીમાંથી પ્રેરણા લઇને હવે શાક વેચનારા કાછિયા કોથમીર કે દાતણ હપ્તેથી વેચાણ કરવાની ઓફર કરે તેની ગીધ ડોળે રાહ જુવે છે અમારા રાજુ રદીકુમાર! ■

ટૂંકી વાર્તા

મનહર રવૈયા
feedback@bombaysamachar.com

# રંડાપો



આકાશે બરોબર હરણ્યું માથે આવી હતી. કાળું ડિબાંગ અંધારું જામ્યું હતું. તમરાઓનો કર્કશ અવાજ સિવાય વાતાવરણ શાંત પણ ભેંકાર હતું. આવી મધરાતે બીજી શેરીના કૂતરાં આવતા. કૂતરાં અંદરોઅંદર એવા બાઝ્યા કે એના અવાજે કરીને ભરઊંઘમાં સૂતેલી રતનની ઊંઘ ઊડી ગઈ. એણે આંખો ખોલીને જોયું તો એનો પતિ પરબત પલંગમાં તકિયાને ટેકે બેઠો હતો. તેથી વિસ્મય પામતી રતને સવાલ કર્યો;

''અરે ભલા પરબત...! કેમ બેઠો છે..? હજી સૂતો જ નથી કે શું''. પ્રત્યુત્તરમાં પરબત કશું બોલ્યો જ નહીં, અવાચક બેસી રહ્યો. ત્યારે ચિંતા કરતી અકળાઈ ગયેલ રતન પરબત નજીક સરકી. પરબતના કપાળે હાથ ફેરવતા એણે પુનઃ પૂછ્યું: ''માથું દુઃખે છે? લે હળવા હાથે માથે તેલ ઘસી દઉં... જો જે તને તરત ઊંઘ આવે જશે.''

''એવું નથી રતન, આ તો પાણી પીવા ઊઠ્યો હતો. તે બીડી પીવી કે નહીં એવું વિચારતો, પાણી પીને અમસ્તો જ બેઠો છું.''

રતન છેલ્લા ત્રણ-ચાર દિવસથી જોઈ રહી હતી કે પરબતના વર્તનમાં ખાસ્સો ફેર પડી ગયો હતો. જાણે એ પરબત જ નહીં. નહીંતર તો પોતે ઘરમાં કોઈ કામ કરતી હોય કે પછી રસોડામાં રસોઈ કરતી હોય અથવા તો આઈના સામે બેસીને તૈયાર થતી હોય અને ગમે ત્યારે બહારથી આવીને બથ ભરીને ભીંસી નાખતો પરબત, ચુમીઓ ભરી અકળાવી મૂકતો પરબત, પ્રેમથી છલકાતો પરબત.

હમણાથી મુખીનાં ફાર્મહાઉસેથી છૂટીને ઘરે આવતો પરબત મૂંગા મૂંગા જેવું તેવું લુસલુસ જમીને બહાર નવરાઓની મંડળીમાં જઈને બેસતો હતો અને મોડી રાતે છાનોમાનો આવીને પલંગમાં પડતું મૂક્તો હતો. રતન રતન જરા પગની પિંડીઓ દબાવને, આજ તો થાકીને લોથ થઈ ગયો છું, એવું કહીને એ ઊંધો ફરીને સૂઈ જતો હતો.

એના ચહેરાનું હાસ્ય ઊડી ગયું હતું. આંખોમાંથી છલકાતો સ્નેહ શમી ગયો હતો. એના કસાયેલ શરીરમાંથી ઊભરાતા યૌવનનો ઉત્સાહ ઠરી ગયો હતો. જોતા જીવ બળે એવા સાવ સૂનમૂન પરબતની હાલતથી રતન ખુદ ઉપાધિમાં હતી. આડકતરી રીતે રતને ઘણા પ્રયત્નો કર્યા પણ એને કોઈ કારણ હાથ ન લાગ્યું. એણે પરબત પહેલા જેવો સ્વસ્થ તઈ જાય એ માટે માતાજીને પાંચ નાળિયેરનું તોરણ ચડાવવાની બાધા રાખી. અરે પરબત સૂતો હોય ત્યારે તેની જાણ બહાર એણે નજર ઉતારી છતાં પરબતનાં વર્તનમાં ફેર ન પડ્યો, ત્યારે રંગીલા પરબતને સાવ નિમાણો જોતા રતનથી રહેવાયું નહીં એ બોલી ઊઠી:

''પરબત...! તું કહે કે ન કહે, પણ તારું વર્તન, તારા મોના ભાવ જોતા મને લાગે છે કે તું કોઈ મૂંઝવણમાં અટવાયેલો છે, તું મારાથી કોઈ વાત છુપાવે છે. એકલો એકલો ઓહવાયા કરે છે, માટે તને જે કોઈ ચિંતા હોય તેની વાત તું જો મને ન સંભળાવને તો તને મારા સમ છે.''

''અરે રતન આમાં સમ ખાવાનું રહેવા દે, તને સાવ સાચું કહુંને તો મારી ચિંતાનું કારણ તું છે.''

રતનનાં સવાલથી ગુસ્સે થતો પરબત ઊભો થઈ ગયો.

''અરે તમે બેસો તો ખરા, ગુસ્સો છોડો જુઓ ભલા હું તારી અર્ધાંગના છું. તારા સુખે સુખી અને દુઃખે દુઃખી, તારે મારી ચિંતા તલભારેય નહીં કરવાની બોલ.''

''તારી વાત સાચી પણ તારું આ હર્યુંભર્યું જોબન અને ઊડીને આંખે વળગે એવા તારા રૂપ પર ઓલ્યા વાસનાનાં ભોરિંગ કાળુ મુખીની નજર પડી છે. આથી મેં તને ફાર્મહાઉસ પર આવવાની ના પાડી હતી. તોય તું સમજી કે માની નહીંને સજીધજીને ચાર દિવસ પહેલા ટિફિન દેવા આવી ચડી. બસ તેને જોઈ ત્યારનો મલકનો ઉતાર ભુરાટો થયો છે અને મારી પાછળ પડી ગયો છે કે તારી વહુ રતનને પણ ફાર્મ હાઉસના ગેસ્ટહાઉસમાં કામે મોકલ, ત્યાં અવારનવાર વીઆઈપી મહેમાનો આવે જાય છે, રતન જેવી ઘરની બાઈ ત્યાં હોય તો સારું...''

'' ઓહ એમાં શું...? એ તો બહુ સારી વાત કહેવાય. હું કામે આવું એટલે વધારે પગાર મળશે અને આખો દિવસ આપણે સાથે હોઈએ પછી શું બીક...?''

''અરે એ નરાધામ કાળુ મુખીને તું હજી ઓળખતી નથી એ હવસખોર નાગ છે. એના ડંખની ''ભોગ બનેલી કેટલીય ઓરતોના જીવન બરબાદ થઈ ગયાં છે, છતાં કોઈ એની સામે એક હરફ ઉચ્ચારી શકતું નથી.

સંપત્તિ અને સત્તાની આડમાં તેની પાપલીલા બહાર આવતી નથી. અરે ચાલાકનો દીકરો ગામની હવેલીમાં રહેતી એની પત્ની ગજરાનેય પોતાના કરતૂતોની ખબર પડવા દેતો નથી, અને મુખીની ધાકધમકીનાં માર્યા કોઈ ગજરાને ફરિયાદ કરવાની હિંમત નથી કરતું.''

''ઈ તારી વાત સાચી હો. હું એમ તો હવેલી પર કેટલીય વાર ગઈ છું. મેં તો ગજરાબેનને તેલ નાખીને માથું ઓળી દીધું છે. બાઈ બહુ ભલી છે. ધરમધ્યાનમાં પૈસો વાપરે છે, એમને મુખીનાં આવા કાળા કામોની ખબર નહીં હોય?''

''ના મુખીની બીકે એને કોણ કહે...?''

''સારું એ વાત જવા દે અને હું કાલથી તારી સાથે ફાર્મહાઉસ પર કામે આવીશ, અને સાંજે આપણે સાથે જ પાછા આવતા રહીશું બાકી હવે તું ચિંતા કર તો તને મારા સમ. જો હું સાવધ રહીને બધું સંભાળી લઈશ.''

બીજા દિવસે પરબત મનોમન કચવાતો રહ્યો અને રતન ફાર્મહાઉસ પર કામે આવી. એણે પહેલી વાર ખૂંધા મુખીને જોયો. સામે મુખીએ રતનને જોઈને રંગમાં આવી ગયો. પરબતનાં માન વધી ગયા. એને મુખી બહુ ભારે કામ સોંપતા નહીં. આમને આમ પંદર દિવસ જેવું વીતી ગયું રતન હંમેશાં તૈયાર થઈને આવતી હતી, પરબત જોકે આડી નજરે રતનનું ધ્યાન રાખતો હતો. કોઈ ભયજનક સ્થિતિ જણાતી ન હતી, છતાંય અંદરખાને ગભરાતો હતો.

એમાં જલાલપુર ગામે રહેતા પરબતના માસી ગુજરી ગયા. આથી પરબતને જલાલપુર જવાનું થયું. એ રતનને કહીને ગયો કે તું આજ ફાર્મહાઉસ પર કામે ન જતી, અને રાત્રે બાજુવાળા ગોમતીમાને સૂવા બોલાવી લેજે.

આમ માવજીના ટેમ્પામાં પરબત ગયો અને એકાદ કલાક જેવું થયું ત્યાં જ કાળુ મુખીની જીપ ઘરઘરાટી બોલાવતી આવી ચડી:

''અરે ઓ પરબત...!''

''એ તો નથી.. જલાલપુર લૌકિકે ગયો છે, ત્યાં મારા માસીજી ગુજરી ગયા છે.'' રતને બહાર આવીને મુખીને ઉત્તર આપ્યો.

''સારું સારું એ તો મને કહીને ગયો છે, હા આ તો આ જ રાત્રે મહેમાન આવવાના છે ને તો તું સાંજે ગેસ્ટહાઉસે આવજે, તને તેડવા જીપ આવશે.''

રતનના હૈયે ધ્રાસકો પડ્યો. મનોમન એ ધ્રુજી ઊઠી, ત્યારે કાળુ મુખી પુનઃ બોલ્યા;

''સાંજે તું તૈયાર રહેજે જેથી જીપને ખોટી ન થવું પડે.''

અને મુખીએ જીપ મારી મૂકી. પણ એના બોલાયેલ શબ્દો રતનને મૂંઝવી રહ્યા. ત્યારે પરબતની ચિંતા એને યર્થાથ લાગી. હવે શું કરવું ...? અ પ્રશ્ને એ મૂંઝાઈ રહી. પણ એકાએક કશુંય યાદ આવતા હિંમતમાં આવી ગઈ. સ્વસ્થ થઈ રહી. તે સાંજે જીપ તેડવા આવે ત્યાર પહેલા રતન ફાર્મહાઉસમાં આવેલ ગેસ્ટહાઉસમાં આવી પહોંચી. વોચમેન ખુદ બહાર નશામાં બેઠો હતો. એણે જ કહ્યું કે જાઓ મુખી બીજા માળે એમની ખાસ રૂમમાં તમારી રાહ જુએ છે.

હવે કોઈ ઓળખે નહીં માટે રતને છેક છાતી સુધી ઘુમટો તાણ્યો હતો, એ સીધી મુખીના રૂમમાં પ્રવેશી.

''અરે રતન...! જરા વધારે નશો થઈ ગયો એમાં જીપ મોકલવાનું મોડું થઈ ગયું. આવ આવ રાણી.''

''પણ હું''

''મૂંઝવાની જરૂર નથી. તારું મહેનતાણું નહીં જાય.''

કહેતો મુખી રતનને બાહુપાશમાં લેવા બે હાથ ફેલાવી આગળ વધ્યો. ત્યાં તો ધાડ ધાડ ફાયરિંગનાં અવાજથી ગેસ્ટહાઉસમાં પડઘાં ગૂંજી ઊઠ્યા ને મુખી ફર્શ પર ઢળી પડ્યો, એની છાતીમાંથી લોહી વહી રહ્યું.

''અરે ગજરાબેન..! તમે આ શું કર્યું.. હું તો તમને ખાલી મુખીને ઠપકો આપી સમજાવવા અને મારી સલામતી માટે તમને સાથે લાવી હતી પણ ... તમે...'' રતન પોતાની પાછળ ઊભેલી મુખીની વહુ ગજરાના હાથમાં પિસ્તોલ જોઈ છળી ઊઠી.

''રતન...! મને બધી વાતની, મુખીનાં કાળા કામની ખબર મળતી હતી, પણ કોઈ મને મોકો નહોતું આપતું મને તક મળતી નહતી. બાકી આવા નરાધમનાં નામનો કપાળમાં ચાંદલો કરી સોહગણ બની રહેવું એના કરતો તો રંડાપો સારો...''





તસવીરની આરપાર

- ભાટી એન.
feedback@bombaysamachar.com

# ઉનાળામાં શીતળતા બક્ષે ગુણકારી શેરડી

ઉનાળાની ઋતું આવે એટલે તેની સાથે ગરમીનો પારો આસમાને ચડે..! ને જીવમાત્રને શીતળતા જંખે ને પેટમાં ઠંડક આપવા ધરતીનું અમૃત (શેરડી)નો રસ એકાદ ગ્લાસ આદું, લીંબુ નાખી તેમાં થોડો બરફ હોય તો મોજ પડી જાયને...!? અત્યારે ગુજરાતમાં ચૂંટણીની ગરમીને ઉનાળાની ગરમી ભેગી થઈ છે....! તેમાંય વાદ વિવાદે તો વાત મુકી દીધી છે. ખેર એ વાત જવાદો આપણે ઉનાળો આવે એટલે શેરડીના રસના ચિચોડા બજારોમાં જોવા મળે તો સોરઠની શાન કેશર કેરીઓ ખાવાની મોજ આવે પણ આજે શેરડી વિશે વિગતે જાણકારી મેળવી છે.

શેરડીને હિન્દીમાં ગન્ના કહેવામાં આવે છે તે એક ઊંચું બહુ વર્ષાયુ તૃણ છે. અને તેનું માત્ર વાવેતર જ થાય છે. તેના સાંઠાઓ વિવિધ જાડાઈ ધરાવે છે. તેનો રંગ આછો કે ઘેરા લીલાથી શરૂ થઈને ઘેરો પીળો, લાલ, જાંબલી અને ઘણી વાર પટ્ટિત (STRIPED) હોય છે. સાંઠામાં રેસાનું પ્રમાણ ઓછું અને સુક્રોઝનું પ્રમાણ વધારે હોય છે પર્ણો સાદાં એકાંતરિક દ્વિપંક્તિક અદંડી, અનુપપર્ણીય, લાંબા સાંકડા કે પ્રમાણમાં પહોળા, ઉન્નત કે નિલંબિત હોય છે.તેમનો રંગ આછાથી માંડી ઘેરો લીલો અને કેટલીકવાર જાંબલી છાંટવાળો હોય છે આ શેરડીનો વધારે જાડો, ઊંચો, સુંદર અને રંગીન લીલોછમ સાંઠા ને યાન ધરાવતી હોવાથી તેને 'જાડી શેરડી' કે 'નોબલ શેરડી' કહે છે. તેની છાલ તુલનામાં પોચી હોય છે. તેનું પહેલા ખાંડના ઉત્પાદન માટે બધાજ ઉષ્ણકટિબંધીય દેશોમાં વાવેતર થતું હતું, જોકે તે શુષ્કતા સામે ટકી શકતી નથી ભારતની ઉપોષ્ણ આબોહવા (જ્યાં કેટલીક- વાર હિમ પડે છે.) તેમાં પણ તેને ઉગાડવામાં આવે છે.

દક્ષિણ પૅસિફિકના ટાપુઓ આ જાતિના વિભિન્ન વંશજોનું પ્રાકૃતિક ગૃહ છે. શેરડીના પ્રકારોને બહુરંગસૂત્રી સંકર ગણવામાં આવે છે. શેરડી (4 વનસ્પતિ હોવાથી તે તીવ્ર પ્રકાશમાં પણ પ્રકાશસંશ્લેષણની પ્રક્રિયા કરી શકે છે. વળી પ્રકાશસંશ્લેષણના દરપણ (3 વનસ્પતિઓ કરતાં ઝડપી હોવાથી અને અન્ય (4 વનસ્પતિઓ ઘણું વધારે ઉત્પાદન આપે છે. શેરડીના પાકને ગરમ ભેજવાળી આબોહવા માફક આવે છે. રોપણી વખતે 12°સે.થી ઓછુ તાપમાન થાય ત્યારે તેનો ઉગાવો (સ્ફુરણ) ઓછો જોવા મળે છે. અને ૩૩° સે.થી વધુ તાપમાને શેરડીની વૃદ્ધિ ઓછી થાય છે. સારી નિતારશક્તિ ધરાવતી મધ્યમ કાળી તેમજ ગોરાડુ અને ૭૫ થી ૧૫૦ સે.મી. ઊંડી જમીન માફક આવે છે. શેરડીની રોપણી ઓકટોબર, નવેમ્બર અને જાન્યુઆરી, ફેબ્રુઆરી માસમાં કરવામાં આવે છે. શેરડીની રોપણી જોડિયા હારમાં કરવામાં આવે છે બે જોડિયો ચાસ વચ્ચે ૬૦ થી ૧૨૦ સે.મીના અંતરે રોપવામાં આવે છે. શેરડીનો પાક લાંબા સમય સુધી જમીન ઉપર રહેતો હોવાથી વધારે ઉત્પાદન આપે છે. ભારતમાં શેરડીનો રોકડિયો પાક છે. ને શેરડી શરીર માટે ગુણકારી છે. પણ ડાયાબિટીશવાળાએ ધ્યાન રાખવું પડે. અનેકાનેક ગુણવાળી શેરડી છે.


ઔર યે મૌસમ હંસીં...


દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# ગુજરાતના ઈતિહાસમાં સુવર્ણકાળઃ મૈત્રકયુગ

**ગૌરવશાળી ગુજરાતના ઈતિહાસમાં ક્ષત્રપ- મૈત્રક અને સોલંકી એમ ત્રણ વંશનું મહત્ત્વનું યોગદાન છે . આજ ૧ મે- 'ગુજરાત સ્થાપના દિન ' અવસરે યાદ કરીએ યશસ્વી મૈત્રકયુગને...**









ગુજરાતનો ઇતિહાસ શોધવાની શરૂઆત કરો એટલે સૌપ્રથમ ભગવાન શ્રીકૃષ્ણને યાદ કરવા પડે. ભગવાનનું મથુરાથી દ્વારકા પધારવાની ક્ષણો એ ગુજરાતની સૌથી પાવન પળ હતી. ગુજરાતને યાદ કરવા બીજી ઘટના હોય તો સમ્રાટ અશોક અને એના જૂનાગઢ પર લખાયેલા શિલાલેખ છે. ઇશુ પૂર્વે ત્રીજી સદીમાં લખાયેલા શિલાલેખમાં પ્રાણીઓ પરત્વે દયાભાવથી માંડી માતા-પિતાની સેવા કરવા સુધીના જીવન માટે અગત્યના ચૌદ માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

ગ્રીક રાજા મિલિન્દ તથા એના વંશજોના શાસનની અસર જોવા મળી છે. ગુજરાતનો પહેલો સુવર્ણકાળ શક સામ્રાજ્ય થકી શરૂ થયો. ભારતીય પરંપરામાં ભળી ગયેલા આ મહાક્ષત્રપના ક્ષતરાત વંશમાં ભૂમક અને નહપાન જેવા શક્તિશાળી રાજાઓએ રાજ્ય કર્યું. પશ્ચિમી ક્ષત્રપ તરીકે જાણીતા બનેલા ચાષ્ટન અને તેના વારસદારોએ સામ્રાજ્યની હદ લગભગ અડધા ભારતમાં પહોંચાડી દીધી હતી. આ વંશમાં થયેલા રુદ્રદામનનો શિલાલેખ ગિરનાર પર જોવા મળે છે. શકોની સૌથી મોટી વિશેષતા એમના સમયના મળતા અવનવા સિક્કા છે. ત્રણસો કરતાં વધારે વર્ષ રાજ્ય કર્યા પછી શક પ્રજા ધીમે ધીમે ગુજરાતમાં ઓગળી ગઇ અને એક નવા સુવર્ણયુગનો પ્રારંભ થયો.

ગૌરવશાળી ગુજરાતના એ યુગના ઇતિહાસમાં ત્રણ વંશોનું મહત્ત્વનું યોગદાન છે : ક્ષત્રપ, મૈત્રક અને સોલંકી કાલ કહી શકાય. મગધની વાત કરતી વેળા ચર્ચા કરી હતી કે ગુપ્ત વંશના નામ પર અંતિમ બસ્સો વર્ષ શાસન ચાલ્યું. ગુપ્તવંશના કહેવાતા રાજવીઓએ પોતાની મર્યાદા સમજીને મગધ પ્રાંત પર જ અધિકાર રાખ્યો.

સ્વાભાવિક છે કે મુખ્ય રાજ્ય નબળું પડે એટલે બીજા શક્તિશાળી રાજ્ય ઉભા થાય. ઉત્તર પ્રદેશના કનોજમાં મૌખરીઓએ સામ્રાજ્ય બનાવ્યું. મૌખરીઓને સૌથી મોટી ચેલેન્જ વિદેશી હૂણોની હતી. મોટા ટોળામાં આવીને લૂંટફાટ કરતાં. હૂણોને હરાવીને મૌખરીઓએ છેક માળવા સુધી રાજ્યની સરહદો વિકસાવી. હૂણોની રાજધાની સિયાલકોટ એટલે કે શાકલમાં હતી. હૂણોના સરદાર મિહિરકૂળને મૌખરી ઇશાનવર્મને રોકી રાખ્યા.

આ દરમિયાન મધ્ય ભારતમાં એક પ્રતાપી રાજા યશોવર્મા થયો. ભગવાન શિવ સિવાય કોઇની પણ સામે નહીં નમવાનું પ્રણ ધરાવતા યશોવર્માનું શ્રેષ્ઠ યોગદાન હોય તો તે છે હૂણોનો કાયમી ધોરણે ત્રાસ દૂર કર્યો. ગુપ્તો નબળા પડ્યા એ અરસામાં એક ઓર શક્તિશાળી રાજ્ય બન્યું, મૈત્રકોનું વલભી રાજ્ય બન્યું. સંસ્કૃત શબ્દ વલભીનો અર્થ ઝરુંખો થાય અને બીજો અર્થ છત કે છાપરું થાય.

ભગવાન સૂર્ય એટલે મિહીરના અપભ્રંશ પરથી મૈત્રક નામ આવ્યું હોવાની માન્યતા છે. મૈત્રકોનું રાજ્યની સ્થાપના ભટ્ટાર્કે સૌરાષ્ટ્રના વલભીપુરમાં કરી. વર્ષ ૪૭૦થી વર્ષ ૭૮૯ સુધી મૈત્રકયુગ રહ્યા પછી ફરી સોલંકી યુગનો સુવર્ણયુગ આવ્યો. પાંચમી સદીમાં સેનાપતિ ભટ્ટાર્ક ગુપ્ત સામ્રાજ્યમાં સૌરાષ્ટ્રનો વહીવટદાર હતો. પોતાને સ્વતંત્ર રાજવી ઘોષિત કરવા છતાં ભટ્ટાર્ક અને તેના પછી બનેલા રાજાએ પોતાને સેનાપતિ તરીકે ઓળખાણ આપી હતી.

ભટ્ટાર્કના ચારેય પુત્રોએ રાજ્ય ભોગવ્યું હતું. ધ્રુવસેન પહેલાની પત્ની ચંદ્રલેખાના પ્રયત્નોથી જૈન ધર્મસભા થઈ હતી. જૈનમાં બે મુખ્ય પંથ શ્વેતાંબર અને દિગંબર આ સભાની દેન છે એવું માનવામાં આવે છે.

મૈત્રક વંશના છેક ત્રીજા રાજવી દ્રોણસિંહે પોતાને સ્વતંત્ર રાજા ઘોષિત કર્યો હતો. મૈત્રક રાજાઓ મહારાજા તરીકે સંબોધન કરાવતા. ધરસેન ચોથાએ તો ખાસ પદવી ધારણ પરમભટ્ટાર્ક મહારાજાધિરાજ પરમેશ્વર ચક્રવર્તીની કરી હતી. બોલો આમાં કશું ઘટે?

મૈત્રક કુળના શિલાદિત્ય દર વર્ષે મોક્ષમાર્ગ માટે ખાસ સભાનું આયોજન કરતો. મૈત્રક યુગમાં શિક્ષણ નગરી ગણાતા વલભીમાં ભણેલા છોકરાઓને કોઈ પણ રાજ્યમાં સારા હોદ્દા સાથે નોકરી મળતી હતી. મૈત્રક રાજવીઓએ સૌરાષ્ટ્રના દરિયાકિનારા પર વેપાર વિકસિત કરવા બંદરોનો વિકાસ કર્યો, હ્યુ એન સંગે વલભી રાજ્યની સમૃદ્ધિના ખૂબ વખાણ કર્યા હતાં. વલભીપુરને સમૃદ્ધ બનાવવામાં છેલ્લા રાજવી શિલાદિત્ય સાતમાનો મોટો ફાળો હતો પણ કમનસીબે આરબોએ આઠમી સદીમાં ખતમ કર્યો હોવાની ચર્ચા વિદ્વાનો વચ્ચે થતી હોય છે. અન્ય એક સંશોધન મુજબ જંગલી લૂંટફાટ કરતાં લોકોના હુમલામાં રાજ્ય ખતમ થયું હોવાની પણ માન્યતા છે.

શિલાદિત્ય ત્રીજાના સમયે ઘોઘા પર આરબોએ હુમલો કર્યો હતો, એ પછી વલભીના સમૃદ્ધ રાજ્ય પર નાના મોટા હુમલા થતા રહ્યા. મૈત્રક રાજ્ય સાથે વર્ધન વંશ પણ સત્તામાં આવ્યો, હર્ષવર્ધનની પુત્રી સાથે મૈત્રક મહારાજા ધ્રુવસેન બીજાએ લગ્ન કર્યું હતું.

હર્ષવર્ધનના પિતા પ્રભાકરવર્ધન જ્યારે નિધન પામ્યા, એમનો મોટો પુત્ર રાજ્યવર્ધન સત્તા પર આવ્યો. રાજ્યવર્ધનની બહેન રાજશ્રીના લગ્ન મૌખરી રાજા ગૃહવર્મા સાથે થયાં હતાં.

મગધ નબળું પડતાં બંગાળમાં શક્તિશાળી રાજા શશાંક આવ્યો, જેણે મૌખરી રાજા ગૃહવર્માને હરાવીને મારી નાખ્યો અને રાજશ્રીને જેલમાં પૂરી. રાજ્યવર્ધન બહેનને છોડાવવાની લડાઇમાં માર્યો ગયો. રાજ્ય સાચવવાની અને બહેનને છોડાવવાની જવાબદારી હર્ષવર્ધન પર આવી. સાથોસાથ હૂણોનો ત્રાસ વધ્યો હતો. બનેવી ગૃહવર્માનું રાજ્ય ચલાવવાની જવાબદારી પણ હર્ષવર્ધનની હતી. એક માણસ એ જમાનામાં કેટલું કરે? આમ છતાં તમામ પરિસ્થિતિ સામે સફળતાપૂર્વક હર્ષવર્ધને લડત આપી. બહેન રાજશ્રીને પરત લાવી. આખા ઉત્તર ભારત પર હર્ષવર્ધનની ધાક જમાવી, દક્ષિણના રાજાઓને પણ એમની સરહદમાં રાખ્યા.

હર્ષવર્ધનને યાદ એટલા માટે કરવો જોઈએ કે અનેક સમસ્યાઓ વચ્ચે રત્નાવલિ, નાગાનંદ અને પ્રિયદર્શિકા નાટક લખ્યા. નાગાનંદ નાટક ભજવીને પણ બતાવ્યું હતું. સાહિત્યપ્રેમી શૈવ વિચારધારા ધરાવતો પ્રતાપી હર્ષવર્ધનના સમયમાં બાણભટ્ટે કાદંબરી અને હર્ષચરિતની રચના કરી. હર્ષના સમયે ઇસ્લામની સ્થાપના થઈ.

આ બધા વંશોનો યુગ સાતમી સદી આવતા ખતમ થવા લાગ્યો, નાના નાના રાજ્ય ઉદય પામવા લાગ્યા. ફરી એકવાર મગધ મજબૂત થયું તો બીજા રાજ્યો સાથે લડાઇઓ થવા લાગી. કનોજ સામ્રાજ્ય મજબૂત બનતા મગધ ખતમ થયું. કનોજ શક્તિશાળી બનતા કાશ્મીરના લલિતાદિત્યએ કનોજના યશોવર્માને હરાવ્યો. જાણીતા ભવભૂતિ યશોવર્માના રાજ્યમાં હતાં.

લલિતાદિત્યએ કાશ્મીર રાજ્યની સરહદ છેક ગુજરાત સુધી લાવીને પશ્ચિમમાં આરબોને હરાવ્યા. તિબેટને પોતાના રાજ્યમાં જોડતાં વિશાળ સામ્રાજ્યની સ્થાપના કરી. લલિતાદિત્યના મૃત્યુ પછી ગુર્જર પ્રતિહારો અને બંગાળમાં પાલવંશ સત્તા પર આવ્યો.

બીજી તરફ ઇસ્લામની સ્થાપના થતા નજર વર્ષોથી વેપારી મિત્ર ભારત પર પડી અને એની શરૂઆત એટલે અગ્નિને ઇષ્ટ માનતી સૌમ્ય પ્રજા પારસીઓએ ઘરબાર છોડીને ભારત આવવું પડ્યું.

## ધ એન્ડ :

આચાર્ય યાસ્કની રચના નિરુક્ત પર પહેલી કે બીજી સદીમાં જંબુસરના દુર્ગાચાર્યએ ટીકાઓ લખી હતી. દુર્ગાચાર્યએ પોતાનું નામ જંબુમાર્ગાશ્રમવાસી તરીકે આપ્યું હતું.

## મુંબઈ સમાચાર ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી જૂન ૨૦૨૪ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધઃ** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૪ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૫ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# શેરબજારમાં છેલ્લી ઘડીની વેચવાલીએ સુધારો ધોવાયો, નિફ્ટીએ ૨૨,૭૮૩.૩૫ પોઇન્ટનું નવું ઇન્ટ્રા-ડે શિખર બનાવ્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શેરબજારમાં મંગળવારના સત્રના પાછલા ભાગમાં એકાએક પ્રોફિટ બુકિંગનો મારો શરૂ થતાં ઇક્વિટી બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટી તમામ પ્રારંભિક સુધારો ગુમાવીને નીચા સ્તરે ગબડ્યા હતા. વૈશ્વિક બજારોમાં મિશ્ર વલણ વચ્ચે ખાસ કરીને આઇટી અને પાવર શેરોમાં વેચવાલીનો મારો ચાલતા તેજીનો ખેલ બગડ્યો હતો. બે દિવસીની આગેકૂચને બ્રેક મારીને ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૧૮૮.૫૦ પોઈન્ટ અથવા ૦.૨૫ ટકા ઘટીને ૭૪,૪૮૨.૭૮ પોઇન્ટની સપાટી પર સેટલ થયો હતો. દિવસ દરમિયાન તે ૪૪૦.૧૧ પોઈન્ટ અથવા ૦.૫૮ ટકા વધીને ૭૫,૧૧૧.૩૯ પોઇન્ટ સુધી ઊંચે પહોંચ્યો હતો.

આ તરફ એનએસઇનો પચાસ શેરવાળો બેન્ચમાર્ક નિફ્ટી ૩૮.૫૫ પોઈન્ટ અથવા ૦.૧૭ ટકા ઘટીને ૨૨,૬૦૪.૮૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો. મોડી બપોરના કામકાજ દરમિયાન આ બેન્ચમાર્ક ૧૩૯.૯૫ પોઈન્ટ અથવા ૦.૬૧ ટકા વધીને ૨૨,૭૮૩.૩૫ પોઇન્ટની ઇન્ટ્રા-ડે સર્વકાલીન ટોચે પહોંચ્યો હતો. સેન્સેક્સ બાસ્કેટમાંથી, ટેક મહિન્દ્રા, ટાટા સ્ટીલ, જેએસડબ્લ્યુ સ્ટીલ, એચસીએલ ટેક્નોલોજીસ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, લાર્સન એન્ડ ટુબ્રો અને કોટક મહિન્દ્રા બેંક સૌથી વધુ ગબડનારા મુખ્ય શેરોમાં સામેલ હતા.

જાહેર ક્ષેત્રની કંપની આરઇસી લિમિટેડે વાર્ષિક ધોરણે અત્યાર સુધીનો સૌથી વધુ રૂ. ૧૪,૦૧૯ કરોડનો ચોખ્ખો નફો અને શેરદીઠ પાંચ રૂપિયાનું અંતિમ ડિવિડંડ જાહેર કર્યું છે. ચોથા ક્વાર્ટર માટે કંપનીએ રેવેન્યુ ૨૫ ટકા વધીને રૂ. ૧૦,૧૧૩ કરોડ, કુલ આવક રૂ. ૧૨,૬૪૩ કરોડ સામે ૨૫ ટકાના વધારા સાથે રૂ. ૧૦,૧૨૪ કરોડ રહી હતી. ચોખ્ખી વ્યાજ આવક રૂ. ૪,૪૦૭ કરોડ સામે ૨૯ ટકા વધીને રૂ. ૩,૪૦૯ કરોડ, જ્યારે ચોખ્ખો નફો રૂ. ૪,૦૧૬ કરોડ સામે ૩૪ ટકાના વધારા સાથે રૂ. ૩,૦૦૧ કરોડ નોંધાઇ હતી.

નેટવર્ક પીપલ સર્વિસીસ ટેક્નોલોજીસ લિમિટેડ (એનપીએસટી)એ ચોથા ત્રિમાસિક ઓડિટેડ પરિણામોમાં સ્ટેન્ડઅલોન ધોરણે ૧૦૮.૮૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૪૪.૭૧ કરોડની કુલ આવક, ૧૩૦.૯૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૫.૩૧ કરોડનું એબિટા, ૧૬૦.૯૦ ટકાનો રૂ. ૧૦.૦૨ કરોડનો ચોખ્ખો નફો, એબિટા માર્જિન ૩૪.૨૪ ટકા અને ૨૨.૪૧ ટકાનું નેટ પ્રોફિટ માર્જિન નોંધાવ્યું છે.

એવીજી લોજિસ્ટિક્સ લિમિટેડે એક પ્રખ્યાત ઇલેક્ટ્રિકલ એપ્લાયન્સ ઉત્પાદક પાસેથી નોંધપાત્ર કરાર હાંસલ કર્યો છે. આ ઐતિહાસિક કરાર હેઠળ, કંપની ત્રણ વર્ષના સમયગાળામાં સેવા આપવા માટે આશરે રૂ.૫૦ કરોડના કરાર મૂલ્ય સાથેના વોશિંગ મશીન, એર કંડિશનર, રેફ્રિજરેટર્સ, ડીશવોશર અને કોન્ટ્રાક્ટ મૂલ્ય સાથેના અન્ય ઘરગથ્થુ ઉપકરણો સહિત વિવિધ ઉપકરણોની સલામત, કાર્યક્ષમ રેલ ટ્રાન્સપોર્ટેશન વ્યવસ્થા કરશે.

ક્રિએટિવ વિઝ્યુઅલ ઇફેક્ટ્સ સ્ટુડિયો, ફેન્ટમ ડિજિટલ ઇફેક્ટ્સ લિમિટેડે પરિવર્તનશીલ પ્રોજેક્ટ્સની જાહેરાત કરી છે, જે કંપનીના વિસ્તરણના અનુસંધાનમાં સહાયક નિવડશે. કંપનીને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં પ્રોજેક્ટ્સ હાંસલ થયા છે. નવા પ્રોજેક્ટમાં સમગ્ર ભારત, યુનાઇટેડ સ્ટેટ્સ અને કેનેડામાં ગ્રાહકોની જરૂરિયાતોનો વ્યાપક અવકાશ સામેલ છે. પ્રોજેક્ટનો ભારતીય સેગમેન્ટ રૂપિયા ત્રણ કરોડનું અંદાજિત મૂલ્ય ધરાવે છે. આંતરરાષ્ટ્રીય ઘટક, જેનું મૂલ્ય આશરે રૂ. ૧૪ કરોડ છે.

બજારના નિષ્ણાત અનુસાર સકારાત્મક વૈશ્વિક સંકેતોને કારણે મંગળવારે સ્થાનિક બેન્ચમાર્ક શેરઆંક ઊંચા મથાળે ખુલ્યા હતા. મજબૂત લેવાલીના ટેકાને કારણે, નિફ્ટીએ ૨૨,૭૮૩.૩૫ની તાજી ઇન્ટ્રા-ડે ઓલ-ટાઇમ હાઈ નોંધાવી હતી. પરંતુ તેના પગલે નોંધપાત્ર પ્રમાણમાં પ્રોફિટ બુકિંગ શરૂ થયું હતું અને ઇન્ડેક્સ દિવસના નીચા સ્તરે ૨૨,૬૦૫ પોઇન્ટના સ્તર પર બંધ થયો હતો. વધુમાં, વોલેટિલિટી ઈન્ડેક્સ, ઈન્ડિયા વીઆઇએકસ, વ્યાજ દરો પર યુએસ ફેડરલ મીટિંગ પહેલા ૫.૧૯% વધ્યો. ટેકનિકલ દૃષ્ટિકોણથી, દૈનિક ધોરણે ઇન્ડેક્સે અગાઉના ઉચ્ચ સ્તરની નજીક બેરીશ કેન્ડલ બનાવી છે.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, પાવર ગ્રીડ, બજાજ ફાઈનાન્સ, ઈન્ડસઈન્ડ બેંક અને મારૂતિ સુઝુકીના શેરો મુખ્ય ઘટવનારા શેરોની યાદીમાં હતા. એશિયન બજારોમાં, સિઓલ, ટોક્યો અને હોંગકોંગ પોઝિટીવ ઝોનમાં સ્થિર થયા જ્યારે શાંઘાઈ નીચા સ્તરે ગબડ્યો હતો. યુરોપિયન બજારો ખૂલતા સત્રમાં મોટે ભાગે નીચામાં ટ્રેડ થઈ રહ્યા હોવાના અહેવાલ હતા. વોલ સ્ટ્રીટના બેન્ચમાર્ક ઇન્ડેક્સ સોમવારે પોઝિટીવ ટ્રેન્ડ સાથે આગળ વધ્યા હતા. વૈશ્વિક ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૨૧ ટકા વધીને ૮૮.૫૯ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે.

અમેરિકાની ફેડરલ રિઝર્વની પોલિસી મીટિંગ પહેલા વૈશ્વિક બજારો મિશ્ર રહ્યા હતા, કારણ કે બજારોએ પહેલાથી જ નજીકના ગાળાના રેટ કટની નજીવી તકને ધ્યાનમાં લીધી હોય તેવું લાગે છે. છેલ્લા બે દિવસમાં તીવ્ર તેજીને જોતાં રોકાણકારોએ નફો ગાંઠે બાંધવાનું પસંદ કર્યું હતું. બુધવારે મહારાષ્ટ્ર દિવસ નિમિત્તે સ્થાનિક ઈક્વિટી બજારો બંધ રહેશે. એક્સચેન્જ ડેટા અનુસાર ફોરેન ઇન્સ્ટિટ્યૂશનલ ઇન્વેસ્ટર્સ (એફઆઇઆઇ)એ સતત ઓફલોડિંગ પછી સોમવારે મામૂલી કે સાવ અલ્પ કહી શકાય એવી રૂ. ૧૬૯.૦૯ કરોડની ઇક્વિટી ખરીદી હતી. એ વાત નોંધવી રહી કે આ વર્ગે એપ્રિલ મહિનામાં રૂ. ૪૦,૦૦૦ કરોડથી વધુની વેચવાલી નોંધાવી છે.

# ડૉલર સામે રૂપિયામાં ત્રણ પૈસાનો સુધારો

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય સ્તરે આજે ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આરંભિક સુધારો ધોવાઈને અંતે બજાર ઘટાડાના અન્ડરટોને બંધ રહી હોવા છતાં ગઈકાલે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૬૯.૦૯ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના નિર્દેશો સાથે ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે ત્રણ પૈસાના સુધારા સાથે ૮૩.૪૨ની સપાટીએ બંધ રહ્યો હતો. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૩.૪૫ના બંધ સામે નરમાઈના ટોને ૮૩.૪૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૫૨ અને ઉપરમાં ૮૩.૪૧ની રેન્જમાં અથડાઈને અંતે સાધારણ ત્રણ પૈસાના સુધારા સાથે ૮૩.૪૨ના મથાળે બંધ રહ્યો હતો. સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ચંચળતાં અને આજથી શરૂ થઈ રહેલી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠકને ધ્યાનમાં લેતાં ટ્રેડરોએ અપનાવેલા સાવચેતીનાં અભિગમને કારણે રૂપિયો રેન્જ બાઉન્ડ રહ્યો હોવાનું એલકેપી સિક્યોરિટીઝનાં કૉમૉડિટી અને કરન્સી વિભાગનાં રિસર્ચ એનાલિસ્ટ જતીન ત્રિવેદીએ જણાવ્યું હતું.

# ખાંડમાં સાધારણ ઘટાડો

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તથા દેશાવરોની સ્મોલ ગ્રેડની ખાંડમાં માગ ખપપૂરતી રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૫૪૦થી ૩૫૯૦માં થયાના અહેવાલ હતા. આમ મથકો પરનાં નિરુત્સાહી અહેવાલ ઉપરાંત સ્થાનિકમાં અમુક માલની ગુણવત્તા સાધારણ નબળી આવી હોવાથી હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છનો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. આજે મથકો પરનાં નિરુત્સાહી અહેવાલ ઉપરાંત અમુક માલની ગુણવત્તા નબળી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છના ઘટાડા સાથે રૂ. ૩૬૭૬થી ૩૭૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૪૬થી ૩૮૪૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

# આરબીડી પામોલિન ₹ ૧૫ તૂટીને ₹ ૯૦૦ની અંદર

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૧૭ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ નિર્દેશ ઉપરાંત આજે આ અહેવાલ લખાઈ રહ્યો છે ત્યારે વાયદાના પ્રોજેક્શનમાં ૧૨૦ પૉઈન્ટનો ઘટાડો દર્શાવાઈ રહ્યા હતા. તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૧૭ રિંગિટનો કડાકો બોલાઈ ગયો હતો. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આયાતી તેલના ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું, જેમાં ખાસ કરીને આરબીડી પામોલિનના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ના ઘટાડા સાથે રૂ. ૯૦૦ની સપાટીની અંદર ઉતરી ગયા હતા. આ સિવાય આજે સોયા ડિગમ અને સન રિફાઈન્ડમાં રૂ. ૧૦નો અને સોયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. જોકે, તાજેતરનાં ભાવઘટાડાના માહોલ અને વધુ ભાવ ઘટે તેવા આશાવાદે આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપાર અત્યંત નિરસ રહ્યા હતા.

ફેડરલની બેઠક પૂર્વે વૈશ્વિક સોનામાં નરમાઈ

# સ્થાનિક સોનાએ ₹ ૬૬૩ના ઘટાડા સાથે ₹ ૭૨,૦૦૦ની સપાટી ગુમાવી, ચાંદીમાં ₹ ૧૦૭૮નો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વની આજથી શરૂ થઈ રહેલી બે દિવસીય નીતિવિષયક બેઠક પૂર્વે ફેડરલ રિઝર્વ લાંબા સમયગાળા સુધી ઊંચા વ્યાજદર જાળવી રાખે તેવી ભીતિ સપાટી પર આવતા લંડન ખાતે સત્રના આરંભે સોનાના હાજર અને વાયદાના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાથી સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં પીછેહઠ જોવા મળી હતી, જેમાં સોનાના ભાવે ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૬૦થી ૬૬૩ના ઘટાડા સાથે રૂ. ૭૨,૦૦૦ની સપાટી ગુમાવી હતી. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી સોનાની આયાત પડતરમાં ઘટાડો થવાને કારણે પણ ભાવ વધુ દબાણ હેઠળ આવ્યા હતા. જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૦૭૮ના ઘટાડા સાથે રૂ. ૮૧,૦૦૦ની અંદર ઉતરી ગયા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે .૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીના દબાણ ઉપરાંત ઘટતી બજારે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૦૭૮ ઘટીને રૂ. ૮૦,૦૫૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ભાવમાં પીછેહઠ જળવાઈ રહેતા ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૬૦ ઘટીને રૂ. ૭૧,૪૨૩ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૬૬૩ ઘટીને રૂ. ૭૧,૭૧૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્ટોકિસ્ટો, રોકાણકારો અને જ્વેલરી ઉત્પાદકોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો અને માત્ર રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ રહી હતી.

તાજેતરમાં મધ્યપૂર્વનાં દેશોમાં તણાવ હળવો થવાની સાથે વૈશ્વિક સોનામાં સલામતી માટેની માગ ઓસરી ગઈ છે અને પુનઃ અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં ક્યારથી કાપ મૂકવામાં આવશે તેની અવઢવ ઉપરાંત આજથી શરૂ થઈ રહેલી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે ફેડરલ દ્વારા લાંબા સમયગાળા સુધી તંગ નાણાનીતિ જાળવી રાખે તેવી ભીતિ સપાટી પર હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૯૫ ટકા ઘટીને ઔંસદીઠ ૨૩૧૨.૧૬ ડૉલર અને વાયદામાં ૧.૫૪ ટકા ઘટીને ૨૩૦૯.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૫૨ ટકા ઘટીને ઔંસદીઠ ૨૬.૬૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

તાજેતરમાં અમેરિકા ખાતે ફુગાવામાં થયેલા વધારા અને જીડીપીમાં જોવા મળેલા ઘટાડાને ધ્યાનમાં લેતાં અમેરિકી ફેડરલ રિઝર્વ લાંબા સમયગાળા સુધી તંગ નાણાનીતિ જાળવી રાખે અને આગામી સપ્ટેમ્બર મહિનાથી વ્યાજદરમાં કાપ મૂકવાની શરૂઆત કરે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**TENDER NOTICE**

Sealed Bids are invited from Reputed Builders/Developers for

**REDEVELOPMENT OF INDIAN AIRLINES GAGAN VIHAR CHSL**

Chakravarti Ashok CHSL Compound, off. Sahar Road, Andheri East, Mumbai - 400099. CTS No.159, 160, 161 & 166 of Village Sahar

**Plot Area as per PRC 2715.80 Sq.Mt.**
**Residential : 40 Members**
**Carpet Area Consumed : 2407.25 Sq.Mt.**
DP Road Width : 9.15 Mt.

**"SPACE FORM & ASSOCIATES"**

Tender documents are available at PMC's office,
4, Dhirendra Villa, S. V. Road, Daulat Nagar, Borivali (East), Mumbai - 400066.
**Architect - AR. A. Parulekar**
**Contact: 99676 19687, 87790 60125**
**Chairman - 98691 85237**
**Secretary - 82912 01999**

**Tender Cost : Rs. 15,000/-**

(Non-refundable) by Cash/DD/Pay-order in favour of **"Space Form & Associates"**

**Date of Issue 01/05/2024 to 18/05/2024**
Time: 12.00 PM to 05.30 PM
**Last Date of Submission : 01/06/2024**
**Tender Opening 02/06/2024**


સ્પોર્ટ્સ ન્યૂઝ

# રાહુલ, ગાયકવાડને કેમ વર્લ્ડ કપની ટીમમાં સ્થાન ન મળ્યું? રિન્કુ અને ગિલ કેમ રિઝર્વમાં?

નવી દિલ્હીઃ જૂનના ટી-૨૦ વર્લ્ડ કપ માટેની ભારતીય ટીમની જાહેરાત થઈ ગઈ છે. રોહિત શર્મા કૅપ્ટન અને હાર્દિક પંડ્યા વાઇસ-કૅપ્ટન છે. મોટા ભાગના ખેલાડીઓનો સમાવેશ ક્રિકેટચાહકોના ધાર્યા મુજબ થયો છે, પરંતુ ભારતીય ક્રિકેટમાં કેએલ રાહુલ વિશે ખૂબ ચર્ચા છે. રિન્કુ સિંહને રિઝર્વ પ્લેયર્સમાં સામેલ કરાયો છે, પણ મુખ્ય ટીમમાં તેની ગેરહાજરી ઘણાને ખૂંચી રહી હશે.

ચીફ સિલેક્ટર અજિત આગરકરની કમિટીએ આ ટીમ પસંદ કરી અને બીસીસીઆઇના સેક્રેટરી જય શાહ સાથેની આગરકરની મીટિંગ બાદ ટીમની જાહેરાત કરવામાં આવી.

કેએલ રાહુલ વિશે એવું મનાય છે કે તે ટી-૨૦ના બૅટર્સની જેમ ફટકાબાજી નથી કરી શક્તો. જોકે આઇપીએલની વર્તમાન સીઝનમાં તેણે અત્યાર સુધીમાં નવ મૅચમાં ૩૭૮ રન બનાવ્યા છે. ૧૪૪.૨૭ તેનો સ્ટ્રાઇક રેટ છે અને ૪૨.૦૦ તેની બૅટિંગ-ઍવરેજ છે. વિકેટકીપર તરીકે તેણે નવ કૅચ પકડ્યા છે અને બે સ્ટમ્પ-આઉટ કર્યા છે. રાહુલ ભારત વતી ટી-૨૦માં છેલ્લે ૨૦૨૨ના વર્લ્ડ કપમાં રમ્યો હતો. ત્યાર બાદ તે આ શૉર્ટેસ્ટ ફૉર્મેટમાં ભારત વતી નથી રમ્યો. તેણે ૭૨ ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં ૨,૨૬૫ રન બનાવ્યા છે અને ૧૩૯.૧૨ તેનો સ્ટ્રાઇક રેટ છે.

રિન્કુ સિંહ વર્લ્ડ કપ માટેના રિઝર્વ ખેલાડીઓમાં સામેલ છે, પણ મુખ્ય ટીમમાં ન હોવા માટેનું કારણ એ મનાય છે કે કોલકાતાની ટીમ વતી તેને બૅટિંગ કરવાનો બહુ મોકો નથી મળ્યો. તેને જો વધુ મૅચો રમવા મળી હોત તો તે વધુ રન કરીને વર્લ્ડ કપ માટેની મુખ્ય ટીમમાં આવી શક્યો હોત.

ચહલે નવ મૅચમાં ૧૩ વિકેટ લીધી છે અને તાજેતરમાં જ તે આઇપીએલના ઇતિહાસમાં ૨૦૦ વિકેટ લેનાર પહેલો બોલર બન્યો છે. આ કારણસર તેને ટીમ ઇન્ડિયામાં સ્થાન મળ્યું છે. જોકે ઋતુરાજ ગાયકવાડે આઇપીએલની ૯ મૅચમાં ૧૪૯.૪૯ના સ્ટ્રાઇક રેટ સાથે કુલ ૪૪૭ રન બનાવ્યા એમ છતાં તેને વર્લ્ડ કપની ટીમમાં સ્થાન નથી મળ્યું એનું કારણ એ છે કે ઓપનિંગમાં રોહિતનો સાથી બનવા માટેની રેસમાં નવયુવાન યશસ્વી મેદાન મારી ગયો છે. ગુજરાત ટાઇટન્સનું સુકાન સંભાળી રહેલો શુભમન ગિલ પણ વર્લ્ડ કપના રિઝર્વ્ડ પ્લેયર્સમાં છે. તેણે ૧૦ મૅચમાં ૩૨૦ રન બનાવ્યા છે અને ૧૪૦.૯૭ તેનો સ્ટ્રાઇક રેટ છે. જોકે ગઈ સીઝનમાં બનાવેલા હાઇએસ્ટ ૮૯૦ રનની તુલનામાં આ વખતે તે બૅટિંગમાં નબળો રહ્યો છે એટલે તેને વર્લ્ડ કપની ટીમમાં જગ્યા નથી અપાઈ. ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં તેનો રેકૉર્ડ (૧૪ મૅચમાં ૩૩૫ રન, ૧૪૭.૫૭નો સ્ટ્રાઇક રેટ) સારો હોવા બદલ તેને રિઝર્વ્ડ પ્લેયર્સમાં રખાયો છે.

# મુંબઈની ટીમમાં બે જૂથ પડી ગયાઃ ક્લાર્ક

નવી દિલ્હીઃ નાની-મોટી કોઈ પણ ટૂર્નામેન્ટ જીતવા માટે ટીમમાં એક્તા હોવી જરૂરી છે. બીજું, વ્યક્તિગત ધ્યેય સિદ્ધ કરવાના પ્રયત્ન પહેલાં ટીમવર્કથી ટીમને જિતાડવાનું સૌથી અગત્યનું હોય છે. ઑસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ કૅપ્ટન માઇકલ ક્લાર્કનું એવું કહેવું છે કે મુંબઈ ઇન્ડિયન્સના કૅમ્પમાં બે જૂથ પડી ગયા છે જેને કારણે એના ખેલાડીઓ એકજૂટ થઈને પર્ફોર્મ નથી કરી શકતા. આઇપીએલની ૧૭મી સીઝન શરૂ થઈ એ પહેલાં જ મુંબઈ ઇન્ડિયન્સની ટીમના કૅપ્ટનપદે રોહિત શર્માના સ્થાને હાર્દિક પંડ્યાને નિયુક્ત કરી દેવામાં આવ્યો હતો.

પીટીઆઇના અહેવાલ મુજબ માઇકલ ક્લાર્કે કહ્યું છે કે 'મને નથી લાગતું કે મુંબઈ ઇન્ડિયન્સ પ્લે-ઑફમાં પહોંચશે. આ ટીમ વિશે શરૂઆતથી ચર્ચાઓ જ થઈ છે. ટીમમાં આટલા બધા સારા ખેલાડીઓ હોય અને તેઓ આ રીતે સતત સારું ન રમે એ કેવી રીતે બની શકે? એના પરથી જ મને લાગે છે કે ટીમમાં બે જૂથ પડી ગયા છે. ટીમમાં કંઈક તો બની જ રહ્યું છે. બધાને એકમેક સાથે જામતું નથી લાગતું. મનમેળના અભાવે તેઓ ટીમ બનાવીને રમી નથી રહ્યા.'

# વઢેરા-ડેવિડ મુંબઈની વહારે

લખનઊઃ મુંબઈ ઇન્ડિયન્સે અહીં બૅટિંગ માટે આમંત્રણ મળ્યા પછી જોરદાર ધબડકો વાળ્યો હતો. ૨૦ ઓવરને અંતે ટીમનો સ્કોર સાત વિકેટે ૧૪૪ રન રહ્યો હતો. ૨૭ રનમાં મુંબઈએ ચાર વિકેટ ગુમાવી હતી, પણ પછીથી ઓપનર કિશન (૩૬ બૉલમાં ૩૨ રન) ૧૪મી ઓવર સુધી ક્રીઝમાં રહ્યો ત્યાર પછી નેહલ વઢેરા (૪૬ રન, ૪૧ બૉલ, બે સિક્સર, ચાર ફોર) તેમ જ ટિમ ડેવિડ (૩૫ અણનમ, ૧૮ બૉલ, એક સિક્સર, ત્રણ ફોર)ની જોડીને કારણે છેવટે ટીમને દોઢસો નજીકનો સ્કોર મળ્યો હતો.

# ભારતની ટી-૨૦ વર્લ્ડ કપ ટીમના ખેલાડીઓ આઇપીએલમાં કેવું રમ્યા?

ભારતની ટીમમાં ત્રણ ગુજરાતી અને અમદાવાદનો બુમરાહ પણ

નવી દિલ્હીઃ રોહિત શર્મા, જસપ્રીત બુમરાહ અને ટી-૨૦ના વર્લ્ડ નંબર-વન સૂર્યકુમાર યાદવને જૂનના ટી-૨૦ વર્લ્ડ કપ માટેની ટીમમાં આપોઆપ સિલેક્ટ કરી દેવામાં આવ્યા, પરંતુ બાકીના ખેલાડીઓને વર્તમાન આઇપીએલમાંના પર્ફોર્મન્સને આધારે પસંદ કરવામાં આવ્યા છે.

૧૫માંથી નવ ખેલાડી એવા છે જેઓ ૨૦૨૨માં ઑસ્ટ્રેલિયામાં રમાયેલા ટી-૨૦ વર્લ્ડ કપ માટેની ટીમમાં પણ હતા.

આ વખતની ટીમમાં ત્રણ ગુજરાતી ખેલાડીઓ (હાર્દિક, જાડેજા, અક્ષર) તેમ જ અમદાવાદમાં રહેતા બુમરાહનો સમાવેશ છે.

ટીમ ઇન્ડિયાના તમામ ૧૫ ખેલાડીઓનો (મંગળવારની મુંબઈ-લખનઊ મૅચ પહેલાંનો) આઇપીએલ-૨૦૨૪માં પર્ફોર્મન્સઃ

(૧) રોહિત શર્મા (મુંબઈ): ૯ મૅચમાં ૩૧૧ રન, ૧૬૦.૩૦નો સ્ટ્રાઇક રેટ, ૧૦૫ રન હાઇએસ્ટ

(૨) હાર્દિક પંડ્યા (મુંબઈ): ૯ મૅચમાં ૧૯૭ રન, ચાર વિકેટ

(૩) યશસ્વી જયસ્વાલ (રાજસ્થાન): નવ મૅચમાં ૨૪૯ રન, ૧૫૪.૬૫નો સ્ટ્રાઇક રેટ, ૧૦૪* હાઇએસ્ટ

(૪) વિરાટ કોહલી (બેન્ગલૂરુ): ૧૦ મૅચમાં ૫૦૦ રન, ૧૫૦.૦૦નો સ્ટ્રાઇક રેટ, ૧૧૩* હાઇએસ્ટ

(૫) સૂર્યકુમાર યાદવ (મુંબઈ): સાત મૅચમાં ૧૭૬ રન, ૧૭૦.૮૭નો સ્ટ્રાઇક રેટ, ૭૮ હાઇએસ્ટ

(૬) રિષભ પંત (દિલ્હી): ૧૧ મૅચમાં ૩૯૮ રન, ૧૫૮.૫૬નો સ્ટ્રાઇક રેટ, ૮૮* હાઇએસ્ટ

(૭) સંજુ સૅમસન (રાજસ્થાન): નવ મૅચમાં ૩૮૫ રન, ૧૬૧.૦૮નો સ્ટ્રાઇક રેટ, ૮૨* હાઇએસ્ટ

(૮) શિવમ દુબે (ચેન્નઈ): નવ મૅચમાં ૩૫૦ રન, ૧૭૨.૪૧નો સ્ટ્રાઇક રેટ, ૬૬* હાઇએસ્ટ

(૯) રવીન્દ્ર જાડેજા (ચેન્નઈ): નવ મૅચમાં ૧૫૭ રન અને ૨૩૪ રનના ખર્ચે પાંચ વિકેટ

(૧૦) અક્ષર પટેલ (દિલ્હી): ૧૧ મૅચમાં ૧૪૯ રન અને ૨૬૮ રનના ખર્ચે નવ વિકેટ

(૧૧) કુલદીપ યાદવ (દિલ્હી): નવ મૅચમાં ૨૬૨ રનના ખર્ચે ૧૨ વિકેટ અને ૩૬ રન

(૧૨) યુઝવેન્દ્ર ચહલ (રાજસ્થાન): નવ મૅચમાં ૩૦૬ રનના ખર્ચે ૧૩ વિકેટ

(૧૩) અર્શદીપ સિંહ (પંજાબ): નવ મૅચમાં ૩૦૨ રનના ખર્ચે ૧૨ વિકેટ

(૧૪) જસપ્રીત બુમરાહ (મુંબઈ): નવ મૅચમાં ૨૩૯ રનના ખર્ચે ૧૪ વિકેટ

(૧૫) મોહમ્મદ સિરાજ (બેન્ગલૂરુ): નવ મૅચમાં ૩૨૩ રનના ખર્ચે છ વિકેટ


**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**સુધારો 2**

ટેન્ડર નોટીસ નં. EL-TRD-2023-24-EPC-01 (ઓપન ટેન્ડર)
બંધ થવાની તારીખ : 16/05/2024 ના 15:00 કલાકે

ટેન્ડર નોટીસ નં. EL-TRD-2023-24-EPC-01 : કામનું નામઃ "EPC મોડ પર પશ્ચિમ રેલવેના મુંબઈ – રતલામ અને વડોદરા – અમદાવાદ સેક્શનોના 220/132/55 kV ટ્રેક્શન સબ-સ્ટેશન, સેક્શનીંગ પોસ્ટ (SPs) અને સબ-સેક્શનીંગ પોસ્ટ (SSPs) (2 x 25 kV સિસ્ટમ સ્કોટ કનેક્ટેડ ટ્રાન્સફોર્મર) ની ડિઝાઈન, આપૂર્તિ, નિર્માણ, પરિક્ષણ અને કમિશનીંગનું કામ.

IREPS વેબસાઈટ પર નવા દસ્તાવેજો સંલગ્ન કરેલ છે :

| અનું નં. | દસ્તાવેજની વિગત | ફાઈલ નામ |
|---|---|---|
| 1 | RDSO DRG TSS 1 | CABLETRENCHANDFOUNDATIONTSS.pdf |
| 2 | RDSO DRG TSS 2 | GADTSS.pdf |
| 3 | LOCATION PLAN 3 | GDATSS2X25KV.pdf |
| 4 | RDSO DRG SP 1 | CABLETRENCHANDFOUNDATIONOFSP.pdf |
| 5 | LOCATION PLAN 11 | BRCCSSP.pdf |
| 6 | LOCATION PLAN 4 | GERBSP. pdf |
| 7 | LOCATION PLAN 2 | BLTRD5SSP.pdf |
| 8 | LOCATION PLAN 5 | ITOLASSDrg.pdf |
| 9 | RDSO DRG SSP 1 | CABLETRENCHFOUNDATIONOFSSP.pdf |
| 10 | LOCATION PLAN 1 | 2X25BORDISSP.pdf |
| 11 | LOCATION PLAN 6 | MYGSSP2X25KV.pdf |
| 12 | LOCATION PLAN 9 | VTA-SP.pdf |
| 13 | LOCATION PLAN 8 | VSSSP2X25KV.pdf |
| 14 | LOCATION PLAN 7 | RNOSSP2X25KV.pdf |
| 15 | LOCATION PLAN 10 | BRCYDSSP.pdf |
| 16 | RDSO DRG SSP 2 | GADOFSSP.pdf |
| 17 | RDSO DRG SP 2 | GADOFSP.pdf |

BRC-023

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ twitter.com/WesternRly



**નોટીસ**

આથી ખબર આપવામાં આવે છે કે અમે તારીખ ૧૩મી ફેબ્રુઆરી ૨૦૨૧ના નોંધણી નં. MUM/WFN/HSG/(TC)/ ૯૭૧૨/૨૦૨૦-૨૧ હેઠળ મહારાષ્ટ્ર કો-ઓપરેટીવ સોસાયટીઝ એક્ટ, ૧૯૬૦ હેઠળ નોંધાયેલ એક સોસાયટી (''સોસાયટી''), EVOQ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લિમિટેડના સભ્યો શ્રી ભાવિન મુકુન્દ મહેતા અને શ્રીમતી મીરા ભાવિન મહેતા (''માલિકો'')ના ટાઈટલની તપાસ કરી રહ્યા છે, અને જેઓ સોસાયટીના શેર્સ (''શેર્સ'') ધરાવવા માટે હકદાર છે તેમ જ ન્યૂ કફ પરેડ, વડાલા ટ્રક ટર્મિનલ રોડ, મુંબઈ-૩૭ ખાતે પ્લોટ નં. બ્લોક-સી (C1-ઝોન) હોઈ ગામ સોલ્ટ પાન મુંબઈ શહેર જીલ્લાના કેડેસ્ટ્રલ સર્વે નં. ૦૮ ઉપર બંધાયેલ "EVOQ-B" તરીકે ઓળખાતી બિલ્ડિંગ (''બિલ્ડિંગ'')ના ૨૫મા માળ પર ફ્લેટ નં. B- ૨૫૦૧ ભરતમાં અંદાજે ૨,૬૫૦ ચો.ફૂટ કાર્પેટ એરિયા (''ફ્લેટ'') વત્તા ૨૪૨ ચો. ફૂટ કાર્પેટ એરિયાનો એક્સક્લુઝીવ પ્રાઈવેટ ગાર્ડનને વાપરવા, માણવા, ભોગવટો અને કબજો ધરાવવા માટે હક્કદાર છે તથા તેના માલિકો છે તથા બિલ્ડિંગમાં કાર પાર્કિંગ જગ્યા નં. B3-1083A, B3-1083B, B3-1087 અને B3-1088 (''કાર પાર્કસ'') વાપરવા અને ભોગવટો કરવા એક્સક્લુઝીવ હક્ક ધરાવે છે. ફ્લેટ અહીં નીચે લખેલ પરિશિષ્ટ-I માં વધુ વિગતવાર વર્ણવેલ છે. તમામ શખસો જે ફ્લેટ, શેર્સ, અને/કે કાર પાર્કસ કે તેના ભાગની બાબતમાં વેચાણ, અદલાબદલી, ગીરો, ચાર્જ, ભેટ, ટ્રસ્ટ, જાળવણી, વારસો, કબજો, લીઝ, ટેનાન્સી, લીયન, લાયસન્સ અથવા બેનીફીશીયલ હક્ક/ હિત કોઈપણ ટ્રસ્ટ હેઠળ, રાઈટ ઓફ પ્રીસ્ક્રીપ્શન કે પ્રી-એમ્પ્શન અથવા કોઈપણ કરાર હેઠળ અથવા અન્ય ડીસ્પોઝીશન અથવા કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઈપણ ડીક્રી, ઓર્ડર કે એવૉર્ડ હેઠળ અથવા ઓથોરિટી અથવા બીજી કોઈપણ રીતે કોઈપણ હક્ક, હિત, દાવો કે માંગણી ધરાવતા હોય કે દાવો કરતા હોય તો સદરની જાણ લેખિતમાં સંબંધિત સહાયક દસ્તાવેજોની નોટરાઈઝડ નકલ સાથે નીચે સહી કરનારને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડિંગ્સ N.G.N. વૈદ્ય માર્ગ, ફોર્ટ, મુંબઈ ૪૦૦૦૨૩ ખાતે તેમની ઓફિસના સરનામે આ છપાયાની તારીખથી ૧૪ કેલેન્ડર દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર, તમામ હક્ક ઈત્યાદિ સંપૂર્ણપણે અને હંમેશાં ત્યજી દીધેલ અને/કે છોડી દીધેલ તરીકે ગણાશે.

**પરિશિષ્ટ-I**

ન્યૂ કફ પરેડ, વડાલા ટ્રક ટર્મિનલ રોડ, મુંબઈ-૩૭ ખાતે પ્લોટ નં. બ્લોક-C (C1-ઝોન) પર ઊભેલ "EVOQ-B" તરીકે ઓળખાતી બિલ્ડિંગના ૨૫મા માળ પર તે તમામ ફ્લેટ નં.-બી-૨૫૦૧ ભરતમાં અંદાજે ૨,૬૫૦ ચો. ફૂટ કાર્પેટ એરિયાનો વત્તા ૨૪૨ ચો.ફૂટ કાર્પેટ એરિયાનો એક્સક્લુઝીવ પ્રાઈવેટ ગાર્ડન.

તારીખઃ ૧લી મે, ૨૦૨૪.
સ્થળઃ મુંબઈ

ક્રાફર્ડ બેયલી એન્ડ કું. માટે
સહી/-
સંજય આશર
પાર્ટનર

# લોકોની પ્રગતિ માટે ફક્ત મોદી પેટર્ન, અન્ય બધી પેટર્ન ભંગારઃ શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કોંગ્રેસે દેશમાં ભ્રષ્ટાચારની પેટર્ન ઊભી કરી હતી, પરંતુ છેલ્લા દસ વર્ષથી દેશમાં રાષ્ટ્ર સેવા, દેશભક્તિ અને પ્રગતિની મોદી પેટર્ન ચાલી રહી છે એમ જણાવતાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ વિપક્ષ પર નિશાન સાધતા જણાવ્યું હતું કે મોદી પેટર્ન વિકાસની પેટર્ન છે અને અન્ય તમામ પેટર્ન ભંગાર છે.

વિકાસની દિશામાં રાજ્યની ગતિ થઈ રહી હોવાનું જણાવતાં એકનાથ શિંદેનું છેલ્લા બે વર્ષનું કામ જોવામાં આવે તો અગાઉની ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની

(જુઓ પાનું ૪)

## શિંદે જૂથના રવિન્દ્ર વાયકર લડશે ઉત્તર-પશ્ચિમ મુંબઈની બેઠક પર

મુંબઈઃ મહાયુતિમાં પાંચ બેઠકો માટે મડાગાંઠ ચાલી રહી હતી અને તેમાંથી એક બેઠક ઉપર આખરે મહાયુતિ તરફથી ઉમેદવારની જાહેરાત કરવામાં આવી છે. ઉત્તર-પશ્ચિમ મુંબઈ બેઠક પરથી એકનાથ શિંદે જૂથની શિવસેના તરફથી આ બેઠક પરથી રવિન્દ્ર વાયકરને ઉમેદવારી આપવામાં આવી છે. રવિન્દ્ર વાયકરનો સામનો

(જુઓ પાનું ૪)

## દક્ષિણ મુંબઈ પર યામિની જાધવને ઉમેદવારી

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનાએ ઉત્તર-પશ્ચિમની બેઠકના ઉમેદવારની જાહેરાત કર્યા પછી વધુ એક બેઠક દક્ષિણ મુંબઈની બેઠક માટે ઉમેદવારની જાહેરાત કરી છે. દક્ષિણ મુંબઈ લોકસભાની સીટ ભાયખલા માટે યામિની યશવંત જાધવને ઉમેદવાર તરીકે જાહેરાત કરી છે. યામિની જાધવની ટક્કર હવે ઉદ્ધવ ઠાકરે જૂથના અરવિંદ

(જુઓ પાનું ૪)

# નાશિકમાં ઓવરટેકના પ્રયાસમાં એસટી બસ ટ્રક સાથે ટકરાતાં ચારનાં મોતઃ ૩૪ જખમી



નાશિકઃ મુંબઈ-આગ્રા નૅશનલ હાઈવે પર નાશિક પાસે મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કૉર્પોરેશન (એમએસઆરટીસી)ની બસને નડેલા ગમખ્વાર અકસ્માતમાં ચાર પ્રવાસીનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે ૩૪ જણ જખમી થયા હતા. ઓવરટેકના પ્રયાસમાં એસટીની બસ ટ્રક સાથે ટકરાઈ હતી, જેમાં બસના ડાબી તરફના ભાગનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

ચાંદવડ પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર કૈલાસ વાઘે જણાવ્યું હતું કે ઘટના મંગળવારની સવારે ૯.૪૫ વાગ્યાની આસપાસ ચાંદવડ શહેરના આહેર વસતિ નજીક રાઉડ ઘાટમાં બની હતી. અકસ્માતમાં જખમીઓને (જુઓ પાનું ૪)

## મરાઠીમાં પાટિયાં
# આજથી પ્રોપર્ટી ટૅક્સ જેટલો દંડ વસૂલાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મરાઠી દેવનાગરી લિપિમાં દુકાનોના નામ નહીં લખનારાઓ દુકાનદારો પાસેથી પહેલી મે, ૨૦૨૪થી પ્રોપર્ટી ટૅક્સ જેટલો જ દંડ વસૂલ કરવામાં આવવાનો છે. દુકાનો નામના બૉર્ડ મરાઠીમાં લખવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ મુદત પૂરી થઈ જતા બુધવાર, પહેલી મેથી, ૨૦૨૪થી બમણો પ્રોપર્ટી ટૅક્સ ભરવો પડવાને ડરે છેલ્લા ૧૫ દિવસમાં પાલિકા અને કોર્ટની સુનાવણીમાં ૬૨૫ લોકોએ પાટિયાના નામ બદલ્યા હતા. તો આવા લોકો પાસેથી અત્યાર સુધી ૫૦ લાખ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ મુંબઈ

(જુઓ પાનું ૪)

# મહારાષ્ટ્ર દિવસ નિમિત્તે આજે દાદર સહિતના વિસ્તારોમાં ટ્રાફિકમાં ફેરફાર

મુંબઈઃ પહેલી મેના મહારાષ્ટ્ર દિવસ નિમિત્તે દાદરના શિવાજી પાર્કમાં યોજાતી પરેડના પગલે દાદર અને આસપાસના વિસ્તારોમાં ટ્રાફિક વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યા છે. પરેડની સુવિધા માટે શિવાજી પાર્ક ગ્રાઉન્ડની આસપાસના તમામ રસ્તાઓ પરનો ટ્રાફિક સવારે ૬.૦૦ થી બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી ડાયવર્ટ કરવામાં આવ્યો છે. નાગરિકોને અસુવિધા ન થાય તે માટે ટ્રાફિક પોલીસ વિભાગની એડવાઈઝરીમાં નીચેના આદેશો જારી કરવામાં આવ્યા છે.

### ટ્રાફિક બંધ અને વન-વે રોડની ઍક્સેસ

- એન. સી. કેલકર માર્ગ અને એલ. જે. રોડ જંકશન (ગડકરી જંકશન) થી દક્ષિણ અને ઉત્તર જંકશન સુધીનો કેલુસ્કર માર્ગ તમામ પ્રકારના વાહનો માટે બંધ રહેશે.
- કેલુસ્કર માર્ગ દક્ષિણ, પૂર્વીય ટ્રાફિક માટે વન-વે માર્ગ રહેશે, અર્થાત સ્વતંત્રવીર સાવરકર માર્ગ તરફથી આવતા વાહનોને આ રસ્તા પર પ્રવેશ મળશે.
- મીનાતાઈ ઠાકરે સ્ટેચ્યુથી રાઈટ ટર્ન લીધા પછી કેલુસ્કર માર્ગ ઉત્તર આ પશ્ચિમ તરફના ટ્રાફિક માટે વન-વે લેન રહેશે.
- એસ. કે. બોલે રોડ આ સિદ્ધિવિનાયક મંદિર જંકશનથી પોર્ટુગીઝ ચર્ચ જંકશન સુધી વન-વે માર્ગ રહેશે.
- સ્વાતંત્રવીર સાવરકર માર્ગ આ સિદ્ધિવિનાયક જંકશનથી યસ બૅન્ક જંકશન સુધી ટ્રાફિક માટે બંધ રહેશે.
- સિદ્ધિવિનાયક જંકશનથી સ્વાતંત્રવીર સાવરકર થઈને, (જુઓ પાનું ૪)

# બેલાપુરમાં ચાકુથી હુમલો કરી યુવાનને ચાલતી ટ્રેનમાંથી નીચે ફેંક્યોઃ ચાર પ્રવાસી વિરુદ્ધ ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ટ્રેનના ડબ્બામાં ચઢવાનો ઇનકાર કર્યા પછી ચાર શખસે ચાકુથી હુમલો કરી યુવાનને ચાલતી ટ્રેનમાંથી નીચે ફેંકી દીધો હોવાની ઘટના નવી મુંબઈના બેલાપુર ખાતે બની હતી. આ ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા યુવાને એક હાથ ગુમાવવાનો વારો આવ્યો હોઈ પોલીસે ચાર જણ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વાશી રેલવે પોલીસના જણાવ્યા મુજબ ઘટના શુક્રવારની સાંજે છથી સાડાછ વાગ્યા દરમિયાન બેલાપુર રેલવે સ્ટેશન નજીક બની હતી. નવી મુંબઈના ઉલવે ખાતેની લોન્ડ્રીમાં કામ કરતા અને ત્યાં જ રહેતા રાજેન્દ્રકુમાર લાલજી દીવાકર (૩૨)ને સારવાર માટે મુંબઈની સાયન હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.પોલીસ ફરિયાદ અનુસાર રજા હોવાથી રાજેન્દ્ર પનવેલમાં રહેતા સગાને મળવા ગયો હતો. જોકે સગા સાથે મુલાકાત ન થતાં તે ફરી ઉલવે આવવા નીકળ્યો હતો. પનવેલથી ટ્રેનમાં બેસી સાંજે છ વાગ્યે તે બેલાપુર આવ્યો હતો. તે સમયે બેલાપુરથી ઉલવે જવા માટે ટ્રેન ન હોવાથી તેણે નેરુળ જઈને ત્યાંથી ટ્રેન પકડવાનું નક્કી કર્યું હતું.

નેરુળ જતી ટ્રેનના જનરલ ડબ્બામાં રાજેન્દ્ર ચઢવા ગયો ત્યારે ફૂટબોર્ડ પર ઊભેલા ચાર પ્રવાસીએ તેને રોક્યો હતો. એ ડબ્બામાં ન ચઢવાની ચેતવણી ચારેય જણે આપી હતી. જોકે ટ્રેન ચાલુ થઈ જતાં રાજેન્દ્ર જબરદસ્તી ડબ્બામાં પ્રવેશ્યો હતો. આ વાતથી રોષે ભરાયેલા ચારેય જણે તેની મારપીટ કરી હતી. એક પ્રવાસીએ ચાકુથી રાજેન્દ્રના ગાલ અને પીઠ પર ઘા કર્યા હતા. પછી 'આજ ઈસકો જિંદા રખને કા નહીં' કહીને ચારેય જણે તેને ટ્રેનમાંથી નીચે ફેંકી દીધો હતો. પાટા પર પટકાયેલા રાજેન્દ્ર પર રેલવેના કર્મચારીની નજર પડતાં પોલીસને જાણ કરાઈ હતી. પહેલાં વાશીની મનપા હૉસ્પિટલ અને પછી મુંબઈની સાયન હૉસ્પિટલના ઈ વૉર્ડમાં તેને સારવાર માટે દાખલ કરાયો હતો. રાજેન્દ્રએ જમણો હાથ ગુમાવવાનો વારો આવ્યો હોવાનું કહેવાય છે.

પ્રાથમિક સારવાર પછી પોલીસે તેનું નિવેદન નોંધી ગુનો દાખલ કર્યો હતો.

# ચોમાસામાં ૨૨ દિવસ મુંબઈ જળબંબાકાર થવાની શક્યતા

## ભરતી દરમિયાન ૪.૫ મીટર કરતા વધુ ઊંચાં મોજાં ઉછળશે, સૌથી મોટી ભરતી ૨૦ સપ્ટેમ્બરના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આ વર્ષે ચોમાસામાં ૨૨ દિવસ દરિયામાં ભરતી દરમિયાન મોજા સાડા ચાર મીટર કરતા પણ વધુ ઊંચા ઉછળશે, તેમાં પણ ૨૦ સપ્ટેમ્બરના દરિયામાં મોટી ભરતી હશે એ દરમિયાન મોજા ૪.૮૪ મીટર ઊંચા ઉછળશે. આ દિવસો દરમિયાન જો ભારે વરસાદ પડ્યો તો મુંબઈ જળબંબાકાર થવાની ભારોભાર શક્યતા છે.

આ વર્ષે જૂન ૨૦૨૪થી સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન ચોમાસામાં દરિયામાં મોટી ભરતી દરમિયાન સાડા ચાર મીટર કરતા પણ વધુ ઊંચા મોજા ઉછળશે, તેમાંથી સાત દિવસ જૂન મહિનામાં, ચાર દિવસ જુલાઈ મહિનામાં, પાંચ દિવસ ઑગસ્ટમાં અને છ દિવસ સપ્ટેમ્બરના છે. તેમાંથી સૌથી મોટી ભરતી ૨૦ સપ્ટેમ્બરના મધરાત બાદ એક વાગીને ૦૩ મિનિટે ચાલુ થશે અને દરિયામાં મોજા ૪.૮૪ મીટર જેટલા ઊંચા ઉછળશે.

પાલિકાના કહેવા મુજબ ૪.૫ મીટરથી ઉપર ભરતીને મોટી ભરતી ગણવામાં આવે છે અને ચોમાસા દરમિયાન મોટી ભરતી હોય અને મોજા ૪.૫ મીટરથી ઊંચા ઉછળે તો તે ચિંતાનું કારણ બને છે, કારણે તેને કારણે શહેરમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતા હોય છે.

ચોમાસામાં વરસાદી પાણી દરિયામાં ઠલવાતું હોય છે. પરંતુ ભરતી વખતે દરિયાના પાણીને શહેરમાં પ્રવેશતા રોકવા માટે ફ્લડગેટ બંધ રાખવામાં આવતા હોય છે. પરિણામે વરસાદી પાણીનો નિકાલ એ દરમિયાન કરી શકાતો નથી. જોકે મુંબઈની ભૌગોલિક પરિસ્થિતિ એવી છે કે મધ્યમ વરસાદ હોય તો અને સાથે જ દરિયામાં ભરતી પણ હોય તો નીચાણવાળા વિસ્તારમાં વરસાદના પાણી ભરાઈ જતા હોય છે.

ખાસ કરીને ભારે વરસાદ દરમિયાન જો દરિયામાં મોટી ભરતી હોય અને કલાકના ૫૦ મિલિમીટર કરતા વધુ વરસાદ પડે તો વરસાદના પાણીની સાથે જ ભરતીને કારણે દરિયાના પાણી પણ મુંબઈના રસ્તા પર આવી જતા હોય છે અને મુંબઈ જળબંબાકાર થવાની શક્યતા વધી જતી હોય છે.

મુંબઈગરા હજી પણ ૨૬ જુલાઈ, ૨૦૦૫ની ભયાનક યાદોને હજી ભૂલી શક્યા નહીં હોય જ્યારે દરિયામાં ૪.૪૮ મીટરની ભરતી સાથે જ ૯૪૪ મિ.મી. જેટલો વરસાદ પડ્યો હતો અને તેને કારણે આખું મુંબઈ પાણીમાં ડૂબી ગયું હતું અને ૪૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

(જુઓ પાનું ૪)

# ક્યાં સુધી લોકોએ જીવ ગુમાવવા પડશે ?

## કચ્છી યુવતીનું સોમવારે ટ્રેનમાંથી પડી જતા કરુણ મોત

## ડોંબિવલીના પ્રવાસીઓમાં અસંતોષ

## મધ્ય રેલવેને તાકીદે નિર્ણય લેવાની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ડોંબિવલીમાં રહેતી કચ્છી સમાજની ૨૬ વર્ષની યુવતી રિયા સામજી મોતાનું સોમવારે દિવા-કોપર સ્ટેશન વચ્ચે ટ્રેનમાંથી પડી ગયા બાદ કરુણ મૃત્યુ થયું હતું. ડોંબિવલીમાં સવારે હંમેશા પીક અવર્સમાં ગંભીર ભીડ જોવા મળતી હોય છે અને આવી ભીડને કારણે જ રિયા મોતાનું મૃત્યુ થયું હતું. રિયાએ ભીડને કારણે દરવાજા પર ઊભા રહીને હેન્ડલ પકડી રાખ્યું હતું, પરંતુ ભીડને કારણે હેન્ડલ પરથી પકડ ગુમાવી હતી. આ ઘટના બાદ ડોંબિવલીના પ્રવાસીઓમાં રોષ ભભૂકી ઊઠ્યો છે. ટ્રેનોની ભીડને કારણે અકસ્માતની સંખ્યામાં વધારો થઇ રહ્યો

(જુઓ પાનું ૪)

### મોટા ભાગની ટ્રેનો એસી કરી દેવી જોઇએ

-અતુલભાઇ ધરમશી



ડોંબિવલી સ્ટેશન પર પીક અવર્સમાં ટ્રેન પકડવી પ્રવાસીઓ માટે ખૂબ મુશ્કેલ હોય છે. એ સમયે સેકન્ડ ક્લાસ કોચ તથા ફર્સ્ટ ક્લાસ કોચમાં પણ ઘણી ગિરદી હોય છે. એ જ હાલ એસી લોકલમાં છે. ભીડને કારણે સોમવારે સવારે રિયા મોતાએ જીવ ગુમાવ્યો. આવા કિસ્સા રોકવા માટે મોટા ભાગની ટ્રેનને એસી કરી દેવી જોઇએ. એસી લોકલ સ્ટેશન પરથી ઊપડે એ પહેલાં તેના દરવાજા બંધ થઇ જતા હોવાથી પ્રવાસીઓ ટ્રેનમાંથી પડી જવાના કિસ્સા ન બને. રેલવે દ્વારા એસી ટ્રેનની ટિકિટના

(જુઓ પાનું ૪)

### ડોંબિવલીથી લોકલ ટ્રેનની ફ્રિકવન્સી વધારો

- સની બિબોડી



ડોંબિવલીમાં જે અકસ્માત સોમવારે બન્યો એવું અવારનવાર બને છે. વધતા અકસ્માતોના નિયંત્રણ માટે પીક અવર્સમાં જ ડોંબિવલીથી વધુ લોકલ ટ્રેનની સર્વિસ વધારવી જોઈએ. સૌથી વધુ મોર્નિંગ પીક અવર્સમાં તકલીફ પડે છે, જેમાં સ્લો ટ્રેન ઉપલબ્ધ હોય છે. મોર્નિંગમાં

(જુઓ પાનું ૪)

### રેલવેએ કોઈ પણ ભોગે ઉકેલ લાવવો જોઈએ

- બિરેન કેનિયા



મધ્ય રેલવેના ગીચ સ્ટેશન (પ્રવાસીઓની)માં ડોંબિવલી છે, જ્યાંથી પીક અવર્સ જ નહીં નોન-પીક અવર્સમાં લોકો વિશેષ ટ્રાવેલ કરે છે. એસી લોકલના પ્રવાસીઓની સંખ્યા વધારે છે, પરંતુ (જુઓ પાનું ૪)

### મેલ-એક્સપ્રેસ પસાર થયા બાદ ભીડ વધી જાય છે

-જિજ્ઞા ખત્રી



ડોંબિવલી સ્ટેશન પર સવારના સમયે મેલ-એક્સપ્રેસ અને એસી લોકલ પસાર થયા બાદ ભીડ ત્રણ ગણી વધી જાય (જુઓ પાનું ૪)

### ભીડ ઓછી કરવા ટ્રેનોની ફ્રિકવન્સી વધારવી જોઇએ

-જિનેશ દેઢિયા



મધ્ય રેલવેમાં ટ્રેનોની ફ્રિકવન્સી વધારવી જોઇએ અને દરેક ટ્રેનને પંદર ડબાની કરી દેવી જોઇએ, જેને કારણે ભીડ ઓછી થાય અને પ્રવાસીઓ આસાનીથી ટ્રેનમાં ચડી શકે. સવારે ટ્રેન મોડી પડે તો ભીડ વધી જાય છે અને ઘણા લોકો ટ્રેન પકડી શકતા નથી. આથી પીક અવર્સમાં ટ્રેનો વધારવી જોઇએ. પીક અવર્સમાં સેકન્ડ ક્લાસ કોચમાં ન પ્રવેશાય ત્યારે લોકો ફર્સ્ટ ક્લાસ કોચમાં ચડી જાય છે,

(જુઓ પાનું ૪)

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"




(ROC-D27)

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.